Saturday 17, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## આજે વાપીના ૩ ઓવરબ્રીજોનું લોકાર્પણ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીવાસીઓ માટે આતુરતાથી રાહ જોવાતી ક્ષણ આખરે આવી ગઈ છે. વાપીના પૂર્વ-પશ્ચિમને જોડતા અત્યંત મહત્વના ત્રણ ઓવરબ્રિજ - મોરાઈ, સલવાવ ઓવરબ્રિજ અને બગવાડા રેલવે ઓવર બ્રિજનું શનિવારે લોકાર્પણ કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપીના જીયુડીસી હેઠળ રેલ્વે ક્રોસિંગ નંબર ૮૨ ઉપર રૂ. ૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા મોરાઈ બ્રિજ તેમજ સલવાવ અને બગવાડા ઓવર બ્રિજનું આજે શનિવારે રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈ હસ્તે સાજે ૩ કલાકે લોકાર્પણ કરવામાં આવશે.આ ત્રણેય બ્રિજ શરૂ થતા જ દમણ, બગવાડા અને વાપી ઈન્ડસ્ટ્રીઝ તરફનો હજારો વાહનોનો ટ્રાફિક સિગ્નલ ફ્રી બનશે. પ્રાપ્ત માહિતી મુજબ, આવતીકાલે આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના અધિકારીઓ, ચૂંટાયેલા કોર્પોરેટરો સહિત અનેક મહાનુભાવો અને અધિકારીઓ પણ હાજર રહેશે.










## વાપી ટાઉનમાં સરકારી જમીનો પરના દબાણો દુર કરાયા

### પોલીસ બંદોબસ્ત સાથે દુકાનો અને રહેણાંક બાંધકામો જેસીબીથી દુર કરાતાં લોકોમાં દોડધામ, ચકચાર મચી હતી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીના જુના રેલવે અંડરબ્રિજ પાસે આવેલ પેટ્રોલ પંપની બાજુમાં સરકારી જમીન પર કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામો સામે આજે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વાપી મામલતદારની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ બંદોબસ્ત વચ્ચે દુકાનો અને રહેણાંક બાંધકામો જેસીબી મશીનની મદદથી દૂર કરવામાં આવતાં દુકાનદારો તેમજ ત્યાં રહેતા લોકોમાં ભારે દોડધામ મચી હતી. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ચકચાર ફેલાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાપીની ગીતાનગર પોલીસ ચોકીથી જૂના રેલવે અંડરબ્રિજ સુધીના માર્ગ પર આવેલા પેટ્રોલ પંપની આગળ રસ્તાની બાજુમાં આવેલી સરકારી ખરાબાની જમીન પર છેલ્લા ઘણા વર્ષોથી કેટલાક લોકોએ ગેરકાયદે બાંધકામો કરી લીધાં હતાં. આ સ્થળે દુકાનો ઉપરાંત રહેણાંક મકાનો પણ બનાવીને કેટલાક લોકો રહેતા હતા. આ બાંધકામોને કારણે માર્ગ પર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાની સાથે જમીન સરકારી માલિકીની હોવાનું પણ ધ્યાને આવ્યું હતું.

આ મામલે થોડા દિવસ અગાઉ વાપી મામલતદાર દ્વારા સંબંધિત લોકોને નોટિસ પાઠવી ગેરકાયદે બાંધકામો સ્વેચ્છાએ દૂર કરી દેવા સૂચના આપવામાં આવી હતી. જોકે, નોટિસ બાદ પણ બાંધકામો દૂર કરવામાં નહીં આવતાં આજે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં વાપી મામલતદાર વાપી ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર તથા મોટી સંખ્યામાં પોલીસકર્મીઓના કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. ત્યારબાદ ગેરકાયદે બાંધકામોમાં આપવામાં આવેલા વીજળી અને પાણીનાં જોડાણો કાપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ જેસીબી મશીનની મદદથી દુકાનો અને રહેણાંક બાંધકામો તોડી પાડવામાં આવ્યાં હતાં.

કાર્યવાહી દરમિયાન મકાનો અને દુકાનોમાં રહેલો ઘરવખરીનો સામાન તથા અન્ય વસ્તુઓ બહાર કાઢીને રસ્તાની બાજુમાં મૂકવામાં આવતી જોવા મળી હતી. અચાનક શરૂ થયેલી આ કાર્યવાહીને પગલે સ્થળ પર દોડધામનો માહોલ સર્જાયો હતો. સરકારી જમીન પરથી ગેરકાયદે બાંધકામો દૂર કરવાની આ કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા જાગી હતી.




## ટીંભી ગ્રા.પં.ના ઠરાવને રદ કરવા માંગ

### ૫ સપ્ટેમ્બરના ઠરાવ સામે સરપંચ અને સભ્યોનો વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ઉમરગામ તાલુકાની ટીંભી ગ્રામ પંચાયતમાં સામાન્યસભાના ઠરાવને લઈને વિવાદ સર્જાયો છે. તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભાના ઠરાવ નં. ૦૩/૦૧માં ચર્ચા-વિચારણા કર્યા વિના અને સરપંચ તથા સભ્યોને વિશ્વાસમાં લીધા વગર ઠરાવ નોંધવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે સરપંચ અને તમામ સભ્યોએ વિરોધ નોંધાવી ઠરાવ રદ કરવાની માંગ કરી હતી. ત્યારબાદ તા. ૧૩ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભામાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. રજૂઆત મુજબ, આ સભામાં ઠરાવ નં. ૦૪ દ્વારા અગાઉનો ઠરાવ રદ કરવામાં આવ્યો છે.

આથી, તા. ૫ સપ્ટેમ્બરના ઠરાવને સત્તાવાર રીતે રદ કરી, જિલ્લા વિકાસ અધિકારી તેમજ તાલુકા વિકાસ અધિકારીને તેની જાણ કરવા માટે સક્ષમ કચેરી સમક્ષ લેખિત રજૂઆત ટેમ્ભી ગ્રામ પંચાયત સરપંચ તથા ઉપસરપંચ દ્વારા કરવામાં આવી છે.




## છીરીમાં પોલીસની ટ્રાફિક ડ્રાઈવમાં અનેક વાહન ચાલકો દંડ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** નવરાત્રી પર્વ નિમિત્તે વાપી પંથકમાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા અને અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા ડુંગરા પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું છે.

ડુંગરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા છીરી વિસ્તારમાં પોલીસે ખાસ ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. આ ડ્રાઈવ દરમિયાન લાયસન્સ વગરના, યોગ્ય નંબર પ્લેટ ન ધરાવતા, કારના કાચ પર બ્લેક ફિલ્મ લગાવેલા તેમજ રોંગ સાઈડમાં જોખમી રીતે ડ્રાઈવિંગ કરતા ચાલકોને આંતરી કાયદેસરનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

ગંભીર નિયમભંગ બદલ અનેક વાહનો સ્થળ પરથી ડિટેઈન પણ કરવામાં આવ્યા હતા. તહેવારો દરમિયાન સામાન્ય જનતા અને ખેલૈયાઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી આવી કડક કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે તેમ પોલીસે જણાવ્યું હતું.

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

દમણગંગા ટાઇમ્સ

DAMANGANGA TIMES


## વાંસદા કોલેજમાં નવરાત્રી ગરબા મહોત્સવ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૧૬ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદા ખાતે તા.૧૬/૧૦/૨૦૨૬, શુક્રવારના રોજ કૉલેજના આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ કૉલેજની IQAC કમિટી, સાંસ્કૃતિક સમિતિ તથા સપ્તધારા અંતર્ગત ગીત-સંગીત અને નૃત્યધારાના સંયુક્ત ઉપક્રમે નવરાત્રી-ગરબા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યે ગૌરવની ભાવના કેળવવી, સાંસ્કૃતિક વિરાસતનું જતન અને સંવર્ધન કરવું તથા સામૂહિક એકતા અને સામાજિક સમરસતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો. નવરાત્રી એ મા આદ્યશક્તિની આરાધના, ભક્તિ અને શ્રદ્ધાનું પવિત્ર પર્વ છે. આ પર્વ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાઓને જીવંત રાખવાની સાથે ધાર્મિક આસ્થા, સાંસ્કૃતિક ઓળખ અને સામૂહિક ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

ગરબા એ માત્ર નૃત્યની અભિવ્યક્તિ નથી, પરંતુ તે ભક્તિ, શ્રદ્ધા, પરંપરા અને એકતાનું -તીક છે. ગરબાના તાલે એકસાથે જોડાઈને ઉજવાતો આ ઉત્સવ વિદ્યાર્થીઓમાં પરસ્પર સહકાર, ભાઈચારો, શિસ્ત અને હકારાત્મક અભિગમ કેળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને સમજવાની અને તેને જીવનમાં ઉતારવાની પ્રેરણા મળે છે. આ રીતે, કૉલેજ ખાતે આયોજિત નવરાત્રી-ગરબા મહોત્સવક્ષ્માં કોલેજનો સ્ટાફગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ગરબાની રમઝટ માણી હતી.

## ગણદેવીમાં હિન્દુ લાયન્સ સંગઠન દ્વારા મહાઆરતી યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૬ :** હિન્દુ લાયન્સ સંગઠન દ્વારા નવરાત્રી મહોત્સવ નિમિત્તે ગુરુવારે ભક્તિભાવપૂર્વક મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ખાસ ઉપસ્થિતિ નોંધાવી હતી. કાર્યક્રમમાં ગણદેવી તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ ભાવિન પટેલ, મંત્રી ચંદ્રકાંત સોલંકી સહિત સંઘના હોદ્દેદારો અને સભ્યોએ પણ હાજરી આપી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ શાસ્ત્રોક્ત વિધિથી મા મહાકાળીની પૂજા-અર્ચના કરી સમગ્ર પંથકની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના



કરી હતી.

નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ, ઉપપ્રમુખ અશોક ગજેરા, મહામંત્રીઓ જીગર દેસાઈ અને શાંતિલાલ પટેલ,વિજય પટેલ,પાલિકા પ્રમુખ મનીષ પટેલ,સંકેત શાહ, શહેર ભાજપ પ્રમુખ નીરવ ટેલર તેમજ શીતલ સોની સહિત ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિથી રાસ-ગરબે ઘૂમતા ખેલૈયાઓમાં પણ અનેરો ઉત્સાહ અને જોમ જોવા મળ્યું હતું. મહાઆરતી વેળાએ સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને જય મહાકાલી તેમજ જય ભારતના ગગનભેદી નારાઓથી સમગ્ર પરિસર ગૂંજી ઊઠ્યું હતું.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૬-૧૦-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** આસો સુદ, છઠ, **સૂર્યોદય :** ૦૬ : ૪૦ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૯, **ચંદ્રોદય** - ૧૧:૩૭ **ચંદ્રાસ્ત** - ૧૦:૧૫ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** ચંદ્ર તમારી રાશિથી અગિયારમા (લાભ) ભાવમાં ગોચર કરશે, જે ધનની પ્રાપ્તિ કરાવશે.
**વૃષભ (બ, વ, ઉ) :** દિવસના પૂર્વાધમાં સ્વાસ્થ્ય અને વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.
**મિથુન (ક, ઘ, ચ) :** વ્યવસાય અને કરિયરમાં પ્રગતિની નવી તકો મળશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે અને અટકેલા આર્થિક કામો પૂરા થવાથી મન પ્રસન્ન રહેશે.
**કર્ક (ડ, હ) :** વાણી પર સંયમ રાખવો જરૂરી છે, નહીં તો પરિવારના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.
**સિંહ (મ, ટ) :** ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી માનસિક ભાવોમાં ઉતાર-ચઢાવ રહેશે. રાત્રે ચંદ્ર બીજા ભાવમાં જતા આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે.
**કન્યા (પ, ઠ, ણ) :** દિવસના ભાગમાં માનસિક તણાવ કે ખર્ચ વધી શકે છે. કાર્યસ્થળ પર રાજનીતિથી દૂર રહેવું.
**તુલા (ર, ત) :** આવકના નવા સ્ત્રોતો ઊભા થશે અને અટકેલા નાણાં પરત મળી શકે છે. સાંજ પછી નાણાકીય ખર્ચ પર થોડો કાબૂ રાખવો જરૂરી બનશે.
**વૃશ્ચિક (ન, ય) :** દિવસની શરૂઆતમાં માનસિક ચિંતા રહી શકે છે, પરંતુ સાંજ પછી સ્થિતિ સુધરશે. નોકરીમાં તમારી મહેનતની પ્રશંસા થશે.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** નસીબનો ભરપૂર સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વ્યવસાયિક બાબતોમાં લીધેલા નિર્ણયો ફાયદાકારક સાબિત થશે.
**મકર (ખ, જ) :** રાત્રે ચંદ્ર તમારી રાશિથી પાંચમા ભાવમાં જશે, જે આર્થિક દૃષ્ટિએ ખૂબ જ શુભ સાબિત થશે. રોકાણ કરેલા નાણાંથી મોટો લાભ મળી શકે છે.
**કુંભ (ગ, સ, શ, ષ) :** ભાગીદારીના કામમાં સારો લાભ મળી શકે છે. જીવનસાથી સાથેનો તાલમેલ ઉત્તમ રહેશે.
**મીન (દ, ચ, થ, ઝ) :** શત્રુ પક્ષ સક્રિય થઈ શકે છે, તેથી કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો. ગુસ્સા અને ઉતાવળિયા નિર્ણયો લેવાથી બચવું.

## ચીખલીની સ્વામિનારાયણ નર્સિંગ કોલેજમાં નવરાત્રિ મહોત્સવ ઉજવણીકરાઈ



**ચીખલી તા ૧૬ :** ચીખલીમાં આવેલી શ્રી સ્વામિનારાયણ નર્સિંગ કોલેજમાં આજરોજ નવરાત્રિ પર્વ નિમિત્તે ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભક્તિમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

કાર્યક્રમની શરૂઆત મા નવદુર્ગાની ભાવપૂર્ણ મહાઆરતી ઉતારીને કરવામાં આવી હતી. ત્યારબાદ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે માતાજીના ગરબાની રમઝટ બોલાવી હતી. સંગીતના તાલે સૌ કોઈ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતાં, જેના કારણે સમગ્ર કેમ્પસ ગરબામય બન્યું હતું.

વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધારવા માટે સંસ્થા દ્વારા શ્રેષ્ઠ ગરબા પર્ફોર્મન્સ અને આકર્ષક ટ્રેડિશનલ વેશભૂષા ધારણ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે આકર્ષક ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. કોલેજના ટ્રસ્ટી મંડળ અને આચાર્યશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો તથા તમામ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે માતાજીનો પ્રસાદ વહેંચી સૌએ ધન્યતા અનુભવી હતી.

## વઘઈમાં રોલ પ્લે અને લોક નૃત્ય સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૬ :** શિક્ષણ મંત્રાલય, ન્યુ દિલ્હીના પોપ્યુલેશન એજ્યુકેશન પ્રોજેક્ટ એકમ અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) - ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) વઘઈ દ્વારા ડાંગ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમા રહેલી વિવિધ સર્જનાત્મક શક્તિઓ, સાંસ્કૃતિક મૂલ્યોનો અને અભિવ્યક્તિની ક્ષમતાઓને પ્રોત્સાહન મળે તે હેતુથી રોલ પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે સામાજિક જાગૃતિ, ચારિત્ર્ય નિર્માણ, નસીલા પદાર્થોના દૂર ઉપયોગના રોકથામ અને વ્યવસ્થાપન, સ્વસ્થ્ય જીવનશૈલી પ્રોત્સાહન, જેન્ડર સમાનતા,




પોષણ અને આરોગ્ય સ્વચ્છતા, ઈન્ટરનેટ અને મિડિયાનો સુરક્ષિત ઉપયોગ, ભાવનાત્મક સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય વગેરે વિષયો જીવન કૌશલ્ય પર આધારિત નાટ્ય રૂપે રજૂ કર્યા હતા. તથા આપની સમૃદ્ધ લોક સંસ્કૃતિ પ્રત્યે આદર અને જાગૃતિ કેળવાય તે હેતુથી ડાંગ અને ગુજરાતની ધરોહર સંસ્કૃતિની ઝલક ફોક ડાન્સના માધ્યમથી ડાંગ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાના ધોરણ - ૯ ના વિધાર્થીઓ દ્વારા પ્રસ્તુત થઈ હતી. માત્ર પાંચ-છ વિધાર્થીઓની ટીમ પોતાની કલાથી ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધા હતા. કાર્યક્રમના અંતે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. તથા શ્રેષ્ઠ દેખાવ કરનાર પ્રથમ ત્રણ કૃતિઓને પ્રમાણપત્ર અને શીલ્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પસંગે ડાયેટના પ્રાચાર્યડો. બી.એમ. રાઉતે મહેમાનોને આવકારી પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સોનલબેન ટંડેલ લેક્ચરર ડાયેટ - વઘઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## બીલીમોરા નવરાત્રી મહોત્સવમાં સનાતન ધર્મ અને ભક્તિનો અનોખો સંગમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૬ :** બીલીમોરા દેસરા ઓવરબ્રિજ નજીક વાઘરેચ મઢી ગ્રાઉન્ડ ખાતે બીલીમોરા હિન્દુ લાયન્સ સંગઠન દ્વારા આયોજિત હિન્દુ સમાજ નવરાત્રી મહોત્સવમાં પ્રથમ દિવસથી જ ખેલૈયાઓનું માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ઝગમગતી રોશની, વિશાળ પાર્કિંગ અને લહેરાતા કેસરી ધ્વજ વચ્ચે મઢી ગ્રાઉન્ડ ભક્તિમય માહોલમાં ઝળહળી ઊઠ્યું હતું. પ્રખ્યાત બંસરી બેન્ડના સથવારે ગાયક કલાકારોએ સુમધુર સ્વરે અંબાજી ગરબે ઘૂમે છે અને ભારતમાં જુઓ હવે ભગવો લહેરાય જેવા દેશભક્તિ અને શૌર્ય ગીતોની રમઝટ બોલાવી ખેલૈયાઓને મનભરીને ઝૂમવા મજબૂર કર્યા હતાં. સમગ્ર આયોજનમાં બોલિવૂડ કે ફ્યુઝન ગીતોને બદલે ફક્ત અને ફક્ત દેશભક્તિ અને માતાજીના પવિત્ર ગરબાઓનો જ નાદ ગુંજી રહ્યો છે.

સંપૂર્ણપણે ભારતીય સંસ્કૃતિ મુજબ આયોજિત આ ઉત્સવમાં ખેલૈયાઓ માટે ટ્રેડિશનલ અને સેમી-ટ્રેડિશનલ સહિત બે ભવ્ય ગરબા સ્પર્ધાઓનું આયોજન કરાયું છે, જેમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા ખેલૈયાઓને પ્રતિદિન ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. આયોજકોના જણાવ્યા અનુસાર, નવ દિવસની ભક્તિ અને શક્તિની આરાધના બાદ આગામી તા. ૨૦/૧૦/૨૦૨૬, મંગળવારના રોજ વિજયાદશમી નિમિત્તે મેદાન પર ભવ્ય મહાશસ્ત્ર પૂજનનું પણ વિશેષ આયોજન કરવામાં આવશે. જય અંબે અને જય શ્રી રામના ગગનભેદી નારાઓ સાથે સમગ્ર મેદાન પર સનાતન ધર્મનો ભવ્ય નાદ ગુંજી રહયો છે.

## હરણગામ અને વેલણપુરની કલેક્ટરે સમીક્ષા માટે મુલાકાત લીધી




(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૬ :** નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ ચીખલી તાલુકાના હરણગામ અને વેલણપુર ગામની મુલાકાત લઈ -નથમિક શાળાઓ, આંગણવાડી કેન્દ્રો, આયુષ્માન આરોગ્ય મંદિરો, ગ્રામ પંચાયતો અને સરકારી સસ્તા અનાજની દુકાનોની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

-નથમિક શાળાઓની મુલાકાત દરમિયાન તેમણે વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની હાજરી અને શૈક્ષણિક સુવિધાઓની સમીક્ષા કરી ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિ?િત કરવા માર્ગદર્શન આપ્યું હતું. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના પોષણ, વજન-ઊંચાઈ, નાસ્તા અને ભોજનની વ્યવસ્થા અંગે માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી.

આયુષ્માન આરોગ્ય મંદિરોમાં સગર્ભા મહિલાઓ, હાઈ-રિસ્ક કેસો, લેબોરેટરીની સુવિધાઓ અને દર્દીઓને આપવામાં આવતી આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી હતી. ગ્રામ પંચાયતોમાં સરકારી ફી, શાળા-આંગણવાડીનાં મકાનોની સ્થિતિ અને અન્ય પાયાની સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. સરકારી સસ્તા અનાજની દુકાનોની તપાસ દરમિયાન કલેક્ટરશ્રીએ અનાજના જથ્થા અને વિતરણમાં ગેરરીતિ ન થાય તથા ફરિયાદો ન મળે તેની તકેદારી રાખવા રાખવા કડક સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાન ચીખલી -ંત અધિકારી શ્રી નિશાંત કુંગસિયા, તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી ભાવનાબેન યાદવ, મામલતદાર શ્રી હિરેન મૈસૂરિયા, સરપંચશ્રી સહિત સંબંધિત અધિકારીઓ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સુડોકુ

નં.૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | · | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૧૧નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

## પરમાત્મા સમીપે રહેવાનો સૌથી સરળ માર્ગ - નામ જપ



### નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

માનવીની સૌથી મોટી દુર્બળતા કે મોહ એ છે કે તે જાણે છે કે પોતે ક્ષણભંગુર છે, છતાંય તે આ ધરા પર એ રીતે જીવે છે જાણે સ્વર્ગમાંથી અમરત્વનો કૂપો પીને આવ્યો હોય. આપણે રોજ સવારે ઊઠીએ છીએ, ભવિષ્યના મોટા મોટા મહેલો ચણીએ છીએ, રાગ-દ્વેષ અને અહંકારના વાણા-વાણા વણીએ છીએ, પણ એ ભૂલી જઈએ છીએ કે આપણો જન્મ જ મૂળ તો મૃત્યુને આલિંગન આપવા માટે થયો છે. આ જગતમાં જે કાંઈ જન્મે છે, તેનું અંતિમ અને અટલ સત્ય માત્ર ને માત્ર મૃત્યુ છે. આપણી પ્રથમ કિલકારીથી શરૂ થયેલી આ યાત્રાનો અંતિમ મુકામ તો શ્મશાનની શાંતિ જ છે.

આપણે જેને જીવન કહીએ છીએ તે ખરેખર તો મૃત્યુ તરફની એક નિરંતર ગતિ છે. આપણો એક-એક શ્વાસ, આપણો એક-એક ધબકાર સમયના ચોપડેથી આપણું આયુષ્ય ઘટાડી રહ્યો છે. આપણે જે શ્વાસ અત્યારે ભીતર લીધો, તે બહાર નીકળશે કે નહીં તેની પણ કોઈ ખાતરી નથી. છતાંય માણસ એવી મિથ્યા આશામાં રાચે છે કે મૃત્યુ તો હંમેશાં બીજા કોઈનું થવાનું છે, પોતાનું નહીં. સમય રૂપી રેતી મુઠ્ઠીમાંથી સરતી રહે છે અને આપણે ક્ષણે ક્ષણે નષ્ટ થતા રહીએ છીએ. જો આ કડવા સત્યનો સ્વીકાર કરી લેવામાં આવે, તો જીવન જીવવાની દિશા અને દ્રષ્ટિકોણ બંને બદલાઈ જાય.

જ્યારે આ સંસારમાં આપણું શરીર, આપણા સંબંધો, ધન અને સંપત્તિ બધું જ નાશ્વંત છે, ત્યારે આ સતત સરતા સમય વચ્ચે શાશ્વત શું છે? શાશ્વત છે માત્ર ને માત્ર પરમાત્માનું નામ. કળિયુગના આ ભાગદોડ અને અશાંતિથી ભરેલા યુગમાં જટિલ તપસ્યાઓ કે અઘરા યજ્ઞો કરવા સૌ કોઈ માટે શક્ય નથી, પણ શ્વાસોશ્વાસ સાથે વણાયેલું 'નામ જપ' એ એક એવો પરમ શક્તિશાળી અને સહજ માર્ગ છે જે માનવ મનને પવિત્ર કરે છે. જેમ પાણીથી શરીરનો મેલ ધોવાય છે, તેમ ભગવન્નામના સતત સ્મરણથી મનમાં જમા થયેલા કામ, ક્રોધ, મોહ અને લોભના થર ઉખડી જાય છે. નામ જપ માત્ર પૂજા નથી, પણ કાળના ભય સામે રક્ષણ આપતું અમૂલ્ય કવચ છે.

સંસારના તમામ સાથીઓ અને સાધનો માત્ર અનુકૂળ સમય સુધી જ આપણી સાથે રહે છે, પરંતુ પરમાત્મા સાથેનો સંબંધ એવો છે જે આ લોકથી લઈને પરલોક સુધી આપણો હાથ પકડી રાખે છે. ભગવાનની સમીપ રહેવાનો અર્થ એ નથી કે સંસાર અને ફરજોનો ત્યાગ કરી દેવો, પરંતુ સંસારના તમામ કામો કરતાં કરતાં પણ હૃદયના ઊંડાણમાં ઈશ્વરને બસાવી રાખવા. જ્યારે આપણે પરમાત્માની સમીપ રહીએ છીએ, ત્યારે અહંકાર ગળી જાય છે, ચિંતાઓ ઓગળી જાય છે અને આંતરિક શાંતિનો અખૂટ સ્ત્રોત પ્રગટે છે.

આપણે એ સત્ય સ્વીકારવું જ પડશે કે આપણો જન્મ મૃત્યુ માટે જ થયો છે અને દરેક વીતેલી ક્ષણ આપણને એ જ અંત તરફ લઈ જઈ રહી છે. આટલી ટૂંકી અને અનિશ્ચિત યાત્રામાં અહંકાર કે વેરભાવ રાખવાનો કોઈ અર્થ નથી. દરેક શ્વાસ એક ભેટ છે



અને દરેક ઘટતો સમય એક ચેતવણી છે. સમય પૂરો થઈ જાય અને શ્વાસ અટકી જાય તે પહેલાં જાગી જવું જરૂરી છે. સંસારના મોહમાયામાંથી મનને વાળીને ઈશ્વરના નામ જપમાં લીન થઈ જવું અને પરમાત્માની શરણાગતિ સ્વીકારી લેવી એ જ આ ક્ષણભંગુર માનવ અવતારની સૌથી મોટી સાર્થકતા છે.




નવરાત્રી દરમિયાન વાપી ટાઉન અને જીઆઈડીસી પંથકની વિવિધ સોસાયટીઓ તેમજ વિસ્તારોમાં શેરી ગરબાએ ભારે આકર્ષણ જમાવ્યું છે. ચલા સ્થિત પ્રમુખ વેદાંતા સોસાયટી, પ્રમુખ ગ્રીન સોસાયટી, ચણોદ કોલોનીના અંબા માતા મંદિર પરિસર અને પટેલ સમાજની વાડીમાં રમાતા ગરબામાં ખેલૈયાઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. ભક્તિ, સંગીત અને ગરબાની રમઝટ વચ્ચે નવરાત્રીનો માહોલ જામ્યો છે.

## ધરમપુર ન.પા. સામે વાંધા સાથે રજુઆત

### સુવિધાઓનો અભાવ, છતાં વેરા વધારાની તૈયારી!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૬ :** ધરમપુર નગરપાલિકા દ્વારા પાણી, દિવાબત્તી, સફાઈ અને ખાસ સફાઈ વેરામાં સૂચિત વધારા સામે એડવોકેટ ફહીમ બહાનાન, શહેર કોંગ્રેસ પ્રમુખ નિર્મલ સુરતી તથા પૂર્વ કોર્પોરેટર ધીરજ પટેલ સહિત ૨૯ જેટલા નગરજનોની સહી સાથે લેખિત મા વાંધા સાથે રજૂઆત કરવામાં આવી છે. નગરપાલિકાની જાહેર નોટિસના અનુસંધાને કરવામાં આવેલી રજૂઆતમાં શહેરમાં વારંવાર ગટરો ઉભરાવાની, ગટરકામ બાદ રસ્તાઓનું યોગ્ય સમારકામ ન થવાની અને સફાઈ સહિતની મૂળભૂત સુવિધાઓની સમસ્યાઓ અંગે ધ્યાન દોરવામાં આવ્યું છે.

સામાન્ય સફાઈ વેરો વસૂલાતો હોવા છતાં ખાસ સફાઈ વેરો લાદવાથી નાગરિકો પર બેવડો આર્થિક બોજો પડશે તેવી રજૂઆત કરવામાં આવી છે.

હાલની મોંઘવારીમાં વેરા વધારો સામાન્ય અને મધ્યમ વર્ગ માટે મુશ્કેલીરૂપ બનશે તેમ જણાવી, સૂચિત વેરા વધારો રદ કરવા તથા કાયદાની જોગવાઈઓ મુજબ રાહત આપવા માંગ કરવામાં આવી છે.

## વાપીમાં રોટરી થનગનાટ નવરાત્રી મહોત્સવમાં ગરબાની રમઝટ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** રોટરી ક્લબ ઓફ વાપી દ્વારા આયોજિત 'રોટરી થનગનાટ નવરાત્રી મહોત્સવ'માં ખેલૈયાઓનો ઉત્સાહ દિવસેને દિવસે વધી રહ્યો છે. નવરાત્રીના દિવસો જેમ જેમ આગળ વધી રહ્યા છે, તેમ તેમ ગરબાના મેદાનમાં ખેલૈયાઓ અને ગરબા-મીઓની ભીડમાં સતત વધારો થઈ રહ્યો છે. સંગીત, ભક્તિ અને પરંપરાગત ગરબાના તાલે સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની રહ્યું છે.

મહોત્સવ અંતર્ગત ગઈકાલે પારડીના ડેપ્યુટી કલેક્ટર અને એસડીએમ નીરવ પટેલના હસ્તે પૂજન-અર્ચન અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ 'ફાઈન ટ્યુનર્સ બેન્ડ'ના કલાકારોએ પોતાના શાનદાર સંગીતથી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બેન્ડના તાલે ખેલૈયાઓએ ઉત્સાહભેર ગરબે ઘૂમીને નવરાત્રીના માહોલને વધુ રંગીન અને યાદગાર બનાવ્યો હતો.

મહોત્સવ દરમિયાન દરરોજ યોજાતા સ્પર્ધાત્મક રાઉન્ડમાં મોટી સંખ્યામાં રાસ-ગરબાપ્રેમીઓ ભાગ લઈ રહ્યા છે. નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલૈયાઓની પસંદગી કરી તેમને આકર્ષક ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ સ્પર્ધાઓને કારણે ખેલૈયાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગઈકાલના કાર્યક્રમમાં વીઆઈએના પ્રમુખ સતીશભાઈ પટેલ, વિશાલ મોબાઈલના હિરેનભાઈ શાહ, થનગનાટ નવરાત્રી મહોત્સવના ચેરમેન ભરતભાઈ પટેલ, હિતેશભાઈ શાહ, મિકીન પટેલ, હાર્દિક શાહ, નિર્ણાયક બંસી રાઈથૈરિયા તથા કાજલના હસ્તે વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# વલસાડ અને નવસારીની આંબાવાડીઓમાં ચોમાસા બાદ વૈજ્ઞાનિક માવજત જરૂરી

### રોગ-જીવાતનું સંકલિત નિયંત્રણ અને યોગ્ય ફૂલ-ફળ વ્યવસ્થાપનથી ખેડૂતોને વધુ આર્થિક વળતર મળશે : પાણીનો યોગ્ય નિકાલ, સંતુલિત પોષણ અને છટણીથી આંબાવાડીની ઉત્પાદકતામાં વધારો શક્ય : વલસાડ અને નવસારી જિલ્લામાં ૭૪ હજાર હેકટર વિસ્તારમાં કેરી થતી હોવાથી ખેડૂતો માટે માર્ગદર્શક સાબિત થશે



**(જિજ્ઞેશ સોલંકી દ્વારા)**

**વલસાડ, તા. ૧૬ :** દક્ષિણ ગુજરાતનો વલસાડ અને નવસારી જિલ્લો દેશ વિદેશમાં ઉચ્ચ ગુણવત્તા યુક્ત કેરી ઉત્પાદન માટે પ્રખ્યાત છે. આ વિસ્તારમાં થતી કેસર, હાફૂસ અને સોનપરી જાતોનું સ્થાનીય ખેડૂતોની આવકમાં પણ મહત્વનું યોગદાન છે. દક્ષિણ ગુજરાતનાં વલસાડ અને નવસારી જિલ્લામાં આશરે ૭૪ હજાર હેક્ટર વિસ્તારમાં કેરીની વિવિધ જાતોનું ઉત્પાદન થાય છે. પરંતુ ઓછી ઉત્પાદકતાને લીધે ખેડૂતોને આર્થિક વળતર મળતું નથી.

દક્ષિણ ગુજરાતમાં આંબાની ઓછી ઉત્પાદકતા માટે ગત વર્ષો દરમ્યાન હવામાનમાં થયેલા ફેરફાર, રોગ જીવાતોનું વધતો ઉપદ્રવ, ફૂલ અને ફલીનીકરણનાં સમય દરમ્યાન પ્રતિકૂળ વાતાવરણની પરિસ્થિતિ, વધારે ઉંમરની આંબાવાડીઓ અને વૈજ્ઞાનિક રીતે સારી અને સમયસર માવજતનું અભાવ મુખ્ય કારણો છે. ચોમાસા દરમિયાન વધુ વરસાદ અને વધુ ભેજ રહેતો હોવાથી ચોમાસા પછી કેરીના બગીચામાં પાણીનો નિકાલ, જમીન તથા મૂળ વિસ્તારનું પ્રબંધન, કેનોપી બંધન, પોષણ વ્યવસ્થાપન, રોગ-જીવાતનું સંકલિત નિયંત્રણ અને યોગ્ય ફલીનીકરણ માટે જરૂરી ઉપાયો ખૂબજ મહત્વપૂર્ણ છે. દક્ષિણ ગુજરાતની પરિસ્થિતિમાં કેરીના ઉત્પાદન, ફૂલ અને ફળધારણ અને વધારે આર્થિક વળતર માટે ચોમાસા પછીનાં સમયે લીધેલા પગલા ખુબજ ઉપયોગી થાય છે.

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલયની અસ્પી બાગાયત મહાવિદ્યાલયમાં ફળ વિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. ડી. કે. શર્મા જણાવે છે કે, ચોમાસા પછીની મુખ્ય સમસ્યા જોઈએ તો, દક્ષિણ ગુજરાતમાં ચોમાસા પછી કેરીના બગીચામાં જમીનમાં વધુ ભેજ અને પાણી ભરાવું, મૂળ વિસ્તારમાં હવાની અછત, નીંદણની ઝડપી વૃદ્ધિ, ફૂગજન્ય રોગોની શક્યતા, થડ અને ડાળીઓમાં ડાઈબેક, ગુન્દરીઓ, નવી પીલવની ઉપર આવતી જીવાતો, પોષક તત્વોનું ધોવાણ, ફૂલ અને ફળધારણમાં અનિયમિતતા જેવી સમસ્યાઓ જોવા મળે છે; તેથી ચોમાસા પછી આંબાવાડીનું પ્રબંધન માત્ર ખાતર આપવાની કામગીરી નથી, પરંતુ જળ-જમીન-જાડનું ઘેરાવ (canopy) - પોષણ- રોગ જીવત-ફૂલ અને ફળધારણનું સંકલિત પેકેજ હોવું જોઈએ. ચોમાસું પૂર્ણ થયા પછી બગીચામાં કરવાની થતી પ્રમુખ કામગીરી અંગે ડો. શર્મા વધુમાં જણાવે છે કે, (૧) પાણીના નિકાલનું વ્યવસ્થાપન ચોમાસું પૂર્ણ થયા પછી સૌપ્રથમ બગીચામાં જળ નિકાસ માટે ઉચિત વ્યવસ્થા કરવી જોઈએ. ઝાડના થડ પાસે પાણી ભરાય નહીં અને જમીનમાં પૂરતી ભેજ હોય ત્યાં સુધી સિંચાઈ શરૂ ન કરવી. દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદને કારણે પાણી ભરાવું કેરીના મૂળ માટે નુકસાનકારક બની શકે છે. (૨) નીંદણ નિયંત્રણ ચોમાસા પછી નીંદણ ઝડપથી વધે છે. ઝાડની છત્ર નીચેનું નીંદણ દૂર કરવું. થડથી આશરે ૦.૭૫-૧.૦ મીટર વિસ્તાર સ્વચ્છ રાખવો અને ડ્રીપ લાઈન વિસ્તારમાં હળવી ગોડાઈ કરવી, (૩) છટણી અને Canopy Management ચોમાસા પછી બગીચાની મુલાકાત લઈ દરેક ઝાડનું નિરીક્ષણ કરી સૂકી ડાળીઓ, રોગગ્રસ્ત ડાળીઓ, તૂટેલી ડાળીઓ, એકબીજા સાથે ઘસાતી ડાળીઓ, અંદરની તરફ વધતી અનાવશ્યક ડાળીઓ તથા જમીન તરફ ખૂબ નીચી વધેલી ડાળીઓ છટણી કરીને દુર કરવી. છટણીનો મુખ્ય હેતુ પ્રકાશ અને હવાની અવરજવર સુધારવાનો હોવો જોઈએ. (૪) પોષણ વ્યવસ્થાપન ચોમાસા દરમિયાન પોષક તત્વોનું ધોવાણ અને લીચિંગ થતું હોવાથી ચોમાસા પછી પોષણ વ્યવસ્થાપનનું વિશેષ મહત્વ છે. સૌ-થમ શક્ય હોય ત્યાં સુધી જમીન પૃથુક્કરણ કરાવવું. ત્યારબાદ મુખ્ય અને સુક્ષ્મ પોષક તત્વોની જરૂરિયાત નક્કી કરવી અથવા ભલામણ મુજબ પોષણ વ્યવસ્થાપન કરવું. સારી રીતે સડેલું છાણીયું ખાતર ઝાડનાં નીચે રીંગ બનાવીને આપવું. (૫) ફૂલ અને ફલનીકરણ પ્રબંધન દક્ષિણ ગુજરાતમાં આંબામાં ફૂલ અને ફલાનીકરણનું નિયમન ખૂબજ મહત્વનું છે. ૩૫ વર્ષથી વધુ ઉંમરના હાફુસ આંબામાં નિયમિત ફલનીકરણ માટે ઓગસ્ટનાં પ્રથમ પખવાડિયામાં કલ્ટારનો ઉપયોગ ભલામણ કરેલ ખાતરને દોડગુના જથ્થા સાથે કરવું. (૭) રોગ અને જીવાતનું સંકલિત વ્યવસ્થાપન ચોમાસા પછી ભેજવાળું વાતાવરણ હોવાથી ભુકીછારો, ગુન્દરીઓ, ડાઈબેક અને અન્ય ફૂગજન્ય પાન/ડાળી રોગો માટે અને પ્રમુખ જીવતો જેમ કે મધીયા, થ્રીપ્સ મીલીબગ અને સ્ટેમ બોરર માટે મોજડી આધારિત સંકલિત વ્યવસ્થાપન તથા ઉચિત સમયે ભલામણ મુજબની દવાનું યોગ્ય પ્રમાણમાં છટકાવ કરવું. ફૂલ આવવાના સમયે જંતુનાશક દવાનો બિનજરૂરી ઉપયોગ ટાળવો, કારણ કે પરાગનયન કરતા મિત્ર કીટકો, ખાસ કરીને મધમાખીઓ માટે તેની અસર થઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસા પછી કેરીના બગીચાની સફળ વ્યવસ્થાપન પદ્ધતિનો આધાર પાણીનો યોગ્ય નિકાસ, સંતુલિત પોષણ, સ્વચ્છ અને હવાઉજાસયુક્ત આંબાવાડી, રોગ જીવાત માટે નિયમિત મોજણી આધારિત વ્યવસ્થાપન અને યોગ્ય પિયત વ્યવસ્થાપન અપનાવવાથી કેરીનું સારું અને ગુણવત્તાસભર પાક મેળવી શકાય છે.

## વાપીની શાળામાં સાંસ્કૃતિક ગરબા રમાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** SVN માં તા ૧૪/૧૦/૨૦૨૬ ને ગુરુવારે સાંજે રમઝટ ૨૦૨૬ ની સાંસ્કૃતિક પારંપારિક ગરબાની ઉજવણી કરી . ૪૦૦ વિદ્યાર્થીઓએ અને વાલીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ ભાઈ દેસાઈ, વાપીના ડી.વાય.એસ.પી. બી. એન. દવે આવીને આ અવસરની શોભા વધારી. પ્રિ નર્સરી થી લઈને બીજા ધોરણ સુધીના નાના નાના ભૂલકાઓ એ રાસ ગરબા રમીને પારંપારિક વેશભૂષા સજીને નવદુર્ગા માતાજીનું આહ્વવાહન કર્યુ. જેમાં અમારી શાળાની નાની-નાની બાળાઓએ નવદુર્ગાનું રૂપ સજીને બધાને આશીર્વાદ આપ્યા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાના નાના બાળકોને આટલી નાની ઉંમરથી જ આપણી સંસ્કૃતિ અને ધાર્મિક પ્રવૃત્તિ તરફનું મહત્વ સમજાય અને આસ્થા જળવાઈ રહે. આ કાર્યક્રમમાં બાળકો સાથે તેમના વાલીઓએ પણ ભાગ લીધો. જેમાં તેઓ પણ સાંસ્કૃતિક વેશભૂષા સાથે ગરબા ની રમઝટ કરી. આ કાર્યક્રમમાં ભાગ લીધા પછી બાળકો અને વાલીઓની સ્પર્ધા યોજાય હતી. જેમાં બેસ્ટ ડ્રેસ ,બેસ્ટ ગરબા, રાસ અને બેસ્ટ કપલની કેટેગરીમાં વિજેતા બનેલાનું જજમેન્ટ અમારા અતિથિ જજ ડો. સંગીતા મેનને કર્યું હતું. આખા કાર્યક્રમમાં ક્યાંય પણ ડી.જે, પાશ્ચાત્ય સંસ્કૃતિ કે ફિલ્મી સંગીતનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. સંપૂર્ણપણે પ્રાચીન સંસ્કૃતિની ઝલક બતાવવામાં આવી હતી. ગરબા ગાયનમાં શાળાના શિક્ષકોએ ભૂમિકા ભજવી, આરતી અને સ્તુતિ માં શાળાના વિદ્યાર્થીઓએ પોતાની આગવી પ્રતિભા બતાવી હતી. શાળાના ડાયરેક્ટર/મેનેજિંગ ટ્રસ્ટી ડો. મિતલ ધાખડા મેમ હંમેશા સંસ્કાર અને સંસ્કૃતિ બાળકોમાં જળવાઈ રહે તે ધ્યાનમાં રાખીને આવા સાંસ્કૃતિક કાર્યક્રમ અવારનવાર યોજે છે અને સમાજમાં એક અનેરો પ્રવાહ વહેતો મૂકવાની ચેષ્ટા કરે છે તેમના અગાથ નેતૃત્વથી શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન મેળવે છે અને આગળ વધવા માટે હંમેશા કાર્યશીલ રહે છે તેમણે શાળા પરિવારને અને વાલીઓને ઘણા ઘણા અભિવાદન આપ્યા અને આગળ પણ આવા જ કાર્યક્રમો કરવાનો વાયદો આપ્યો.

# આપણને તંદુરસ્ત રાખવાનું કુદરતી આયોજન સર્કેડિયન સાઇકલ




### સર્કેડિયન રિધમ જે તમને સ્વસ્થ રાખવા માટે જરૂરી બધું જ કરે છે, જો તમે એના થોડાક નિયમોનું પાલન કરો !



**ડોક્ટર કહે છે**

**- ડો. યોગેશ વેલાણી**

ડો. મિનાક્ષીબેન અમેરિકાના પ્રખ્યાત ડોક્ટરોમાંનાં એક છે. એમની લાં...બી ભારતયાત્રા ઘણાબધા ટાઈમઝોન પસાર કરીને છે...ક ભારત પહોંચે છે લગભગ ૧૭-૧૮ કલાકની થકાવનારી મુસાફરી પછી ! ભારતમાં એમનું રોકાણના ટૂંક હોય છે, પરંતુ અહીં આવ્યા પછી મિત્રો સંબંધીઓને મળવું, પોતાના મનપસંદ સ્થળોએ જવું વગેરેનું લાંબુ લિસ્ટ તો હોય જ છે! એટલે ઘણીવાર એરપોર્ટ પરથી સીધા કોઈ મિત્રને ત્યાં જવાનું, ત્યાંથી બીજા સંબંધીને ત્યાં... એમને આપણા પી.એમ. મોદીસાહેબની જેમ ટાઈમ શિડ્યુલ હોય. મિત્રને ત્યાં વાતો ચાલતી હોય ત્યાં સુધી બરોબર, પણ જો થોડો વખત પણ એમાં બ્રેક પડે એટલે આંખો બંધ થવા માંડે! આમ તો બહેન બહુ

જ ચોકસાઈવાળાં, પણ શું થાય ! આ લાંબી, થકાવનારી, બિનઆરામદાયક થણા ટાઈમઝોનને ક્રોસ કરીને આવનારી વિમાનયાત્રા જ કેટલાક પ્રોબ્લેમો સાથે લાવે છે. એમાંનો એક છે જેટ લેગ... અમેરિકાથી નીકળ્યા હો ત્યારે સાંજ હોય -રાત હોય અને અહીં ભારત આવો ત્યારે પણ, એટલે, ઈસ રાત કી સુબહ કબ હોગી...ની જેમ આપણે સૂવું ક્યારે એની ખબર શરીરને પડે જ નહીં અને આપણને સતત સૂવાનું મન થાય, માથું ભારે લાગે, બેચેની લાગે વગેરે. જો કે, આ બધું એકાદ -બે દિવસમાં સેટલ થઈ જ જાય, પણ ત્યાં સુધીના મળવાનાં શિડ્યુઅલમાં મજા ઓછી આવે!

કુદરતે આપણાં શરીરમાં એક અદશ્ય બાયોલોજિકલ ઘડિયાળ (ક્લોક) મૂક્યું છે. આમ તો ઘડિયાળ તમને ફક્ત સમય જ કહે છે, પછી એ સામાન્ય - સસ્તું હોય કે રોલેક્સનું, સ્પેશિયલ એડિશનવાળું હોય ! અને એ પણ એમાં ઈંધણ જો પૂરતુ ભરેલું હોય - બેટરી, ચાર્જિંગ કે ચાવી આપેલી હોય તો જ, જ્યારે ઈશ્વરની અમૂલ્ય ભેટને એવી કોઈ બાહ્ય મદદની જરૂર નથી હોતી. એ તો જન્મ સાથે જ તમારી મદદમાં હાજર હોય છે, જન્મના થોડા મહિના એને સેટ થતાં લાગે છે. (આખી જિંદગી તમારી સેવા કરવાની હોય તો તમારી દિનચયાં સાથે એને મેળ તો બેસવો જોઈએને!) પણ ત્યારપછી જો તમે એનાં સેટિંગ્સમાં કંઈ વિક્ષેપ ન નાખો, તો વિશ્વાસુ સેક્રેટરીની જેમ નિયમિત કાર્ય કર્યા જ કરે છે! આપણું કિંમતીમાં કિંમતી ઘડિયાળ સમય બતાવે છે, જ્યારે સર્કેડીયન ઘડિયાળ તો ઘણુંબધું, તમારા માટે ઉપયોગી હોય એવું. તમારી જાણ બહાર, કોઈપણ જાતની અપેક્ષા વગર કર્યા કરે છે અને એ પણ ફ્રી ઓઠ કોસ્ટ !

તમારે બીજે દિવસે સવારે બહારગામ વહેલા ઊઠીને જવાનું છે. તમે એલાર્મ ગોઠવો છો અને સાથે મનમાં નક્કી કરો છો કે મારે સવારે પાંચ વાગ્યે ઊઠવું જ પડશે, તો જ સમયસર ગંતવ્ય સ્થળે પહોંચાશે. સવારે પાંચ વાગવાને પાંચ મિનિટની વાર હશે અને તમારી આંખ ખૂલી જશે અને તમે ઘડિયાળ સામે જોશો તો એ બિચારી કહેશે, માલિક, હજી પાંચ મિનિટની વાર છે, પરંતુ તે પહેલાં તમને ઉઠાડનારું- જાગૃત કરનારું બાયોલોજિકલ ક્લોક તમને ઈશ્વરે ભેટ આપેલું છે. થેન્ક યુ તો કહો !

સમયસર સૂવાનું- સમયસર ઊઠવાનું તમે એકવાર નક્કી કરો તો તમને એ જ ચોક્કસ સમયે શરીર પોતે જ યાદ કરાવી દેશે, બોસ, સૂવાનો સમય થઈ ગયો છે. ભગાસાં આવવાનાં શરૂ થઈ જશે, વાતોમાં બહુ મજા નહીં આવે વગેરે... થવાનું શરૂ થઈ જશે અને સવારે રોજના સમયે તમને ઉઠાડી પણ દેશે જ! આ તો થયું એનું એક કાર્ય!

સર્કેડીયન - એક લેટિન શબ્દ છે, જેનો અર્થ સરકા = એરાઉન્ડ અને ડાયેન = દિવસ. આખા દિવસ - ૨૪ કલાક દરમ્યાન આંતરિક બાયોલોજિકલ ક્લોક સતત ચાલે છે, જે આપણી ઊંઘ જાગૃતતા, પાચનતંત્ર અને મેટાબોલિઝમ, હોર્મોન્સના લેવલમાં વધ - ઘટ, આપણી એનર્જીમાં થતી વધ - ઘટ, વિચારવાની શક્તિ વગેરે ઘણીબધી જગ્યા ઉપર પોતાની અસર દેખાડે છે. હોર્મોન્સની વાત કરીએ તો પહેલું નામ આવે મેલેટોનિનનું, જેની વૃદ્ધિ ઊંઘ લાવે છે અને જેનું ઓછું થવું જાગૃતતા લાવે છે. આંખની કીકીની પાછળના ભાગમાં આવેલો પડદો, જેને રેટિના કહે છે, એની ઉપર પ્રકાશ પડે એટલે એ, ફોટો સેન્સિટિવ કોષ તરત જ વાયા રેટિનો હાઈપોથેલેમિક ટ્રેકર આ સંદેશો મગજનાં એક સેન્ટર, જેને બાયોલોજિકલ ક્લોકનું માસ્ટર કહે છે, ટૂંકમાં એસ.સી.એન.ને મળે છે. આવા બીજા સંદેશાઓ શરીરના કોષો દ્વારા પણ આવે છે, જે બધા ભેગા થાય છે પિનીઅલ ગ્રંથિમાં અને ત્યાં નક્કી થાય છે કે મેલેટોનિનનો સાવ ઘટાડવો કે વધારવો. જ્યારે પ્રકાશનો અભાવ અને ઠંડક હોય, ત્યારે મેલેટોનિનનો સાવ વધે, જે નોર્મલ ઊંઘ માટે બહુ જ જરૂરી છે અને જ્યારે અંધકારનો લોપ અને પ્રકાશ વધે છે, ત્યારે મેલટોનિન હોર્મોન્સનો ઘટાડો અને બીજાં હોર્મોન્સનો વધારો થવા માંડે છે. જસવારે સૂર્યદેવની હાજરી પ્રકાશની હાજરી અને અંધકારની સમાપ્તિ, મલેટોનિન ઘટાડે એટલે હવે સૂવાનો સમય પૂરો થયો છે, ઊઠો અને સ્ફૂર્તિદાયક નવા દિવસનું સ્વાગત કરો. એના માટે કોર્ટિસોલનો ધીમે ધીમે વધારો થાય છે. વાસોપ્રેસિન, જે આપણાં શરીરમાં પાણી અને ઉષ્ણતામાનને જાળવે છે. એસીટાઈસકોલિન પ્રજ્ઞાનતુંઓના સંદેશા એટલે ન્યુરોટ્રાન્સમીટર, જે જાગૃતિ અને સભાનતા માટે દિવસ દરમ્યાન જરૂરી છે. લેપ્ટિન - ભોજન લીધા પછી તૃપ્તિનો આનંદ આપે છે અને ભૂખ્યા હો ત્યારે સિગ્નલ આપે છે. આ પણ સર્કેડિયન રિધમનો જ એક ભાગ છે. ઈન્સ્યુલીન વગર તમે લીધેલા ખોરાકને દરેક કોષોમાં કઈ રીતે પહોંચાડી શકાય, જેથી કોષો એનું શક્તિમાં તેમજ એમને સોંપેલાં કાર્ય સુચારુરૂપે કરી શકે. આમ, ઘણાબધા હોર્મોન્સને ઉત્તેજિત અથવા નિષ્ક્રિય કરવાનું કાર્ય આ સર્કેડીયન સાઈકલ દ્વારા થાય છે, જેથી શરીરરૂપી મશીન સુચારુરૂપે કાર્ય કરે છે. ૨૦૧૭માં સર્કડીયન રિધમ ઉપર ઊંડું સંશોધન ત્રણ ડોક્ટરોએ રજૂ કર્યું, જેને માટે એમને નોબલ પ્રાઈઝ મળ્યું છે. આપણા ઋષિઓએ હજારો વર્ષો પહેલાંથી જ આ સક્રેડિયન રિધમ દિનચર્યા વિશે તેમજ તેની શારીરિક, હોર્મોન્સ, લાઈફ સ્ટાઈલ તેમજ એમાં ફેરફાર થવાથી થનારા રોગો વિશે વિસ્તૃત રીતે કહ્યું જ છે. આ રિધમને માન આપવાથી સુખ, આનંદ, પુષ્ટિ (નરીશમેન્ટ અને વૃદ્ધિ), બળ, રોગપ્રતિકારક શક્તિમાં વધારો, સેક્સ શક્તિમાં વધારો, જ્ઞાન, જ્ઞાન મેળવવાની શક્તિમાં વધારો તેમજ લાંબું જીવન મળે છે. જ્યારે આ રિધમને માન ન આપવાથી કે એનાથી વિરુદ્ધ જવાથી ચિંતા, ઉદાસી, વિએચનું, શારીરિક ક્ષમતાનો અભાવ, થાકી જવું, અજ્ઞાનતા અથવા જ્ઞાન લેવાની ક્ષમતાનો અભાવ તેમજ મૃત્યુ પણ થઈ શકે છે. આ સર્કેડીયન રિધમને દિવસ -રાત્રિ એમ બે વિભાગમાં દરેક ૧૨ કલાકને ચાર - ચારના ત્રણ વિભાગમાં વહેંચીને, દરેક વ્યક્તિની પ્રકૃતિ પ્રમાણેની વિસ્તૃત જાણકારી આયુર્વેદે આપી જ છે.

આ સર્કેડીયન રિધમ જો સરસ રીતે પાળીએ, કુદરતને મદદરૂપ બનીએ તો સરસ ઊંઘ આવે, દિવસ દરમ્યાન એનર્જી લેવાલ ઊંચું રહે, થાકનો અભાવ રહે, કાર્ય કરવામાં મજા આવે, કંટાળો ન આવે, માનસિક કાર્યો કરવાં સહેલાં લાગે, મેટાબોલિઝમ (ખોરાકનું શક્તિમાં રૂપાંતરણ કરવાની ક્રિયા) સુચારુરૂપે કાર્ય કરે તેમજ રોગપ્રતિકારક શક્તિનો વધારો થાય. આ સર્કડીયન રિધમ ઉપર અસર કરનારાં પરિબળો - પ્રકાશ અને અંધકાર આપણાં આંતરિક બાયોલોજિકલ ઘડિયાળને સિગ્નલ આપે છે, જેથી ઊંઘ અને જાગૃત અવસ્થાને કુદરતી રીતે જ આપણે માણીએ છીએ. સવારે તો તડકો આપણાં આંતરિક ઘડિયાળને રિ - સેટ કરે છે અને જાગૃત - શક્તિ ભરપૂર અવસ્થાનો દિવસ દરમ્યાન આપણને અહેસાસ કરાવે છે. ઘણીવાર મોબાઈલની, નાઈટ લેમ્પની લાઈટ, ટી.વી.ની બ્લૂ લાઈટ, રાતના સમયે (ખરેખર તમારા સૂવાના સમયે) તમારાં આંતરિક થડિયાળને ખોટાં સિગ્નલ્સ આપે છે અને મેલેટોનિનના સ્રાવને અટકાવી ઊંઘ આવવાની પરિસ્થિતિમાં અડચણો ઊભી કરે છે. જ્યારે સુવાના ઓરડામાં સંપૂર્ણપણે અંધકાર (ડાર્કનેસ) આંતરિક ઘડિયાળને સિગ્નલ આપી મેલેટોનિન વધારી તમને સુખદ નિદ્રા તરફ દોરે છે! સાંજે જમવાનો સમય અને સૂવાન સમય - રાત્રે હેવી ડીનર લીધું હોય, મોડથી ઘરે આવ્યા હો અને તરત જ સૂવા જાવ તો આ પરિસ્થિતિ તમારી કુદરતી આંતરિક નિદ્રા માટેની તૈયારીથી ઊલટી છે. જો કે, અત્યારના સમયમાં આવી જ પરિસ્થિતિથી મોટેભાગે લોકો પરિચિત છે ! મોડી સાંજે મિત્રો સાથે કોઠી, ચા કે પછી કંઈક બીજું એવું પીણું પીધું હોય, જેની અસર મેલેટોનિન ઉપર થાય અને તમારી ઊંઘ બગડે ! સ્ટ્રેસનાં કારણે કોર્ટિસોલ હોર્મોન્સનો સ્રાવ થાય છે, જે મેલેટોનિનના સ્રાવને રોકે છે અને આમ ઊંઘવાની સાઈકલ તૂટે છે.

ચિંતા, ભય, ઉદાસી, ડિપ્રેશન - આ બધા પરિબળો પણ કુદરતી સરસ મજાની ઊંઘનાં દુશ્મનો છે. છે, કસરત - આંતરિક ઘડિયાળને મદદરૂપ રના પરંતુ કયા સમયે તમે કસરત કરો છો, એ પણ જરૂરી છે. જેમ કે, સવારનાં બ્રહ્મમુહૂર્તમાં કરેલી કસરત તમારી એનર્જીમાં વધારો અને આંતરિક ઘડિયાળને મજબૂતી આપે છે, જ્યારે સૂવાના સમયે કરેલું વર્કઆઉટ તમારાં શરીરનું ઉષ્ણતામાન વધારે છે, જેથી ડીપ સ્લીપ આવવી મુશ્કેલ બને. આખા દિવસ દરમ્યાન પ્રવૃત્તિશીલ રહેશો તો તમારું કુદરતી ઘડિયાળ પણ પ્રવૃત્તિશીલ રહી તમને તંદુરસ્ત રાખશે ! રાત્રે લાઈટ જાય, તમારું એ.સી. બંધ થઈ જાય, તમે બારી ખોલી નાખો તો પણ ગરમી તો થાય જ - આ પરિસ્થિતિ તમારી આંતરિક રિધમને તોડે છે. ઠંડું - શાંત અને અંધારાવાળું વાતાવરણ સરસ ઊંઘ માટે જરૂરી છે. જો કે, એના માટે એ.સી. હોવું જરૂરી નથી. પહેલાં ઉનાળામાં અગાસી ઉપર ઘસઘસાટ ઊંઘી જ જતા ને! રાત્રે કામ અને દિવસે આરામ - આ પરિસ્થિતિ તમારી આંતરિક સાઈકલને ભગાડે છે.

જો કે, બ્લેકઆઉટ વખતે હતા એવા જાડા પડદાથી બારી ઢાંકીને અંદર રાત જેવો જ અંધકાર, - ઠંડક અને અવાજને પણ તમે નિયંત્રિત કરી શકો તો તમે આ વિપરીત પરિસ્થિતિમાં પણ સારી ઊંઘ લઈ શકો ! ઘણા ટાઈમઝોન ક્રોસ કરતી મુસાફરીઓ વારંવાર કરવાની થાય. ખાસ કરીને જ્યારે તમે પૂર્વ તરફ મુસાફરી કરો છો, ત્યારે શરીરને એડજસ્ટ થવામાં તકલીફ પડે છે. (પશ્ચિમ તરફની મુસાફરી એટલી તકલીફ નહીં આપે !) જો કે, આ જેટ લેગ એ એક ટેમ્પરરી તકલીફ છે, જે થોડા વખતમાં જ ઠીક થઈ જાય છે. કેટલીક દવાઓ પણ આ સર્કેડિયન સાઈકલ - રિધમને પરેશાન કરી શકે છે. જેમ કે, ડિપ્રેશન માટેની દવાઓ, સ્ટિરોઈડ્સ, માઈગ્રેન માટેની દવાઓ વગેરેસરથી છેલ્લી વાત. તમારા માટે મહત્ત્વનું શું છે ? સરસ ડીપ ઊંઘ અને તંદુરસ્તી કે પછી દોસ્તો જોડે મોડે સુધી ગપસપ, વોટસએપ વગેરે, મોડી રાતની પાર્ટીઓ - આ બધું જ કુદરતે આપેલું સક્રેડિયન ઘડિયાળને બગાડીને તમારી તબિયતને પણ... જો કુદરતે આપેલાં આ અતિ કિંમતી ઘડિયાળ માટે તમને જરાપણ લાગણી - માન ન હોય તો... તમારી તબિયતની કાળજી લેવા માટે કોર્પોરેટ હોસ્પિટલો રાહ જુએ જ છે ! તમને વિશ્વ બહુ જ સુંદર દેખાશે, જ્યારે તમારું આંતરિક વિશ્વ આનંદ, સંતોષથી ભરેલું હશે...

# જત્રુન દેવતા : રામબનની લોકકથાઓ





રામબનનાં પહાડો માત્ર જંગલો, ઝરણાં અને પર્વતોનાં દૃશ્યો પૂરતા સીમિત નથી. અહીં લગભગ દરેક ગામ, ઝરણું, પથ્થર, મંદિર અને જૂનો માર્ગ પોતાની અંદર એક વાર્તા ધરાવે છે. આમાંની કેટલીક વાર્તાઓ સ્થાનિક લોકોની સાંસ્કૃતિક સ્મૃતિઓ અને લોકકથાઓના માધ્યમથી એક પેઢીથી બીજી પેઢી સુધી જીવંત રહી છે.

આવાં જ સ્થળોમાંનું એક છે પાપરિયા ગામ. આ ગામનો ભૂદૃશ્ય પાપડ્યા અને અંતાલ કુળોની મૌખિક પરંપરાઓ, જત્રુન દેવતા અને માતા કાળીની ઉપાસના તથા અનેક રસપ્રદ લોકકથાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. આ કથાઓ આજે પણ સ્થાનિક લોકોની સ્મૃતિઓમાં જીવંત છે.

સ્થાનિક પરંપરા અનુસાર, એક સમયે આ વિસ્તારમાં પાપડ્યા કુળના લોકો વસવાટ કરતા હતા. ત્યારબાદ ચેનાનીથી આવ્યા હોવાનું માનવામાં આવતા અંતાલ કુળના લોકો અહીં આવ્યા અને આ વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. પાપડ્યા લોકોએ તેમનો વિરોધ કર્યો અને બંને જૂથો વચ્ચે ભીષણ સંઘર્ષ થયો હોવાનું કહેવાય છે. અંતે, મૌખિક પરંપરા અનુસાર, પાપડ્યાઓ પરાજિત થયા અને આ વિસ્તાર છોડીને ચાલ્યા ગયા. ત્યારબાદ અંતાલ કુળનાં કેટલાંક પરિવારો લુડવાલ, ચંદરકૂટ અને સ્વાડા જેવા સ્થળોએ સ્થાયી થયા.

જોકે, આ કથા માત્ર સંઘર્ષની ગાથા તરીકે જ યાદ રાખવામાં આવી નથી. તે આ વિસ્તારના ભૂગોળ અને લોકવાયકા સાથે ગાઢ રીતે જોડાઈ ગઈ છે. અહીંનાં કેટલાંક વિશિષ્ટ સ્થળો આજે પણ તે યોદ્ધાઓ, તેમનાં શિબિરો, શસ્ત્રો અને અહીં થયેલા હોવાનું માનવામાં આવતા યુદ્ધ સાથે સંકળાયેલાં છે.

૧૨૦ પાપડ્યા યોદ્ધાઓની દંતકથા ખરેખર, આ વિસ્તારની સૌથી રસપ્રદ લોકપરંપરાઓમાંની એક ૧૨૦ પાપડ્યા યોદ્ધાઓની છે, જેમણે અંતાલો સામે યુદ્ધ કર્યું હોવાનું કહેવાય છે. હાલના જત્રુન દેવતાના મંદિરથી થોડે અંતરે એક સ્થળ આવેલું છે, જેને પરંપરાગત રીતે પાપડ્યા યોદ્ધાઓના શિબિરસ્થાન તરીકે ઓળખવામાં આવે છે. સ્થાનિક માન્યતા અનુસાર, યુદ્ધ પહેલાં આ યોદ્ધાઓ અહીં રોકાયા હતા. આ સ્થળે આવેલો એક પથ્થર તેમની તલવારોની ધાર તેજ કરવા માટે ઉપયોગમાં લેવાતો હતો, એવું માનવામાં આવે છે. આજે પણ તેના પર નિશાન જોવા મળતાં હોવાનું સ્થાનિક લોકો જણાવે છે.

આ યોદ્ધાઓ તેમની શારીરિક શક્તિ અને યુદ્ધકૌશલ્ય માટે પણ જાણીતા હતા. લોકકથા અનુસાર, તેઓ દેવદારનાં વૃક્ષોના જાડા થડ પર તલવારના ઘા મારીને તેની ધારની તીક્ષ્ણતા ચકાસતા હતા. કહેવાય છે કે એક જ ઘામાં તેઓ વૃક્ષના થડને કાપી નાખતા હતા. તે સમયે કાપવામાં આવેલાં કેટલાંક સૂકાઈ ગયેલાં વૃક્ષો આજે પણ ત્યાં અસ્તિત્વ ધરાવે છે.

પાપડ્યા યોદ્ધાઓની શક્તિના સમાચાર અંતાલો સુધી પહોંચ્યા. તે સમયે અંતાલો હાલના કાળી માતાના મંદિરની આસપાસના વિસ્તારમાં પોતાના શિબિરમાં રોકાયેલા હતા. અને પછી શરૂ થયું યુદ્ધ.

**કાળી મંદિરની વૃદ્ધા સ્ત્રીની**

સ્થાનિક લોકકથા અનુસાર, શરૂઆતમાં પાપડ્યા યોદ્ધાઓનું પલ્લું ભારે જણાતું હતું. યુદ્ધ દરમિયાન તેમનામાંથી કેટલાક યોદ્ધાઓ કાળીમાતાના મંદિરમાં પ્રવેશ્યા. તે સમયે મંદિરમાં માત્ર એક વૃદ્ધા સ્ત્રી જ રહી ગઈ હતી. અન્ય સ્ત્રીઓ અને બાળકોને સુરક્ષિત સ્થળે મોકલી દેવામાં આવ્યાં હતાં, જ્યારે પુરુષો યુદ્ધ લડી રહ્યા હતા.

પરંતુ તે વૃદ્ધા ગભરાઈ નહીં.

કહેવાય છે કે તેણે અંધારા ઓરડાના ફર્શ પર રાઈના દાણા વેર્યા હતા. જ્યારે પાપડ્યા સૈનિકો અંદર પ્રવેશ્યા, ત્યારે રાઈના દાણાઓને કારણે તેઓ લપસીને પડી ગયા. અંધકાર અને અફરાતફરીનો લાભ લઈને વૃદ્ધાએ તેમના પર હુમલો કર્યો. આ રીતે અનેક યોદ્ધાઓ માર્યા ગયા હોવાનું કહેવાય છે.

જે યોદ્ધાઓ બચીને બહાર નીકળ્યા, તેમને એવું લાગ્યું કે મંદિરમાં અંતાલ કુળના ઘણા યોદ્ધાઓ છુપાયેલા છે. તેથી તેઓ મંદિરની અંદરથી પાછા હટી ગયા.

બહાર યુદ્ધ ચાલુ રહ્યું.

મૌખિક પરંપરા અનુસાર, મેદાનમાં પાપડ્યા યોદ્ધાઓ વધુ શક્તિશાળી સાબિત થઈ રહ્યા હતા અને અંતાલોને પછાડવા લાગ્યા હતા. ત્યારે અંતાલોએ માતા કાળીને પ્રાર્થના કરી અને દૈવી સહાય માગી.

ત્યારબાદ જે બન્યું તેને આજે પણ ચમત્કાર તરીકે યાદ કરવામાં આવે છે.

કહેવાય છે કે અચાનક યુદ્ધના મેદાનમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું, જેના કારણે કંઈ પણ સ્પષ્ટ દેખાતું નહોતું. આ અફરાતફરીનો લાભ લઈને અંતાલો પીછેહઠ કરવામાં સફળ થયા. બીજી તરફ, પાપડ્યા યોદ્ધાઓ ધુમ્મસમાં પોતાના અને શત્રુ વચ્ચેનો ભેદ પારખી શક્યા નહીં અને ભૂલથી એકબીજા પર જ હુમલો કરવા લાગ્યા.

જ્યારે ધુમ્મસ દૂર થયું, ત્યારે યુદ્ધની પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ હતી. અંતાલો બચી ગયા હતા, જ્યારે પાપડ્યા યોદ્ધાઓમાંથી ઘણા માર્યા ગયા હતા. પરંપરા અનુસાર, બચી ગયેલા પાપડ્યાઓએ અંતે આ વિસ્તાર કાયમ માટે છોડી દીધો હતો.

**૧૨૦ યોદ્ધાઓની સ્મૃતિ**

૧૨૦ યોદ્ધાઓની સ્મૃતિ આજે પણ સંપૂર્ણપણે વિસરાઈ નથી.

અંતાલ સમુદાયમાં આ ૧૨૦ યોદ્ધાઓ સાથે સંકળાયેલી પૂજાની એક પરંપરા આજે પણ પ્રચલિત છે. એક નિશ્ચિત દિવસે પાપડ્યા યોદ્ધાઓના શિબિરસ્થાન તરીકે માનવામાં આવતા સ્થળની નજીક લોટમાંથી ૧૨૦ માથાંના પ્રતીકાત્મક આકાર બનાવવામાં આવે છે.

આ આકારો તે યોદ્ધાઓની સ્મૃતિમાં અર્પણ કરવામાં આવે છે અને સંઘર્ષમાં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે -ાર્થના કરવામાં આવે છે.

સ્થાનિક પરંપરામાં આ સ્થળે એક સમયે ગાયનું પથ્થરનું શિલ્પ પણ હોવાનો ઉલ્લેખ મળે છે. જોકે, હવે તે શિલ્પ ત્યાં જોવા મળતું નથી.

આવી પરંપરાઓનું મહત્ત્વ વિશેષ છે, કારણ કે તે એવી સ્મૃતિઓને સાચવી રાખે છે, જેનો કદાચ કોઈ લેખિત દસ્તાવેજ ઉપલબ્ધ નથી. અહીંનો ભૂદૃશ્ય જ એક -કારના ઐતિહાસિક સંગ્રહાલય જેવો બની જાય છે, જેમાં પથ્થરો, ઝરણાં, ખંડેરો અને ધાર્મિક વિધિઓ -ાચીન સામૂહિક સ્મૃતિના અંશો બની રહે છે.

**પીઈ દી કેરી ખાતે ભીમ દેવતા**

પાપડ્યા યોદ્ધાઓ સાથે સંકળાયેલા સ્થળ તરફ જતા માર્ગ પર, સ્થાનિક રીતે પીઈ દી કેરી તરીકે ઓળખાતા સ્થળે પથ્થરોથી બનેલું એક નાનું અને ખંડિત બાંધકામ આવેલું છે. તેને જૂનું મંદિર માનવામાં આવે છે. સ્થાનિક લોકો આજે પણ અહીં પૂજા કરે છે. એક વિશેષ -સંગે અહીં સામૂહિક લંગર અથવા સમૂહભોજનનું આયોજન પણ કરવામાં આવે છે.

રસ્તે પસાર થતા કોઈ અજાણ્યા વ્યક્તિને આ ખંડિત બાંધકામ સામાન્ય અને મહત્ત્વહીન લાગી શકે છે, પરંતુ સ્થાનિક સમુદાય માટે તે એક પવિત્ર ભૂદૃશ્યનો ભાગ છે, જ્યાં અનેક મંદિરો અને લોકકથાઓ એકબીજા સાથે સંકળાયેલાં છે.

**માતા કાળીનું મંદિર અને કલ્યાણકારી આત્માની કથા**

આ વિસ્તારનું બીજું મહત્ત્વપૂર્ણ ધાર્મિક સ્થળ માતા કાળીનું મંદિર છે.

હાલના મંદિરની નીચે એક પ્રાચીન બાવડી આવેલી છે. આ બાવડીની આસપાસ પથ્થરનાં કેટલાંક જૂનાં શિલ્પો મળી આવ્યાં છે, જે સૂચવે છે કે આ સ્થળ લાંબા સમયથી ધાર્મિક મહત્ત્વ ધરાવતું હોઈ શકે છે.

હાલના મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને પ્રાચીન જળસ્રોતની ઉપર અનેક માળ ધરાવતું બાંધકામ ઊભું કરવામાં આવ્યું છે. હવે આ બાવડી મંદિરના નીચેના ભાગનો એક અંશ બની ગઈ છે.

આ સ્થળ સાથે બીજી એક અદ્ભુત મૌખિક પરંપરા પણ જોડાયેલી છે.

સ્થાનિક વડીલોના જણાવ્યા અનુસાર, જ્યારે અંતાલ કુળના લોકો -પ્રથમ વખત આ વિસ્તારમાં વસવાટ કરવા આવ્યા, ત્યારે અહીં પહેલેથી જ એક પ્રાચીન બાવડી હતી. આ જળસ્રોતની ઉપર મંદિર બનાવવામાં આવ્યું હતું અને તેની સાથે અનાજ સંગ્રહવા માટે એક ઓરડો અથવા કોઠાર પણ બનાવવામાં આવ્યો હતો.

કહેવાય છે કે આ મંદિરમાં એક કલ્યાણકારી આત્માનો વાસ હતો. આ આત્માએ અંતાલ સમુદાય સાથે એક સમજૂતી કરી હતી લોકો સત્ય અને ધર્મના માર્ગે ચાલશે તો તેમને જેટલા અનાજની જરૂર હશે તેટલું અનાજ તે પૂરું પાડશે.

અંતાલો પોતાનો લણણી કરેલો અનાજનો પાક પરંપરાગત રીતે આ કોઠારમાં જમા કરતા હતા. જ્યારે કોઈ પરિવારને અનાજની જરૂર પડતી, ત્યારે તેઓ કોઠારમાં એક ખાલી વાસણ મૂકીને જતા અને થોડા સમય પછી પાછા ફરતા. લોકકથા અનુસાર, પાછા ફરતાં તેમનું વાસણ જરૂરી પ્રમાણમાં અનાજથી ભરેલું મળતું હતું.

આ વ્યવસ્થા શાંતિપૂર્ણ રીતે ચાલતી રહી, પરંતુ એક દિવસ એક સ્ત્રીએ તે આત્મા સાથે છેતરપિંડી કરવાનું નક્કી કર્યું.

તેણે બીજ તરીકે વાપરવા માટેનું અનાજ મેળવવાના હેતુથી કોઠારમાં એક ખાલી વાસણ મૂક્યું. અનાજ મળ્યા પછી તેનો ઉપયોગ કરવાને બદલે તેણે તે અનાજ વૃક્ષની ડાળી પર છુપાવી દીધું. ત્યારબાદ તે ફરીથી બીજું ખાલી વાસણ લઈને આવી.

આ વખતે પણ તેનું વાસણ અનાજથી ભરાઈ ગયું. તેણે આ કૃત્ય ફરીથી દોહરાવ્યું. લોકકથા કહે છે કે અંતે તે આત્માએ સાપનું રૂપ ધારણ કર્યું અને સ્ત્રી તરફ ધસી ગયો. ભયભીત થયેલી સ્ત્રી પોતાનો જીવ બચાવવા દોડવા લાગી.

પરંતુ આ ઘટનાએ આત્મા અને સમુદાય વચ્ચેના સંબંધને કાયમ માટે બદલી નાખ્યો. વિશ્વાસ તૂટી ગયો હતો.

કલ્યાણકારી આત્મા ક્રોધિત થયો અને ગામલોકોને હેરાન કરવા લાગ્યો. લોકો બીમાર પડવા લાગ્યા, કેટલાકનાં મૃત્યુ થયાં, પશુઓ પણ મરવા લાગ્યાં અને પાક સુકાઈ જવા લાગ્યો.

અંતે ગામના એક પૂજારીએ તે આત્માનો સામનો કર્યો હોવાનું કહેવાય છે. પોતાના મંત્રો અને આધ્યાત્મિક શક્તિ દ્વારા તેણે આત્માને વશમાં કર્યો અને તેને મંદિરથી દૂર લઈ ગયો.

જોકે, ત્યાંથી વિદાય લેતાં પહેલાં આત્માએ પૂજારીને ચેતવણી આપી કે આઠ દિવસની અંદર તેનું મૃત્યુ થશે. પરંપરા અનુસાર, પૂજારીનું મૃત્યુ બરાબર આઠમા દિવસે થયું હતું.

**દર ચાર વર્ષે યોજાતી ધાર્મિક વિધિ**

આ લોકકથાની સ્મૃતિ અંતાલ સમુદાયની એક વિશિષ્ટ ધાર્મિક વિધિ દ્વારા આજે પણ જીવંત છે.



ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

દર ચાર વર્ષે મંદિરમાં એક ઘેટાનું બલિદાન આપવામાં આવે છે. વિધિના દિવસે ઘેટાને સ્નાન કરાવવામાં આવે છે અને તેના પર સિંદૂર લગાવવામાં આવે છે.

ત્યારબાદ સાત અલગ-અલગ પ્રકારનાં અનાજને થેલીઓમાં ભરીને ઘેટા પર લાદવામાં આવે છે. ઘેટાને મંદિરની ચાર વખત પ્રદક્ષિણા કરાવવામાં આવે છે અને ત્યારબાદ બલિદાનની વિધિ કરવામાં આવે છે.

સ્થાનિક પરંપરા અનુસાર, પ્રાચીન સમયમાં બલિદાનનું લોહી મંદિરની નીચે આવેલી બાવડીના પાણીમાં ભળતું જોવા મળતું હતું.

આ પ્રથાને પવિત્ર માન્યતા, ધાર્મિક વિધિની સ્મૃતિ અથવા કોઈ પ્રાચીન પરંપરાના અવશેષ તરીકે સમજવામાં આવે, તેમ છતાં તે દર્શાવે છે કે લોકકથાઓ ગામના ભૌતિક ભૂદૃશ્ય સાથે કેટલી ઊંડાઈથી વણાઈ શકે છે.

**જત્રુન દેવતાની દંતકથાઓ**

આ સમગ્ર પવિત્ર ભૂદૃશ્યના કેન્દ્રમાં જત્રુન દેવતા બિરાજે છે.

સ્થાનિક પરંપરા અનુસાર, જત્રુન દેવતાને મૂળરૂપે ભૂમિ દેવતા, એટલે કે જમીનના રક્ષક દેવતા, તેમજ પાપડ્યા સમુદાયના કુળદેવતા તરીકે માનવામાં આવતા હતા.

પાપડ્યાઓએ આ વિસ્તાર છોડી દીધા પછી અહીં વસેલા અંતાલોએ જત્રુન દેવતાને પોતાના ભૂમિ દેવતા તરીકે સ્વીકાર્યા.

હાલનું મંદિર પથ્થરોથી બનેલું નાનું મંદિર છે, જેમાં દેવતાની પથ્થરની મૂર્તિ સ્થાપિત છે.

**આસપાસનો વિસ્તાર**

પુરાતત્ત્વીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ રસપ્રદ છે. ખોદકામ અને બાંધકામ દરમિયાન પથ્થરનાં કેટલાંક જૂનાં શિલ્પો મળી આવ્યાં હોવાનું કહેવાય છે. તેમાંથી કેટલાંક જળસ્રોતની નજીક મૂકવામાં આવ્યાં છે, જ્યારે અન્ય શિલ્પો જમીનની નીચે દટાયેલાં હોવાની માન્યતા છે.

આમ, અહીં વેરવિખેર પડેલા પથ્થરો આ સ્થળની પ્રાચીનતા અને વર્તમાન મંદિરના સ્વરૂપ પહેલાં અહીં અસ્તિત્વ ધરાવતી ધાર્મિક પરંપરાઓ વિશે અનેક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊભા કરે છે.

**સાત જળસ્રોતોની કથા**

એક સમયે જત્રુન દેવતાની આસપાસના વિસ્તારમાં સાત જળસ્રોતો અથવા બાવડીઓ હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક સ્મૃતિ અનુસાર, આ ઝરણાં આસપાસનાં ખેતરોમાં ડાંગરની ખેતી કરવા માટે પૂરતું પાણી પૂરું પાડતાં હતાં.

એક લોકકથા આ જળસ્રોતોને પાપડ્યાઓના સમયગાળા સાથે જોડે છે. કહેવાય છે કે નજીકના કર્મા ગામના લોકો આટલા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ પાણીથી આકર્ષાયા હતા અને તેમણે એક નહેર દ્વારા આ પાણી પોતાના ગામ તરફ વાળવાનો પ્રયાસ કર્યો હતો.

ત્યારે સમુદાયના એક વડીલે બાબા જત્રુનને પ્રાર્થના કરી કે સાતમાંથી એક જળસ્રોત સિવાય બાકીના બધા સુકાઈ જાય, જેથી સ્થાનિક લોકોની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા પૂરતું પાણી જ ઉપલબ્ધ રહે.લોકકથા અનુસાર, તેમની પ્રાર્થના સ્વીકારવામાં આવી. સાતમાંથી છ જળસ્રોતો લગભગ તરત જ સુકાઈ ગયા, જ્યારે એક જળસ્રોત પાણી પૂરું પાડતો રહ્યો.

આ કથા આજે પણ જત્રુન દેવતાને જમીન, પાણી અને સમુદાયના રક્ષક તરીકે જોવાની સ્થાનિક માન્યતાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

મંદિરમાં પૂજા કરવા માટે રવિવાર અને ગુરુવારને શુભ દિવસો માનવામાં આવે છે.

**સતી માતાનું મંદિર**

જત્રુન દેવતાના મંદિરની ઉપર સતી માતાને સમર્પિત બીજું એક નાનું, પરંતુ મહત્ત્વપૂર્ણ મંદિર આવેલું છે.

આ મંદિર સાથે એક રસપ્રદ સ્થાનિક પરંપરા જોડાયેલી છે. જ્યારે પણ લોકો આ પવિત્ર સ્થળ પાસેથી પસાર થાય છે, ત્યારે તેઓ લાકડાનો નાનો ટુકડો અર્પણ કરે છે.

પરંપરા અનુસાર, મંદિરમાં એકત્રિત થયેલા લાકડાના આ ટુકડાઓ કોઈ વિશેષ દિવસે આપમેળે સળગી ઊઠે છે, એવું માનવામાં આવે છે. ત્યારબાદ ત્યાં લાકડાને બદલે માત્ર કાળા કોલસા જોવા મળે છે.

પહાડી વિસ્તારોની આવી અનેક પરંપરાઓની જેમ, આ પ્રથા પણ સામાન્ય વસ્તુઓને પવિત્ર સ્થળ સાથે જોડે છે અને લાકડાનો નાનો ટુકડો અર્પણ કરવાની સાદી ક્રિયાને શ્રદ્ધાની સતત અભિવ્યક્તિમાં પરિવર્તિત કરે છે.

**વાર્ષિક યાત્રા**

માતા કાળી મંદિરથી જત્રુન દેવતા સુધી યોજાતી વાર્ષિક યાત્રા દ્વારા આ પવિત્ર સ્થળો વચ્ચેનો સંબંધ દર વર્ષે ફરીથી જીવંત બને છે.

આ યાત્રા પૂજાનાં બંને મહત્ત્વપૂર્ણ કેન્દ્રોને જોડે છે અને દેવતાઓ તથા સમુદાય વચ્ચેના પરંપરાગત સંબંધને જીવંત રાખે છે.

આ ધાર્મિક પ્રસંગના ભાગરૂપે માતા કાળીના મંદિરમાં બલિદાનની વિધિ પણ કરવામાં આવે છે.

આ રીતે, વાર્ષિક શોભાયાત્રા માત્ર ધાર્મિક મેળાવડો નથી. તે સ્મૃતિની યાત્રા પણ છે—એવા ભૂદૃશ્યમાંથી પસાર થતી યાત્રા, જ્યાં યુદ્ધોની ગાથાઓ, આત્માઓની લોકકથાઓ, પૂર્વજોની સ્મૃતિઓ, જળસ્રોતો અને દેવતાઓની પરંપરાઓ આજે પણ એકસાથે જીવંત છે. જત્રુન દેવતા, ૧૨૦ પાપડ્યા યોદ્ધાઓ, અંતાલોનો સંઘર્ષ, કાળી મંદિરની વૃદ્ધા સ્ત્રી, કલ્યાણકારી આત્મા, સાત જળસ્રોતો અને સતી માતાના મંદિર સાથે સંકળાયેલી કથાઓ મૌખિક પરંપરાઓનું એક અદ્ભુત જાળું રચે છે.

આમાંથી કેટલીક કથાઓમાં ઐતિહાસિક સ્મૃતિઓ છુપાયેલી હોઈ શકે છે. બીજી કેટલીક કથાઓ પેઢી દર પેઢી કહેવાતી રહેતાં તેમાં અલૌકિક તત્ત્વો ઉમેરાયાં હોઈ શકે છે. કેટલીક કથાઓ સ્થળો, ધાર્મિક વિધિઓ અને સામુદાયિક પ્રથાઓને સમજાવતી પ્રતીકાત્મક ગાથાઓ પણ હોઈ શકે છે.

એક સંશોધક માટે આ કથાઓનું મૂલ્ય માત્ર એ વાત પર નિર્ભર નથી કે તેમની દરેક વિગતોને ઐતિહાસિક રીતે પ્રમાણિત કરી શકાય છે કે નહીં. તેમનું સૌથી મોટું મહત્ત્વ એ સમજવામાં છે કે પવિત્ર સ્થળોની ઉત્પત્તિ કેવી રીતે સમજાવે છે, જમીન અને પાણી સાથેના પોતાના સંબંધને કેવી રીતે જુએ છે, મૃત્યુ પામેલા લોકોને કેવી રીતે યાદ કરે છે અને પોતાની પરંપરાઓ નવી પેઢી સુધી કેવી રીતે પહોંચાડે છે.

આજે ઝડપી ટેક્નોલોજીકલ પરિવર્તનો લોકોની જીવનશૈલીને બદલી રહ્યાં છે. તેના કારણે આવી અનેક મૌખિક પરંપરાઓ ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. આ કથાઓને પોતાની સ્મૃતિમાં સાચવી રાખનારા વડીલોની સંખ્યા ઘટી રહી છે, જ્યારે નવી પેઢીના ઘણા લોકો એ વિસ્તારોમાંથી દૂર જઈ રહ્યા છે, જ્યાં આ પરંપરાઓનો જન્મ થયો હતો અને વિકાસ થયો હતો. જો આ કથાઓને અત્યારે નોંધવામાં નહીં આવે, તો તેમાંથી ઘણી કોઈ નિશાની છોડ્યા વિના કાળની ગર્તામાં વિલીન થઈ શકે છે.

અંતે, પ્રશ્ન માત્ર જત્રુન, પાપરિયા અથવા અંતાલ અને પાપડ્યા સમુદાયની પરંપરાઓ પૂરતો સીમિત નથી.

**આપણે કોણ છીએ?**

કદાચ આ પ્રશ્નના જવાબનો એક ભાગ શોધવા માટે આપણે આ જૂની વાર્તાઓ, વિસરાયેલા રસ્તાઓ, પ્રાચીન પથ્થરો, ઝરણાં, મંદિરો અને આપણા વડીલોના અવાજો તરફ પાછા ફરવાની જરૂર છે. આ માત્ર ભૂતકાળની વાર્તાઓ નથી. આપણે કોણ છીએ, તેની ઓળખ આપતા આપણા અસ્તિત્વના અમૂલ્ય અંશો છે.

# ગુજરાતીના હૃદયમાં એક ચાચરચોક પણ હોય છે..!

કોણ કહે છે કે, મદ્યપાન કરવાથી જ નશો ચઢે? ગરબો પણ એક નશો છે. એનો ખેલૈયો પણ ઢોલ ઉપર થપાટ પડતાની સાથે, નશેડીની જેમ તાક-ધીનાધીન-ધા કરતો થઈ જાય. અમુક તો ગરબાના નશામાં એવા મશગુલ બની જાય કે, તડ પાડવા આવેલા ઘૂંટણીયા ની પણ દરકાર રાખવાનું ભૂલી જાય. પણ નવરાત્રીમાં 'ઈમ્યુનિટી' જે એવી વરસે કે, ઘૂંટણીયા છુટા પડી જાય તો ભલે પડી જાય, ગરબાની તાન નહિ મુકે...! ગુજરાતીની આ તાસીર છે. તેલ લેવા જાય શેરબજાર ..! તૂટવું હોય એટલું તૂટે, ગરબો ના તૂટવો જોઈએ..! ગરબાને ક્યારેય મોંઘવારી નાં ફૂંફાડા અસર કરતા નથી. એની જાતને, ધી ઈકોનોમિક્સના મોટા-મોટા પ્રોફેસરો પણ સમજી શક્યા નથી કે, બાઈકમાં ૫૦ રૂપિયાનું પેટ્રોલ પુરાવી ગાડું ગબડાવતા ખેલૈયાઓ, ત્રણથી પાંચ હજારના પાસનું સેટિંગ કરતા કેમના હશે..? આવા લોકોને તો બહાદુરીનો નેશનલ એવોર્ડ આપવો જોઈએ. ખિસ્સામાં 'ગાંધીજી' હોય કે ના હોય,વાઈબ્રેશન એવા આવે કે, બેઠા બેઠા પણ પગ ધૂણતા થઈ જાય..! ચોમાસું જેવું પૂરું થવા આવે એટલે ખેલૈયાઓના ડોળા નવરાત્રી તરફ ફરવા માંડે. શાકભાજી લેવા મોકલ્યો હોય તો 'બે-તાળી' કે ત્રણ તાળીના સ્ટેપમાં જ જાય. કિલોના ભાવને બદલે 'દોઢીયા' કે પંચિયા નાં ભાવે ખરીદી કરતો આવે. બોલ્લો...હવે તો લાગે છે ને કે, 'ગુજરાતીના હૃદયમાં એક ચાચરચોક પણ હોય છે..! ગરબો એ ગુજરાતને મળેલો સાંસ્કૃતિક વારસો છે. ગરબા ગાવા નહિ મળે તો રસોડામાં પણ વેલણ-રાસ ખેલી નાંખે એનું નામ ગુજરાતી. જેમણે પણ આ દુનિયાના નકશા પર દેશો અને રાજ્યો બનાવ્યા હશે, એમણે ગુજરાતના માટે એક ખાસ નોંધ લખી હશે કે, 'ગમે એવી વિકટ પરિસ્થિતિ આવે તો પણ, ઢોલ વાગે એટલે ગુજરાતી ગોળ ગોળ ફરવા માંડે. એટલે તો જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગરબાનીની ભાત..! ગુજરાતીના ગરબા ચોરસ નહિ હોય, પૃથ્વી ગોળ એમ એના ગરબા પણ ગોળ..! ગરબા પ્રત્યેનો એવો ઘેરો નશો હોય કે, જેનું કોઈ ડી-એડિક્શન સેન્ટર (વ્યસન મુક્તિ કેન્દ્ર) હજી સુધી શોધાયું નથી અને ભવિષ્યમાં શોધાય એવી શક્યતા પણ નથી. અલબત..! ગરબામાં ધોતિયા માસ્ટરનું કામ નહિ..! ગરબા ગાતા જો ભેરવાયું તો, ગરબો છોડીને ઘરે ભાગવું પડે. જેની વિમાની પોલીસી, ને ઢીંચણ બંને પાકી ગયા હોય, એમણે પારોળી ભકત બનીને નવરાત્રીના દીવડા જ સાચવવાના..! ગરબાનું કુંડાળું ભલે નાનું હોય પણ, પૃથ્વીની -દક્ષિણા કરતા હોય એવો ભાસ થાય..! ઘૂંટણ એ ગરબાનું ઉર્જા કેન્દ્ર છે. લાંબા થઇ જવાય યાર..? બાકી ગરબે રમવાની ફેઈણ કાઢવાનું કોને મન નહિ થાય..? પણ સુગર બ્લડ-સર ને કોલેસ્ટ્રોલ સાથે જેના સંબંધો બંધાયેલા હોય, એમણે તો સાહસ કરવા જ નહિ. ઘૂંટણીયા ઔર ટણક મારતા થઈ જાય. પારોળી ભક્ત બનીને પારોળી ઉપર ઠુંઠવાયને બેસી રહેવાનું, ને ઢીચણ ઉપર તાલી ઠોકી થાપ આપ્યા કરવાની. એ પણ ભક્તિ જ છે. જ્યાં સમ આવે ત્યાં 'લોલ' બોલતા થઇ ગયો ગરબો..! ગરબા ગવાતા હોય ત્યારે ધરમપુરના ધોધની માફક હોંશલો ઉછળે તો બહુ, પણ ગરબાનો એક જ આંટો લેવામાં જો છાતી ધમણની માફક ફૂલી જતી હોય, તા



હાસ્ય લહરી
રમેશ ચાંપાનેરી (રસમંજન)
હાસ્ય કલાકાર
94268 88880

બેઠા બેઠા જ 'જય માતાજી' બોલતા રહેવાનું. શું કહો છો ચમનીયા..? બાકી, ગરબા રમવામાં 'ચમનીયા' ની સ્ટાઈલ જેવી કોઈની સ્ટાઈલ નહિ દાદૂ..! એના કપાળમાં કાંદા ફોડું ઉભો ઉભો એવો નાચે કે, હવામાં ગરબા ગાતો હોય એવું લાગે..! ગરબાની હીંચ સંભળાવી જ જોઈએ, ધોતિયાંમાં પણ ફેરફુદરડી ફરી આવે. કઈ માતાજી એને આ શક્તિ આપે, એની ખબર નથી, પણ ટાંટિયામાં સ્પ્રીંગ બેસાડેલી હોય એમ, ઉછળે..! ધોતીયાના વેશમાં યોવનધનનાં ટોળામાં ગરબો ખેંચવા જાય ત્યારે તો, મોરના ટોળામાં વાંદરું ઘુસી ગયું હોય એવું લાગે..! 'યૌવન વીંઝે પાંખને બદલે, ડોહો વીંઝે આંખ' ની જેમ દાંડિયા ફેરવતો હોય એવું લાગે..! સચ્ચી..! ગરબો એટલે આસો માસે જીવનના સરવૈયાનું કાઢેલું સાંસ્કૃતિક સૌભાગ્ય. શબ્દ-સંગીત-ગાયકી અને પગના ઠુમકાની અનોખી શૈલી દ્વારા માતાજીની આરાધના કરવાની આધ્યાત્મિક રીતી..! ગરબો જોઇને ગરબામાં જોડાવાનું ગમે, જોવાનું પણ ગમે, ને સાંભળવાનું પણ ગમે, ને વીતેલા વરસોને યાદ કરીને ઝૂરવાનું પણ ગમે..! નવરાત્રીમાં હોસ્પીટલના ખાટલે બાટલા ચઢાવીને સુતા હોય, ને કોઈનો ખાટલો હલવા માંડે તો એવું નહિ માની લેવાનું કે, ભાઈને ટાઢીયા તાવની ધ્રુજારી ચઢી છે..! બનવાજોગ છે કે, ગરબાનો પવન પણ ભરાયો હોય..! ઓન લાઈન શિક્ષણની માફક, ઓન લાઈન ગરબાની 'ફોર્મ્યુલા' હજી આવી નથી, એ માતાજીની કૃપા છે. નહિ તો કંઈ કેટલાના બેડરૂમ-ડ્રોઈંગરૂમ કે રસોડા 'ચાચર-ચોક' માં ફેરવાય જાય.

કાનમાં ભૂંગળા નાંખીને ઘરમાં જ ગરબાના ગોટે ચઢ્યા હોત. ગરબાની ગુંજ કાને અથડાય એટલે, ખખડી ગયેલા ઘૂંટણમાં પણ પતંજલિનો પાવર આવી જાય..! બાકી ઢીંચણની પીડા કેવી હોય એ તો 'ઘાયલકી ગત ઘાયલ જાણે' એના જેવું છે. ઢીંચણ ઉપર માતાજીનું નાળીયેર વધેરો કે સાતવારની ચુંદડી બાંધો, તો પણ પરવારી ગયેલું ઢીંચણું ભાનમાં નહિ આવે...! ઢીંચણમાંથી જ જીવ ગતિ કરવાનો હોય, એમ કકડ..કકડ બોલવા માંડે. ચીસ પડાવી નાંખે યાર..? ભગવાનની પણ કેવી અસીમ કૃપા..? ગરબા ગાવા તો બબ્બે ઢીંચણ આપેલા. એક ઉપર એક ફ્રી..! એની જાતને એકને સાચવવા જાય તો ક્યારેક બીજું આડું ફાટે. બબ્બે વાઈફ સહન થાય, પણ બબ્બે ઢીંચણ જો આડા ફાટ્યા તો બુમ પડાવી દે..! સારવારમાં એવો ' લોલ ' થઇ જાય કે, 'ઘૂંઘટ કે પટ ખોલ' કહેવાનું પણ ભૂલી જાય. યાર...ઢીંચણ સંભાળવા જાય કે, ગરબાની 'લોલ' બોલવા જાય..? છતાં ગુજરાતી બ્રેકવાળું ગાલ્લું પણ ખેંચી જાણે, એનું નામ ગુજરાતી. ખેલૈયો એકવાર ગરબામાં ગોટે ચઢવો જોઈએ, પછી તો ઉમર પણ આપોઆપ રીટર્ન થવા માંડે..! હરખનાં ધીંગાણા થતાં હોય ત્યારે, ઉમરનો વર્તારો આડો આવતો નથી. પછી તો જેવી જેની મોજ તેવી તેની તાલી. શ્રધ્ધા અને ઝનુન આપોઆપ આવી જાય..!

આમ તો ઘરવાળા જ લક્ષ્મી, અન્નપૂર્ણા, સરસ્વતી ને કાલિકા માતા કહેવાય. પણ તેમની હાજરીમાં ઘરમાં દાંડિયા ખેલવા ગયા તો, પાટાપીંડી પણ આવે કહેવાય નહિ. મોટા ઉપાડે રસોડામાં તો ગરબા ખેલવા જ નહિ કે, 'તમે ચૂલેથી ઉતાર્યા ધાન, મા અન્નપુર્ણા, ને પૂર્યા અમારા કોડ દેવી અન્નપુર્ણા .! લસણ છોડવા જ બેસાડી દે..! ઘરના માતાજીને પલાળવા એટલે ડામર રોડ ઉપર વાવણી કરવા બરાબર..! નવરાત્રીમાં એક જ વાત યાદ રાખવાની માતાજીની આરતી આવડે કે નહિ આવડે. ગરબાના 'સ્ટેપ' ' આવડવા જોઈએ, એટલે નવરાત્રી પૂરી..! ધત્તતેરીકી...!

**લાસ્ટ બોલ**

ચંચીએ ચમનીયાને પૂછ્યું કે, 'આ વખતે તો મેં બે મહિના

# ૨૧ મી સદીમાં ગ્લોબલાઈઝડ કોમર્સ અને મેનેજમેન્ટ

એકવીસમી સદીના અઢારમા વર્ષમાં ભારતીય કંપનીઓએ કોમર્સ અને મેનેજમેન્ટના સમકાલીન ઈસ્યુઓ અંગે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવો અનિવાર્ય બને છે. સમગ્ર વિશ્વ જયારે ઈન્ફર્મેશન ટેક્નોલોજીના યુગમાં પ્રવેશી ચૂકયું છે ત્યારે વીસમી સદીની મેનેજમેન્ટ થિયરીઓ કે વિચારો કે પછી જૂનાં વ્યવસ્થાતંત્રના માળખાં એકવીસમી સદીમાં જાણે કાલગ્રસ્ત થઈ ચૂક્યા છે. વૈશ્વિક ફેરફારોને આપણે હવે નજરઅંદાજ કરી શકીએ એમ નથી. "Think Globally and Act Locally"ના સૂત્રને આપણે અપનાવવું જ પડશે.

ભારત દેશના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો આપણા દેશમાં એકસાથે ચાર-ચાર યુગનાં લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. જબરદસ્ત વિરોધાભાસનો આપણો દેશ છે. શિકાર યુગમાં જીવતા તીર-કામઠાંથી શિકાર કરીને માછલાં પકડીને ભરણપોષણ કરતા આજે પણ ખાસ્સી એવી સંખ્યામાં લોકો છે. ભારતના રસ્તાઓ પર ગાય, ભેંસ જેવા પ્રાણીઓ પણ ચાલે છે તથા ખેતીપ્રધાન યુગના બળદગાડાં અને ઘોડાગાડી પણ ચાલે છે. ઔદ્યોગિક યુગના કાર અને સ્કૂટર પણ રસ્તાઓ પર દોડે છે અને આકાશ તરફ નજર નાંખો તો માહિતીપ્રધાન યુગના પ્લેન પણ ઊડે છે.

૧૯૯૧માં આપણાં દેશમાં અમલમાં મૂકાયેલ LPG યાને લિબરાલાઈઝેશન, પ્રાઈવેટાઝેશન અને ગ્લોબલાઈઝેશને કોમર્સ અને મેનેજમેન્ટની આખી પરિભાષા જ જાણે બદલી નાંખી છે. LPG થી જાણે સમગ્ર સિનેરિયો જ બદલાઈ ગયો છે અને તેમાં પણ એકવીસમી સદી તો જાણે સંપૂર્ણ અનિશ્ચિતતાની સદી બની ગઈ હોય એવું કેટલીકવાર લાગે છે. આ સદીમાં પરિવર્તનો જેટ પ્લેનની અતિ ઝડપી ગતિએ આવે છે. એટલે કે વાવાઝોડાંની માફક આશ્ચર્યજનક રીતે પરિવર્તનો આવી રહયા છે. સર્વત્ર ગળાકાપ

અભિવ્યક્તિ



ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

સ્પર્ધા (કટ-થ્રોટ કોમ્પિટિશન) પ્રવર્તે છે. પ્રતિસ્પર્ધીઓ યાને હરીફો માર્કેટમાં જાણે એસોલ્ટ રાઈફલો સાથે આવે છે જેને કારણે ઝડપી પરિવર્તનને આવકારવામાં કાચી પડતી કંપનીઓને વાવાઝોડું ઉખેડીને ફેંકી દે છે.

આજે દુનિયાના નકશા ઉપરની જે સીમાઓ છે તે ફક્ત રાજકીય બોર્ડર જ છે. આખી દુનિયા એક રાક્ષસી માર્કેટ પ્લેસ બની ગયેલ છે. આજે વિશ્વ એક નાનું ગામડું બની ગયું છે. સમગ્ર વિશ્વ માટે ગ્લોબલ વિલેજ શબ્દ-યોગ આજે થઈ રહયો છે. પરિણામે એકવીસમી સદીમાં કોમર્સ અને મેનેજમેન્ટ ગ્લોબલાઈઝ થઈ ગયા છે. વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ચેઈન્જ શબ્દ જાણે આજે જૂનવાણી થઈ ગયો હોય એમ લાગે છે. એને માટે નવો શબ્દપ્રયોગ થાય છે. અને તે છે Revolution અર્થાત્ ક્રાંતિ. વિશ્વના કોઈપણ ખૂણે થતી ઊથલપાથલોની વ્યાપક અસરો વિશ્વના અન્ય દેશો ઉપર પણ અવશ્ય પડે છે. કોઈપણ દેશની કંપનીઓએ હવે રાષ્ટ્રીય જ નહીં, પરંતુ હવે વૈશ્વિક હરિફાઈમાં ઊતરવું પડે છે. તેથી કોમર્સ અને મેનેજમેન્ટની વાત ફક્ત લોકલ કક્ષાએ નહીં, પરંતુ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જ વિચારવી પડે એમ છે.

ઔદ્યોગિકરણનો ઈજારો અત્યાર સુધી યુરોપ-અમેરિકા એટલે કે પશ્ચિમના દેશોનો હતો. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ એશિયાના દેશો તાઈવાન, કોરિયા, હોંગકોંગ, થાઈલેન્ડ, મલેશિયા વિગેરે દેશોએ પશ્ચિમના દેશોની ઈજારાશાહી તોડી છે.

સમગ્ર વિશ્વની લગભગ ૪૦ % વસ્તી ધરાવતા દેશો ચીન અને ભારતની આજે બોલબાલા છે. પ?િમનું -ભુત્વ ઘટતું જાય છે અને તેમાં પણ ચીન તો મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગોનું પાવરહાઉસ બની ચૂકયું છે.

# ઈરાની નાટક 'હિડન' : શંકા, વિશ્વાસ અને અદૃશ્ય સત્યની મનોવૈજ્ઞાનિક સફર

ભાગ્યેન્દ્ર પટેલ
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)

ક્યારેક આંખો જોઈ શકતી નથી, પરંતુ મન ઘણું બધું જોઈ લે છે. અને ક્યારેક આંખો સામે દેખાતું સત્ય પણ વિશ્વાસની કસોટી બની જાય છે. માનવીય સંબંધોની આ જટિલતાને કેન્દ્રમાં રાખતું ઈરાનનું નાટક 'હિડન' નવી દિલ્હીની નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા ખાતે યોજાયેલા બ્રિક્સ થિયેટર ફેસ્ટિવલમાં ભારે આકર્ષણ જમાવી ગયું.

નાટકના કેન્દ્રમાં જીન નામની એક અંધ મહિલા છે જેને પોતાના પતિના વર્તનમાં કંઈક અસામાન્ય જણાય છે. ઘરમાં કોઈ અન્ય સ્ત્રીની હાજરી હોવાની તેને શંકા છે. તે કંઈક અનુભવે છે, કંઈક સૂંઘે છે અને પતિની ગેરહાજરીમાં ઘરમાં બનતી ઘટનાઓ વિશે તેના મનમાં પ્રશ્નો ઊભા થાય છે. કારવોશિંગનું કામ કરતો તેનો પતિ ભારે ચબરાક છે. ટીવીના અવાજો સંભળાવીને તે જીનને પટાવવાના ઉપાયો કરે છે. પરંતુ એનાથી તો જીનની શંકા વધુ ઘેરી થાય છે. શંકાનું રહસ્ય જાણવા માટે તેણે પતિની જાણ બહાર ઘરમાં સીસીટીવી કૅમેરા લગાવેલા છે. તોપણ જીન પાસે તો શંકાને સાબિત કરી શકે તેવી દૃષ્ટિ નથી. તે કશું જોઈ તો શકતી નથી. માત્ર અનુભવી શકે છે તે બહુ વ્યથિત ને આક્રમક થઈ જાય છે. એવામાં એક વાર તો તેની શંકાનું પાત્ર સામે હોવા છતાં તે ભાળી શકતી નથી. આખરે જીન મદદ માટે સહાયસંસ્થાને ફોન કરે છે. જ્યારે સહાયક આવે છે તો જીન તેને કૅમેરાનું રેકોર્ડીંગ તપાસવાની વિનંતી કરે છે.

પહેલાં તો મદદ કરવા આવનાર વ્યક્તિ આ તેની ફરજનો વિષય ન હોવાથી ના કહી ચાલી જાય છે. પરંતુ મહિલાની પરિસ્થિતિ અને તેની વ્યથા સમજ્યા પછી તે મદદ કરવા તૈયાર થાય છે. કૅમેરામાં કોઈની હાજરીનો સંકેત મળે છે અને રહસ્ય વધુ ઘેરું બને છે. પતિની જાણ વિના કરવામાં આવતી આવી તપાસ વ્યક્તિગત ગોપનીયતાના પ્રશ્નો ઊભા કરે છે. પણ અહીંથી નાટક માત્ર પતિ-પત્ની વચ્ચેની શંકાની વાત રહેતું નથી; તે વ્યક્તિગત ગોપનીયતા, નૈતિક જવાબદારી અને




મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિને મદદ કરવાની માનવીય ફરજ વચ્ચેનો સંઘર્ષ પણ બની જાય છે. આ પગલું માત્ર ટેક્નૉલૉજીનો ઉપયોગ નથી; તે પતિ-પત્ની વચ્ચેના વિશ્વાસમાં પડેલી તિરાડનું પ્રતીક પણ છે. જે સંબંધમાં ખુલ્લી વાતચીત હોવી જોઈએ, ત્યાં હવે છૂપી નજર અને ગુપ્ત તપાસ પ્રવેશી ગયાં છે.

આધુનિક જીવનમાં સુરક્ષા અને દેખરેખ માટે ઉપયોગમાં લેવાતાં કૅમેરા અહીં વ્યક્તિગત સંબંધોના પ્રશ્નો સાથે જોડાય છે. ઘરમાં કૅમેરા હોવા છતાં મહિલાને તરત જ સંતોષકારક જવાબ મળતો નથી. દૃશ્ય અને અદૃશ્ય વચ્ચેનો આ સંઘર્ષ નાટકને મનોવૈજ્ઞાનિક ઊંડાણ આપે છે. નાટકના 'હિડન'ના આ પ્રસંગમાં અંધત્વનો અર્થ માત્ર આંખોની દૃષ્ટિનો અભાવ નથી. તે સંબંધોમાં રહેલી અસ્પષ્ટતા અને સત્ય સુધી પહોંચવાની મર્યાદાનું રૂપક પણ બને છે. બીજી તરફ, ટેક્નૉલૉજી બધું રેકૉર્ડ કરી શકે છે, પરંતુ તે દરેક પ્રશ્નનો અર્થ આપમેળે સમજાવી શકતી નથી. કૅમેરામાં કોઈ વ્યક્તિ દેખાય તો પણ તેની હાજરીનો અર્થ શું છે, તેની પાછળનું કારણ શું છે અને શંકા કેટલી વાજબી છે—એ સમજવા માટે માનવીય સંવેદના અને વિવેક જરૂરી છે.

નાટકનો મનોવૈજ્ઞાનિક તણાવ આ જ અનિશ્ચિતતામાંથી જન્મે છે. સામે ભજવાતું આ નાટક પ્રેક્ષકોને અસ્વસ્થ કરી નાખે તેવા પ્રશ્નો પૂછે છે. સંબંધમાં વિશ્વાસ તૂટે ત્યારે માણસ સત્ય શોધવા કેટલી હદ સુધી જઈ શકે? વ્યક્તિગત ગોપનીયતા અને સત્ય જાણવાના અધિકાર વચ્ચેની સીમા ક્યાં નક્કી થાય? અને જ્યારે કોઈ વ્યક્તિ પોતાની વાત સાબિત કરવા માટે સંઘર્ષ કરતી હોય, ત્યારે તેની મદદ કરવી એ માત્ર ફરજનો પ્રશ્ન છે કે માનવીય સંવેદનાનો પણ? આ પ્રશ્નોના સરળ જવાબ નથી. કદાચ આ જ કારણ છે કે આવી કથા દર્શકને નાટક પૂરું થયા પછી પણ વિચારતા રાખે છે. 'હિડન' શીર્ષક પોતે જ અનેક અર્થો ધરાવે છે—છુપાયેલું સત્ય, છુપાયેલી હાજરી, મનમાં દબાયેલી શંકા અને સંબંધોમાં ધીમે ધીમે ઊભી થતી અદૃશ્ય દીવાલ. બ્રિક્સ થિયેટર ફેસ્ટિવલ જેવા આંતરરાષ્ટ્રીય મંચ પર રજૂ થતી આવી કથા યાદ અપાવે છે કે રંગભૂમિનું મહત્ત્વ માત્ર મનોરંજન પૂરતું નથી. તે માનવીના અંતરમનમાં પ્રવેશીને એવા પ્રશ્નો સામે ઊભા કરે છે, જેનો સામનો આપણે ઘણી વાર પોતાના જીવનમાં પણ કરતા હોઈએ છીએ. અંતે સવાલ માત્ર એટલો નથી કે ઘરમાં કોણ આવ્યું હતું; સવાલ એ પણ છે કે શંકાએ સંબંધને કેટલો બદલી નાખ્યો હતો અને સત્ય સુધી પહોંચવાની ઈચ્છામાં માણસે વિશ્વાસની કેટલી કિંમત ચૂકવી હતી. અહીં નાટક એક રસપ્રદ મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિ ઊભી કરે છે શું વ્યક્તિ જે અનુભવે છે તે હંમેશાં સત્ય હોય છે? કે પછી શંકા ધીમે ધીમે મનમાં એવું વિશ્વ ઊભું કરે છે, જેમાં દરેક નાની ઘટના પણ પુરાવા જેવી લાગવા માંડે છે?

આ નાટકના મંચનમાં ટેકનોલોજી અને દિગ્દર્શકની વિચારસૂઝનું અત્યંત ઉત્તમ પ્રદર્શન જોવા મળ્યું. સાવ સફેદ દીવાનખંડ અને તેમાં ઉજવણીની ઝાકઝમાળ દર્શાવતી લાઈટિંગ અને વળી મહત્તમ કાળાં અને સફેદ વસ્ત્રોમાં પાત્રો. એથી ય સવિશેષ ઈરાની કલાકારોનો જાજરમાન અભિનય. પાર્શ્વસંગીત તો નાટકને જાણે સમક્ષ જ બનતી ઘટના બનાવી દે છે. રંગમંચ પર આવી કથા જોવાનો અનુભવ ફિલ્મ જોવા કરતાં જુદો હોય છે. ફિલ્મનું માધ્યમ વિશાળ છે; તે અનેક સ્થળોએ એકસાથે પહોંચી શકે છે અને લાખો લોકો સુધી પોતાની વાત પહોંચાડી શકે છે. પરંતુ નાટકમાં કલાકાર અને પ્રેક્ષક એક જ સમયે, એક જ સ્થળે હાજર હોય છે. કલાકારના ચહેરા પર આવતી ક્ષણિક લાગણી, અવાજમાં થતો કંપ, લાંબું મૌન, શરીરની ગતિ અને પ્રકાશના બદલાવથી ઊભી થતી અસર પ્રેક્ષકની નજર સામે જીવંત બને છે. પાત્રના મનમાં જે ઘૂંટાતું હોય છે, તે કલાકારના અભિનય દ્વારા જાણે આપણી સમક્ષ જ આકાર લે છે. પ્રેક્ષક માત્ર ઘટના જોતો નથી; તે કલાકાર સાથે મળીને એ ઘટનાને અનુભવે છે. આ સહઅનુભૂતિ રંગમંચની સૌથી મોટી શક્તિઓમાંની એક છે.

રાજધાનીમાં ૧૨થી ૧૪ ઑક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાયેલા ફેસ્ટિવલમાં નવ દેશોનાં દસ નાટ્યજૂથો દ્વારા કુલ અગિયાર નાટકો રજૂ કરવામાં આવ્યાં. ભારત, રશિયા, ઈરાન, દક્ષિણ આફ્રિકા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, વિયેતનામ, કઝાકિસ્તાન અને ઈથિયોપિયાના કલાકારો એક જ મંચ પર પોતાની ભાષા, સંસ્કૃતિ અને રંગપરંપરાઓ સાથે ઉપસ્થિત રહ્યા. મહોત્સવની સંકલ્પના 'સહિયારી કથાઓ, સહિયારું ભવિષ્ય'—વિવિધ દેશોની વાર્તાઓ દ્વારા માનવીય અનુભવોના સહિયારા તત્ત્વોને ઉજાગર કરવાની હતી.

આ રજૂઆતોમાં ભારતીય પૌરાણિક પરંપરા, સામાજિક પ્રશ્નો, લોકસંસ્કૃતિ અને આધુનિક માનસિક સંઘર્ષનાં જુદાં જુદાં સ્વરૂપો જોવા મળ્યાં. આવી આંતરરાષ્ટ્રીય પ્રસ્તુતિઓનું મહત્ત્વ એ છે કે આપણે અન્યને પોતાની સંસ્કૃતિથી જુદી સંસ્કૃતિને સમજીએ છીએ, પરંતુ એમાં પણ આપણા જેવાં જ અથવા તો એમના જેવાં જ સુખ, દુઃખ, પ્રશ્નો અને મૂંઝવણો અનુભવાતાં હોય છે.

# સુખને શોધવા કરતાં... સર્જન કરતાં શીખો!



જીવનમાં સુખી થવા માટે હંમેશાં મોટી સફળતા, ભરપૂર પૈસા કે અનુકૂળ સંજોગોની જરૂર નથી. ઘણીવાર આપણે સુખને આવતીકાલની કોઈ મોટી ઉપલબ્ધિ સાથે જોડી દઈએ છીએ અને આજની નાની ખુશીઓને નજરઅંદાજ કરી દઈએ છીએ. હકીકત તો એ છે કે ખુશહાલી બહારની પરિસ્થિતિ કરતાં આપણા મનની સ્થિતિ પર વધુ આધાર રાખે છે.



સતરંગી શમણાં
-નીતા પી. જાદવ, રાજકોટ

**જીવન સુંદર બનાવવું હોય તો,**
**સંજોગો નહીં નજરિયો બદલવો પડે.**

જીવનને હળવું, શાંત અને ખુશહાલ બનાવવા માટે ત્રણ સરળ રસ્તા અપનાવી શકાય.

૧. જે મળ્યું છે તેની કદર કરો

માણસનું મન ઘણીવાર જે નથી મળ્યું તેના પાછળ દોડે છે અને જે મળ્યું છે તેની કિંમત ભૂલી જાય છે. બીજાની જિંદગી સાથે પોતાની સરખામણી કરવાથી અસંતોષ વધે છે. દરેકની સફર અલગ છે, એટલે પોતાની જિંદગીને બીજાના માપદંડથી માપવી યોગ્ય નથી.

સવારે ઊઠીને માત્ર એટલું વિચારવું કે ક્રમારી પાસે આજે કઈ એવી વસ્તુ છે જેના માટે હું આભારી છું?—આ વિચાર જ મનનો અભાવભાવ બદલી શકે છે. પરિવાર,

મત્રો, સ્વાસ્થ્ય, રોજગાર, ઘર કે શાંતિથી પસાર થતો એક સામાન્ય દિવસ પણ આશીર્વાદ બની શકે છે.

જે છે એની કદર કરશો,
તો જે નથી એની ખોટ ઓછી લાગશે.

૨. સંબંધોમાં 'સમય' નહીં, 'લાગણી' આપો

આજના સમયમાં માણસ પાસે બધું છે, પણ પોતાના માણસો માટે સમય ઓછો છે. એક જ ઘરમાં રહેતા લોકો પણ ઘણીવાર મોબાઈલની સ્ક્રીનમાં એટલા વ્યસ્ત હોય છે કે એકબીજાની આંખોમાં જોઈને વાત કરવાનો સમય નથી મળતો.

સારા સંબંધો માટે મોંઘી ભેટોની જરૂર નથી. પ્રેમથી પૂછેલો એક પ્રશ્ન, મુશ્કેલીમાં આપેલો સાથ, ભૂલ થઈ જાય ત્યારે માફી અને કોઈની વાતને વચ્ચે અટકાવ્યા વગર સાંભળવાની તૈયારી—આ જ સંબંધોની સાચી સંપત્તિ છે.

**સંબંધોને શબ્દોની ભીડ નહીં,**
**થોડી સમજણ અને ઘણી લાગણી**
**જીવંત રાખે છે.**

૩. આજની પળને જીવવાનું શીખો ભૂતકાળની ભૂલોને બદલી શકાતી નથી અને ભવિષ્યની ચિંતા કરીને આજનો દિવસ પાછો મેળવી શકાતો નથી. છતાં આપણું મન ઘણીવાર કાં તો ગઈકાલમાં અટવાયેલું હોય છે અથવા આવતીકાલની ચિંતામાં ખોવાયેલું રહે છે. આથી રોજ થોડો સમય પોતાના માટે કાઢો. મનગમતું ગીત સાંભળો, કુદરતને નિહાળો, પરિવાર સાથે હસો, કોઈ સર્જનાત્મક કામ કરો કે માત્ર શાંતિથી બેસીને પોતાના મનને સાંભળો. દરેક દિવસ સંપૂર્ણ હોવો જરૂરી નથી; પરંતુ દરેક દિવસમાં એક સુંદર ક્ષણ શોધી શકાય છે.

**ગઈકાલને પાઠ બનાવી દો,**
**આવતીકાલને આશા;**
**પણ આજની પળને હાથમાંથી**
**સરકી જવા ન દો.**

આખરે ખુશહાલ જીવન કોઈ જાદુઈ સૂત્રનું પરિણામ નથી. સંતોષ રાખવો, સંબંધોને સાચવવા અને વર્તમાનને સ્વીકારીને જીવવું—આ ત્રણ સરળ ટેવો જીવનની દિશા બદલી શકે છે.

કારણ કે સુખ કોઈ દૂરની મંઝિલ નથી
સુખ મેળવવા ક્યાંય જવું પડતું નથી,
મનને સમજાવી લો તો ઘરઆંગણે પણ વસંત ઊતરે છે.

# ક્યાં ખોવાઈ ગયો ગરબાનો એ જૂનો ઉમંગ?

ક્યારેક તહેવારોની રાહ આંખોમાં સપનાં બનીને ઊતરતી હતી, આજે એ જ તહેવારો આવે છે ત્યારે મન જાણે પોતાની જ લાગણીઓ શોધતું રહી જાય છે

એક સમય હતો, જ્યારે નવરાત્રી આવવાની હોય ત્યારે મનમાં જાણે પૂનમની ચાંદની ખીલી ઊઠતી. નવરાત્રીની તારીખો નજીક આવે એટલે ચણિયાચોળીની ખરીદી, મેચિંગ બંગડીઓ, પગમાં ઝાંઝર, હાથમાં મહેંદી અને ગરબે રમવા જવાની અદમ્ય ઉતાવળ! જાણે આખા વર્ષનો આનંદ આ નવ દિવસોમાં સમેટાઈ જવાનો હોય. ઢોલનો પહેલો તાલ સંભળાય એ પહેલાં જ હૃદય ગરબે ઘૂમવા લાગતું.

મિત્રો સાથેની મસ્તી, સખીઓ સાથેની વાતો, ગરબાના મેદાનમાં થતી આંખોની ઓળખાણ અને કોઈની એક ઝલક જોવા માટે વારંવાર ફરતી નજર એ દિવસોમાં નવરાત્રી માત્ર એક તહેવાર નહોતો, પરંતુ જીવનને મન ભરીને જીવવાનો એક સુંદર અવસર હતો.

પણ સમય ક્યાં એકસરખો રહે છે?

આજે પણ નવરાત્રી આવે છે. બજારો રોશનીથી ઝળહળી ઊઠે છે, ગરબાનાં મેદાનો શણગારાય છે, ઢોલના તાલ ગુંજે છે અને ચારે તરફ રંગોની છોળો ઊડે છે. બધું જ પહેલાં જેવું દેખાય છે, છતાં મનના કોઈ ખૂણે કંઈક બદલાઈ ગયું હોય એવું લાગે છે. પહેલાં જે ઉત્સાહથી તૈયાર થઈને બહાર નીકળવા મન તલપાપડ થતું, આજે એ જ મનને ક્યારેક ઘરની બહાર પગ મૂકવાનું પણ ગમતું નથી.



પ્રીતનું ઝરણું
જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ

શું નવરાત્રી બદલાઈ ગઈ છે? ના, કદાચ નવરાત્રી નહીં, આપણે બદલાઈ ગયાં છીએ!

જવાબદારીઓના ભાર નીચે ક્યાંક આપણું નિર્દોષ બાળપણ દટાઈ ગયું છે. સંબંધોની ગૂંચવણોમાં મનની સરળતા ખોવાઈ ગઈ છે. જે ખુશીઓ માટે એક સમયે આખું વર્ષ રાહ જોતા હતા, એ જ ખુશીઓ આજે સામે ઊભી હોય તોપણ મન એને માણી શકતું નથી. ક્યારેક કોઈ જૂની યાદ આંખોના ખૂણે ભીનાશ મૂકી જાય છે, તો ક્યારેક કોઈ અધૂરી લાગણી આખી રાત મનને ઉદાસ રાખે છે.

દુઃખ નવરાત્રી આવવાનું નથી, દુઃખ તો એ છે કે જે તહેવાર એક સમયે મનને જીવંત કરી દેતો હતો, આજે એ જ તહેવાર મનના મૌનને તોડી શકતો નથી.

પણ શું આનો અર્થ એવો છે કે જીવનમાંથી આનંદ હંમેશ માટે વિદાય લઈ ગયો છે? કદાચ નહીં! કદાચ મનને ફરીથી જીવતાં શીખવવાની જરૂર છે.

એ જૂના દિવસો પાછા નહીં આવે, એ સમયે મળેલા લોકો પણ કદાચ સાથે નહીં હોય, પરંતુ જીવનમાં નવી ખુશીઓ માટે જગ્યા તો બનાવી જ શકાય.

આ નવરાત્રીમાં બીજાને ખુશ કરવા માટે નહીં, પણ પોતાના મનને સમજવા માટે થોડો સમય કાઢીએ. મન થાય તો ગરબે ઘૂમીએ, મન થાય તો મા અંબાના ચરણોમાં શાંતિથી બેસીએ અને મન ઉદાસ હોય તો પોતાની લાગણીઓને પણ પ્રેમથી સ્વીકારીએ.

કારણ કે દરેક વખતે હસવું જ ખુશી નથી હોતું અને દરેક વખતે ઉદાસ રહેવું એ હાર પણ નથી હોતી.

નવરાત્રી તો દર વર્ષે આવશે, ગરબાના તાલ પણ ગુંજશે; બસ, મનના આંગણે ફરી એકવાર આનંદનો દીપ પ્રગટે, એટલી જ પ્રાર્થના મા અંબાના ચરણોમાં કદાચ આ વખતે નવરાત્રીને પહેલાં જેવી બનાવવાની નહીં, પરંતુ બદલાયેલા મનને ફરીથી પ્રેમથી જીવતાં શીખવવાની જરૂર છે.

# ડૂબતી આ નાવને વળગી રહ્યો છું એકલો



*સૂર્ય માફક આજ પણ સળગી રહ્યો છું એકલો;*
*કોઈ ભીની યાદમાં તડપી રહ્યો છું એકલો.*
*જો હવે મારી કને મારોય ક્યાં અજવાસ છે;*
*કારમાં અંધારામાં ભટકી રહ્યો છું એકલો.*
*સૌ સમયને પારખી કૂદી પડ્યા છે જળ મહીં;*
*ડૂબતી આ નાવને વળગી રહ્યો છું એકલો.*
*કોઈ કાળે સાંપડી ના એ હવાની લ્હેરખી;*
*શુષ્કતાના શાપથી ફફડી રહ્યો છું એકલો.*
*સાંકળો ખખડે નહીં ને સાદ પણ આવે નહીં;*
*દ્વાર ઘરના તે છતાં ખોલી રહ્યો છું એકલો.*

-શ્યામ ઠાકોર

કેટલીક ગઝલો માત્ર શબ્દોની રચના નથી હોતી, પરંતુ માનવહૃદયની ઊંડી વેદના, એકલતાની વ્યથા, અધૂરી આશાઓ અને જીવનના સંઘર્ષનું જીવંત પ્રતિબિંબ હોય છે. આવી ગઝલો વાંચતી વખતે વાચક માત્ર શબ્દોનો અર્થ સમજતો નથી, પરંતુ પોતાની અંદર ક્યાંક દબાયેલી લાગણીઓનો અવાજ પણ સાંભળે છે. શ્યામ ઠાકોરની પ્રસ્તુત ગઝલ આવી જ સંવેદનાસભર રચના છે, જેમાં એકલતાની પીડા, સ્મૃતિઓની ભીનાશ, જીવનની દિશાહીનતા, સંબંધોની નિઃશબ્દતા અને આશાના અંતિમ કિરણને પકડી રાખવાની મથામણ અત્યંત અસરકારક રીતે વ્યક્ત થઈ છે.

ગઝલના દરેક શેરમાં એક એવો માનવી આપણી સામે ઊભો થાય છે, જે જીવનની ભીડમાં હોવા છતાં આંતરિક રીતે એકલો છે. તેની આસપાસ દુનિયા ગતિશીલ છે, લોકો પોતાના માર્ગે આગળ વધી રહ્યા છે, સમય સતત બદલાઈ રહ્યો છે; છતાં તેના અંતરમાં કોઈ અજાણી ખાલીપો વસેલી છે. આ ખાલીપો માત્ર વ્યક્તિની ગેરહાજરીનું પરિણામ નથી, પરંતુ લાગણીસભર સાથ, આત્મીયતા અને માનસિક હૂંફના અભાવમાંથી જન્મેલી સ્થિતિ છે. ગઝલકાર આ આંતરિક સંઘર્ષને પ્રકૃતિનાં પ્રતીકો અને રોજિંદા જીવનનાં દૃશ્યો દ્વારા કાવ્યાત્મક ઊંચાઈ આપે છે.



સંવેદન
- ડૉ. બાબુ ચૌધરી, નાનાપોંઢા

ગઝલનો પ્રથમ શેર જ વાચકના હૃદયને સ્પર્શી જાય છે

અહીં 'સૂર્ય'નું પ્રતીક અત્યંત અર્થસભર છે. સૂર્ય આખી દુનિયાને પ્રકાશ આપે છે, પોતે સતત અગ્નિમાં તપે છે અને પોતાના અસ્તિત્વથી અન્યને જીવન આપે છે. ગઝલનો નાયક પણ જાણે આવો જ છે. બહારથી તે સૂર્યની જેમ તેજસ્વી અને સક્ષમ દેખાતો હશે, પરંતુ અંદરથી લાગણીઓની આગમાં સળગી રહ્યો છે. તેની એકલતા સામાન્ય નથી; એ એવી એકલતા છે, જેમાં માણસ પોતાની પીડા વ્યક્ત પણ કરી શકતો નથી.

બીજી પંક્તિમાં આવતો 'ભીની યાદ'નો પ્રયોગ ગઝલને વિશેષ સંવેદનશીલ બનાવે છે. યાદો ભીની હોય છે, કારણ કે તેમાં લાગણીના આંસુ ભળેલા હોય છે. કોઈ પ્રિય વ્યક્તિ, કોઈ અધૂરી મુલાકાત, કોઈ વિતેલી ક્ષણ કે કોઈ અપૂર્ણ સંબંધની સ્મૃતિ મનને વારંવાર સ્પર્શતી રહે છે. ભૂતકાળની આ યાદો એક તરફ હૃદયને હૂંફ આપે છે, તો બીજી તરફ વર્તમાનની એકલતાને વધુ તીવ્ર બનાવે છે. 'સળગવું' અને 'ભીની યાદ' વચ્ચેનો વિરોધાભાસ પણ નોંધપાત્ર છે. એક તરફ આગ છે, બીજી તરફ ભીનાશ છે; પરંતુ બંને મળીને વિરહની એવી અનુભૂતિ સર્જે છે, જેમાં માણસ અંદરથી તડપતો રહે છે. આ શેર ગઝલના સમગ્ર ભાવવિશ્વનો પ્રવેશદ્વાર બની રહે છે.

'મારી કને મારોય ક્યાં અજવાસ છે'—આ પંક્તિ આત્મવિશ્વાસના ક્ષીણ થતા પ્રકાશની વાત કરે છે. સામાન્ય રીતે માણસ મુશ્કેલીના સમયમાં પોતાની અંદરથી હિંમત મેળવે છે. પોતાનું મન જ તેને માર્ગ બતાવે છે. પરંતુ અહીં પરિસ્થિતિ એવી છે કે કવિને પોતાના અસ્તિત્વમાં પણ પ્રકાશ દેખાતો નથી. જાણે પોતાની જાત સાથેનો સંબંધ પણ ઝાંખો પડી ગયો હોય.

'કારમાં અંધારામાં ભટકી રહ્યો છું' એ આધુનિક જીવનનું સુંદર પ્રતીક છે. કાર ગતિનું, સગવડનું અને આધુનિકતાનું પ્રતીક છે, જ્યારે અંધકાર અજ્ઞાન, મૂંઝવણ અને દિશાહીનતાનું પ્રતીક છે. માણસ પાસે સાધનો છે, ગતિ છે, આગળ વધવાની ક્ષમતા છે, છતાં તેને કઈ દિશામાં જવું તેની સ્પષ્ટતા નથી. જીવનમાં પણ આવું જ બને છે. બહારથી બધું સુવ્યવસ્થિત દેખાતું હોય, પરંતુ મનની અંદર પ્રશ્નોનો અંધકાર છવાયેલો હોય છે. ગઝલકારનો નાયક કારમાં બેઠો છે, છતાં માર્ગ શોધી શકતો નથી. આ દૃશ્ય આધુનિક માનવીની માનસિક સ્થિતિને સ્પર્શે છે.

ત્રીજા શેરમાં જીવનસંઘર્ષનું એક વિશિષ્ટ ચિત્ર ઉપસે છે

આ શેરમાં બે અર્થસ્તરો જોવા મળે છે. એક તરફ, તે મુશ્કેલીમાં અટવાઈ ગયેલા માણસની લાચારી વ્યક્ત કરે છે; બીજી તરફ, તે પોતાની જવાબદારી, સંબંધ કે વિશ્વાસને અંતિમ ક્ષણ સુધી પકડી રાખનાર વ્યક્તિની નિષ્ઠા પણ દર્શાવે છે. જ્યારે બધા સાથ છોડી દે, ત્યારે પણ કોઈ એક વ્યક્તિ પોતાની નાવને વળગી રહે છે. એ નાવ માત્ર જીવનની નાવ નથી, પરંતુ કોઈ સંબંધ, સ્વપ્ન, વિશ્વાસ કે મૂલ્યનું પ્રતીક પણ હોઈ શકે છે.

આ શેર વાચકને એક મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે સંજોગો પ્રતિકૂળ બને ત્યારે બચી જવું વધુ મહત્ત્વનું છે કે પોતાના વિશ્વાસને જાળવી રાખવો? ગઝલકાર આ પ્રશ્નનો સીધો ઉત્તર આપતા નથી, પરંતુ નાયકની સ્થિતિ દ્વારા વાચકને વિચારતા કરે છે. આ જ કાવ્યની વિશેષતા છે.

ચોથા શેરમાં -કૃતિના અભાવમાંથી જન્મતી પીડા વ્યક્ત થાય છે

'શુષ્કતાનો શાપ' અત્યંત અસરકારક કલ્પના છે. શુષ્કતા માત્ર જમીનની નથી હોતી; તે લાગણીઓની, સંબંધોની અને જીવનની પણ હોઈ શકે છે. જ્યાં લાગણીનો વરસાદ થતો નથી, જ્યાં આત્મીયતાનો સ્પર્શ મળતો નથી અને જ્યાં આશાઓનાં બીજ અંકુરિત થતાં નથી, ત્યાં માનવીનું અંતર શુષ્ક બની જાય છે.

અહીં 'ફફડી રહ્યો છું' શબ્દપ્રયોગ એકલતાની તીવ્રતા વધારે છે. નાયક માત્ર દુઃખી નથી, પરંતુ સતત અસુરક્ષાની લાગણી અનુભવે છે. તેને કોઈ એવી હૂંફની જરૂર છે, જે તેના જીવનની શુષ્કતાને દૂર કરી શકે. આ શેર માનવીના ભાવનાત્મક અસ્તિત્વ માટે પ્રેમ અને આત્મીયતાની અનિવાર્યતા સમજાવે છે.

પાંચમો અને અંતિમ શેર ગઝલને અત્યંત કરુણ છતાં આશાભર્યા ભાવ સાથે પૂર્ણ કરે છે

આ દૃશ્યમાં રાહ જોવાની વેદના છે, સંબંધની ઝંખના છે અને આશા છોડી ન શકવાની મજબૂરી પણ છે. કદાચ કોઈ પ્રિય વ્યક્તિ પાછી આવશે એવી અપેક્ષા છે; કદાચ કોઈ વિખૂટેલો સંબંધ ફરી જોડાશે એવી આશા છે; અથવા કદાચ જીવનમાં ફરી કોઈ આત્મીય વ્યક્તિ પ્રવેશશે એવી ઝંખના છે.

'દ્વાર' અહીં માત્ર ઘરનો દરવાજો નથી, પરંતુ હૃદયનો દરવાજો પણ છે. વારંવાર નિરાશા મળવા છતાં નાયક પોતાના અંતરના દ્વાર બંધ કરતો નથી. આ તેની સંવેદનશીલતા છે, પરંતુ તેની વેદના પણ છે. કારણ કે જ્યાં કોઈના આગમનનો સંકેત નથી, ત્યાં પણ રાહ જોવી સહેલી નથી.

આ શેરમાં ગઝલકાર માનવીના એવા સ્વભાવને ઉજાગર કરે છે, જે વારંવાર દુઃખી થવા છતાં આશા રાખવાનું છોડતો નથી.

સમગ્ર ગઝલની ભાષા સરળ, પ્રવાહી અને ભાવસભર છે. 'સૂર્ય', 'અજવાસ', 'કાર', 'અંધકાર', 'નાવ', 'જળ', 'હવાની લહેરખી', 'શુષ્કતા' અને 'દ્વાર' જેવાં પ્રતીકો ગઝલના ભાવવિશ્વને સમૃદ્ધ બનાવે છે. ગઝલકાર અમૂર્ત લાગણીઓને મૂર્ત દૃશ્યોમાં ઢાળે છે, જેથી વાચક એકલતાને માત્ર અનુભવે જ નહીં, પરંતુ જાણે પોતાની આંખે જોઈ પણ શકે.

શ્યામ ઠાકોરની ગઝલ આપણને પોતાની આસપાસના અને પોતાના અંતરના માણસને સમજવાની પ્રેરણા આપે છે.

અંતે કહી શકાય કે આ ગઝલ એકલતાનું માત્ર વર્ણન કરતી નથી, પરંતુ એકલતામાં જીવતા માનવીની આંતરિક યાત્રાને ઉજાગર કરે છે. તેમાં સ્મૃતિની ભીનાશ છે, જીવનની અંધારી કેડી છે, સંઘર્ષની ડૂબતી નાવ છે, લાગણીની શુષ્કતા છે અને અંતે બંધ ન થતા હૃદયના દ્વાર છે.

શ્યામ ઠાકોરની આ ગઝલનો મૂળ સંદેશ એ છે કે માણસની સૌથી મોટી વેદના ક્યારેક દુઃખમાં નહીં, પરંતુ એ દુઃખને વહેંચવા માટે કોઈ ન હોવામાં રહેલી હોય છે.

છતાં માનવીનું હૃદય આશાનો દીવો સંપૂર્ણપણે બુઝાવતું નથી. કોઈ સાદ ન આવે, કોઈ સાંકળ ન ખખડે, કોઈ સાથ ન મળે—ત્યારે પણ તે દ્વાર ખોલે છે. આ જ માનવીય સંવેદનાની સુંદરતા છે અને આ જ ગઝલની ચિરંજીવ અસર છે.

# વિચાર વિશે વિચાર



આપણા ઉપનિષદનો જાણીતો મંત્ર છે કે અમને ચારે દિશાએથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. રચનાત્મક અને હકારાત્મક વિચારોથી માનવ કલ્યાણ વિષય વિચારી શકાય છે. ખંડનાત્મક અને નકારાત્મક વિચારો માણસની પ્રગતિને રોકે છે... અવરોધે છે.

સારા અને સુંદર વિચારો ઉત્તમ કક્ષાના પુસ્તકોના વાંચન દ્વારા ઘડાતા હોય છે. સારા પુસ્તકોનું પરિશ્રમ કરીએ તો આપણને સુંદર વિચારો પ્રાપ્ત થતા હોય છે. સુંદર વિચારોની સુગંધ પુષ્પો જેવી સુવાસિત હોય છે જે આપણને રંગીન પતંગિયું બનાવી મૂકે છે. સારા વિચારો ગંગા નદીના જળ જેવા પવિત્ર અને નિર્બળ હોય છે જે આપણા પ્રાણને પાવન કરે છે!

ઉત્તમ કક્ષાના વિચારો આપણને ચિંતકની શ્રેણી માં મૂકે છે. આપણા ચિંતકો ઘણા દૂ..રનું વિચારી શકે છે, જોઈ શકે છે અને માર્ગદર્શન આપી શકે છે.

સુવિચાર એ આપણા વિચાર રત્નો છે. આવા વિચાર રત્નો સંસ્કૃત સાહિત્યમાંથી પ્રાપ્ત થતા હોય છે. સવારે થતો પંખીઓનો કલરવ કવિને કવિતાનો વિચાર આપી જાય છે.

શબ્દથી શબ્દ સુધી
રમેશ પટેલ, સુરત

રણમાં ઊંટ પર બેસી હિમાલયની શીતળતાનો અનુભવ કે વિચાર કરી શકાય છે. વિચારની ઝડપ પ્રકાશની ગતિ કરતા પણ વધુ ઝડપી છે.

ક્ષણેક્ષણનો વિચાર આપણા માટે મૂલ્યવાન બની શકે છે. સારા મિત્રો જોડે વિચાર વિનિમય કરવાથી આપણા સંસ્કારોનું ઘડતર થતું રહે છે. આ મિત્રો વ્યસનમુક્ત હોવા જરૂરી છે અને ચારિત્રવાન પણ હોવા જોઈએ તો જ આપણે સુંદર વિચારો આપણી ભીતર લાવી શકીએ છીએ. બધા જ સાધુઓ કાંઈ ચારિત્રવાન હોતા નથી ભલે સારા વિચારો કરી શકે આપી શકે પણ એ સમાજમાં ઉપયોગી ન પણ નીવડે. સારા અને સુંદર વિચારો આપણા પૌરાણિક ગ્રંથોમાંથી પ્રાપ્ત થતા હોય છે ...જેથી એનું અધ્યયન કરે ચિંતન મનન કરવું જરૂરી છે, જે આપણને સારા અને સુંદર વિચારોનું ભાતું આપી શકે.

સારા અને પવિત્ર વિચારો આપણને નીર પ્રક્ષીરનો વિવેક શીખવે છે.

આપણે વિચાર કરીએ છીએ તેથી આપણે માણસ છીએ. મારા માણસ બનવા માટે સારા વિચારો અત્યંત જરૂરી છે.

હે પ્રભુ! હું તમારી પાસે બીજું કશું જ માગતો નથી પણ મને સારા અને સુંદર વિચાર આપો બસ એ જ.

આપણું વિચાર બીજ વટવૃક્ષની છાયા બનવી જોઈએ!

બીજાને નડતરરુપ ન થાય એ રીતે આપણે વિચારવું જોઈએ. પ્રકૃતિ સાથેનું સાનિધ્ય કેળવવાથી સુંદર અને સારા વિચારો પ્રાપ્ત થતા હોય છે. આપણું વિચાર પંખી આકાશ પાછળના આકાશમાં પણ ઊડી શકે છે! સારા વિચાર કરનારો નર સદા સુખી અને આનંદી રહી શકે છે. આપણે નકામા વિચારવાનું નિંદણ કરતા રહેવું જરૂરી છે. જેથી સારા અને સુંદર વિચારોનો છોડ વિકાસ પામી શકે અને એના ઉપર સુંદર રંગીન ફૂલો આવી શકે છે.

હવે તમે જ વિચાર વિશે વિચાર કરશો તો આનંદ જ આવશે. અસ્તુ!

# અન્ય સમાચારો

Saturday 17, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL:  DAMANGANGA TIMES

Saturday 17, October 2026

## કાનૂન ભંગમાં તિરંગાની ઢાલ?

વોટચોરી અને જ્ઞાનેશકુમાર, વડાપ્રધાન મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને મોહન ભાગવતનાં રાજીનામાંની માગણી થયા પછી હવે આંદોલનનો વિષય બદલાયો છે અને કેન્દ્ર પણ બદલાયું છે. જંતરમંતરમાં પ્રવેશબંધી અને ભારતીય રાષ્ટ્રધ્વજ- તિરંગાનાં નામે વિવાદ જગાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કાનૂન-પ્રવેશબંધીનો ભંગ કરવા બદલ કોકરોચ પાર્ટીના ત્રણ નેતાને પકડવામાં આવ્યા અને પાંચ દિવસ અટકાયતમાં રાખવાનો હુકમ થયો પછી આંદોલનને નવો વળાંક આપવા માટે કારણ - બહાનું મળ્યું છે - હાથમાં તિરંગો લેવાય તો તે ગુનો છે? અભિજિત દીપકેએ આજે શુક્રવારે દેશભરમાં ઝંડા દિવસ પાળવાની હાલક કરી છે આંદોલનનાં કેન્દ્રમાં રાષ્ટ્રધ્વજ લાવીને લોકોનું સમર્થન મેળવવાનો પ્રયાસ છે, રાજકીય વર્તુળોમાં તો એવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે, આ વખતે કોકરોચને ધારી સફળતા મળી નહીં અને રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટ ઉપર વિશાળ મોરચો લઈ ગયા તેથી કોકરોચના જનક અરવિંદ કેજરીવાલ ચોંકી ગયા અને હાથમાં તિરંગો આવી ગયો છે. ગમે તેમ પણ વિરોધ આંદોલનની શતરંજમાં હવે નવી ચાલ શરૂ થઈ છે! અત્યાર સુધી રાહુલ ગાંધી કોકરોચથી અલગ - દૂર રહેતા હતા, હવે પ્રેમ ઊભરાઈ ગયો છે. તિરંગો હાથમાં હોય, તો ધરપકડ કેમ થઈ? કોકરોચે પ્રવેશબંધીનો - કાનૂનનો ભંગ કર્યો એટલે પકડાયા કે તિરંગો હાથમાં હોવાના કારણે પકડાયા? વાસ્તવમાં આ ઘટના ચોરી - ઉપર સીનાજોરી જેવી છે? તિરંગાનો ઉપયોગ ઢાલ તરીકે થાય તે રાષ્ટ્રધ્વજનું અપમાન નથી?, પણ અભિજિત દીપકે આંદોલન માટે લોકોનો ટેકો મેળવવા માગે છે. વોટચોરીથી આ મુદ્દો વધુ અસરકારક છે! અરવિંદ કેજરીવાલ અને રાહુલ ગાંધી રાજકીય શતરંજના ખેલાડી છે! અત્યારે તો રાહુલ ગાંધીની ચાય પાર્ટીમાં અભિજિત હાજર રહ્યા અને મૈત્રી કરાર થયા હોય એમ લાગે છે.




## મહિન્દ્રાએ XUV 3XO ZNG લોંચ કરી

**સુરત, તા. ૧૬ :** ભારતની અગ્રણી SUV ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે એનું પ્રથમ મુખ્ય પ્રવાહનું CNG પેસેન્જર વાહન XUV 3XO ZNG લોંચ કરવાની જાહેરાત કરી હતી, જેની પ્રારંભિક કિંમત ૯.૯૯લાખ (એક્સ-શોરૂમ) છે. CNG સેગમેન્ટમાં XUV 3XO ZNG ડ્રાઈવિંગનો રોમાંચ આપે છે. CNG અને પેટ્રોલ એમ બંને મોડલમાં 82 kWનો પાવર અને 200Nmનો ટોર્ક આપતા ટર્બોચાર્જ એન્જિનથી સંચાલિત આ વાહન ૨૪.૭ કિલોમીટર/ કિલોગ્રામની સર્ટિફાઇડ કાર્યદક્ષતા સાથે જબરદસ્ત પર્ફોર્મન્સ આપે છે.ટર્બોચાર્જ પર્ફોર્મન્સ, આકર્ષક ડિઝાઇન, વિશાળ જગ્યા, અત્યાધુનિક ટેકનોલોજી, સુવિધા અને સલામતી પણ મળે છે.CNG મોડમાંફક્ત ૪.૯ સેકન્ડમાં ૦-૬૦ કિલોમીટર/કલાકની સ્પીડ, પહેલી વાર ૧૦-બાર CNG ઈન્જેક્શન પ્રેશર સિસ્ટમ,SUVની ખરીદીને XUV 3XO ZNG એન્ટ્રી વેરિઅન્ટમાં પણ અનેક પ્રીમિયમ ખાસિયતો મળે છે, જેમ કે ૨૬.૦૩ સેમીની HD ટચસ્ક્રીન, ક્રૂઝ કન્ટ્રોલ, રિઅર AC વેન્ટ અને ૬૦:૪૦ સ્પ્લિટ રિઅર સીટ, જેથી ગ્રાહકો XUV 3XOની વિશિષ્ટ ખાસિયતો, ટેકનોલોજી અને વ્યવહારિકતાની સાથે દરરોજ CNGની બચતનો લાભ લઈ શકે છે.

## સોનવાડા આશ્રમશાળાની સાંસદ અને ધારાસભ્યએ મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ તાલુકાની આશ્રમશાળા સોનવાડા માં વલસાડ લોકસભા મતવિસ્તારના સાંસદ ધવલભાઈ પટેલ તેમજ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રતિનિધિઓ સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શાળા તરફ જતા નવા માર્ગના નિર્માણ કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. ખાતમુહૂર્ત બાદ સાંસદ અને ધારાસભ્યએ શાળા પરિસરનું નિરીક્ષણ કરી અભ્યાસ કરતા બાળકો સાથે મુક્ત અને આત્મીય સંવાદ સાધ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા પ્રેરણા પૂરી પાડી ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં સોનવાડા ગામના સરપંચ સુરેશભાઈ પટેલ , વિવિધ વોર્ડના સભ્ય , સ્થાનિક આગેવાનો તેમજ ગામના અગ્રણી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જનપ્રતિનિધિઓના આગમનથી શાળા પરિસરમાં ઉત્સાહ અને ગૌરવનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના સર્વાંગી વિકાસ અને માળખાકીય સુવિધાઓ માટે આપેલા સહયોગ તથા માર્ગદર્શન બદલ આશ્રમશાળા સોનવાડા પરિવારે ઉપસ્થિત તમામ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ચીખલીના થાલામાં કારમાંથી દારૂ ઝડપાયો, ચાલક સહિત ત્રણ વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૬ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ થાલા ગામની હદમાં અમદાવાદ થી મુંબઈ જતા ટ્રેક ઉપર સાંજના સુમારે ચીખલી પોલીસ નાકાબંધી કરી રહી હતી દરમિયાન એક સ્વીફ્ટ કાર નંબર જીજે ૧૫ એવી ૬૪૧૧ ને આંતરિ ગાડીની તલાસી લેતા ગાડીમાંથી વિસ્કી તથા ટીન બીયર કુલ નંગ ૩૩૬ કિંમત રૂપિયા ૭૩.૯૨૦ તથા એક નંગ મોબાઈલ કીંમત રૂ. ૫ હજાર તેમજ ગાડી ની કિંમત રૂપિયા ૫ લાખ મળી કુલ ૫.૭૮.૯૨૦ નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે જ્યારે પકડાયેલ ચાલક નરેન્દ્ર ઉર્ફે નારાયણ દત્તાત્રેય માધવ નાગપુરી રહે. ૩૯ મયુર સોસાયટી શેખર કુમાર ગલી પાસે નીલગીરી સર્કલ ઉધના સુરત જેને પૂછપરછ કરતા શ્યામ નારાયણ ઉર્ફે શ્યામ ક્રિષ્ના દેવ પાંડે રહે. ડી /૧૦૪ શ્યામ વિલા શુભમ રેસીડેન્સી હલધરુ સુરત જેણે દારૂનો જથ્થો મંગાવ્યો હતો અને નરેન્દ્ર નાગપુર જેની પાસેથી વાપી બ્રિજ નીચેથી ગાડી લઈ જનાર તથા દારૂ ભરેલી ગાડી આપી જનાર શ્યામ નારાયણ નો કોઈ અજાણ્યો માણસ જેને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.



વાપી જીઆઈડીસી થી નીકળતી અને મોરાઈ વટાર ખાતે કોલક નદીને મળતી બિલખાડીમાં ગત જુલાઈ માસમાં આવેલા ભારે વરસાદને કારણે પુરમાં મોરાઈ ફાટક પાસે નદીમાંથી પસાર થતાં ટેલીફોન ઈલેક્ટ્રીક તેમજ અન્ય કંપનીના કેટલાક કેબલો અને નદીના કિનારે રહેલા ઝાડ પર પ્લાસ્ટિકના કચરો લાગી જવા પામ્યો છે. જે કોઈ ડિઝાઈન બનાવી હોય તેવું દેખાઈ રહ્યું છે.**(તસવીર, મનોજ ભંડારી)**

## વલસાડમાં “FSAS –Fertilizer Sale Application System” નો પ્રારંભ થશે

(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૧૬ : ભારત સરકાર દ્વારા ખેડૂતોને સબસીડાઈઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે તેમજ સમયસર ઉપલબ્ધ થાય તે હેતુસર “FSAS –Fertilizer Sale Application System” એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશન દ્વારા ખેડૂતો રિટેલ સબસીડાઈઝ ખાતર વિક્રેતા/ સહકારી મંડળી પરથી ખાતર ખરીદતા પહેલા મોબાઈલ મારફતે ખાતરનું Pre-booking (અગાઉથી બુકિંગ) કરી શકશે. જેના કારણે ખાતરની ઉપલબ્ધતા અંગે પૂર્વ માહિતી તેમજ ખાતર મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, સુવ્યવસ્થિત અને પારદર્શક બનશે. ઉપરોક્ત સિસ્ટમની અમલવારી આગામી ટુંક સમયમાં જિલ્લામાં શરૂ થનાર છે. આ નવી ડિજિટલ વ્યવસ્થા દ્વારા ખાતર વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, અનઆવશ્યક ભીડમાં ઘટાડો થશે તેમજ ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ કરવામાં સહાય મળશે. જેથી જિલ્લાના તમામ ખેડૂતમિત્રોને અનુરોધ કરવામાં આવે છે કે, પોતાની ખેડૂત નોંધણી કરાવી તેઓ આ નવી એપ્લિકેશન મારફત ખાતર ખરીદી અંગે માહિતી મેળવી તેનો વધુમાં વધુ લાભ મેળવે તથા આગામી સમયમાં શરૂ થનારી Pre-booking સુવિધાનો ઉપયોગ કરવા માહિતગાર રહે.જિલ્લાના ખાતર વિક્રેતાઓ, સહકારી મંડળીઓ તથા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુ માહિતી માટે નજીકની તાલુકાના મદદનીશ ખેતી નિયામકની કચેરી તથા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરીનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## સલવાવની શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં બાળકોને પોક્સો અંગે માહિતગાર કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓની સલામતી અને જાગૃતિ માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને પોક્સો (POCSO) કાયદા અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી.



શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષિકાઓ નેહલ પટેલ અને ગીતાબેન ચૌધરીએ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીનીઓને સંબોધિત કરી બંને શિક્ષિકાઓએ વિદ્યાર્થીનીઓને રોજિંદા જીવનમાં કેવા પ્રકારની સાવચેતી રાખવી જોઈએ અને પોતાની જાતને કેવી રીતે સુરક્ષિત રાખવી તે અંગે વિગતવાર સમજ આપી હતી.

કાર્યક્રમ દરમિયાન શિક્ષિકાઓએ ખાસ સમજાવ્યું હતું કે જો કોઈ પણ વ્યક્તિનું વર્તન અયોગ્ય લાગે, કોઈ બાબતથી અસુરક્ષા અનુભવાય અથવા મનમાં ભય કે મૂંઝવણ ઊભી થાય, તો તેને મનમાં રાખવાને બદલે તરત જ પોતાના માતા-પિતાને જણાવવું જોઈએ.

ઘરે જણાવવું શક્ય ન હોય તો શાળાના શિક્ષકોને વિશ્વાસમાં લઈને વાત કરવી જોઈએ. સાથે એ પણ સમજાવવામાં આવ્યું હતું કે આવી બાબતો છુપાવવાથી સમસ્યા વધી શકે છે, જ્યારે સમયસર જણાવવાથી યોગ્ય મદદ અને રક્ષણ મળી શકે છે.

## વાપીની સેન્ટ ઝેવિયર્સ શાળામાં દાદા-દાદી દિવસની ઉજવણી કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીની સેન્ટ ઝેવિયર્સ શાળામાં દાદા-દાદી દિવસની ઉજવણી ઉત્સાહ અને આનંદ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, બાઈબલ વાચન અને વિશેષ પ્રાર્થનાથી થઈ હતી. ધોરણ ૨ ઘ્ના વિદ્યાર્થીઓએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું, જ્યારે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

ધોરણ ૪ ખ્ના વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. મોન્ટ ૧, મોન્ટ ૨ અને મોન્ટ ૩ના વિદ્યાર્થીઓએ મનમોહક નૃત્ય રજૂ કરી સૌનું મન જીતી લીધું હતું. કાર્યક્રમમાં દાદા-દાદીઓ માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓએ પણ વિશેષ નૃત્ય રજૂ કર્યું હતું.

અંતે ત્રિભાષી આભારવિધિ, સમાપન કોરસ, સ્કૂલ એન્થમ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું ગૌરવપૂર્ણ સમાપન થયું હતું. દાદા-દાદીઓના પ્રેમ, આશીર્વાદ અને ઉત્સાહથી સમગ્ર કાર્યક્રમ યાદગાર બન્યો હતો. શાળાના ચેરમેન ડૉ. એ. એફ. પિન્ટો તથા મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ગ્રેસ પિન્ટોના સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ડાંગમાં બીટ-ગાર્ડના નામે ખેડૂતનું બાઈક લઈને ભાગી જનાર આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૬ :** ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાનાં માનમોડી ગામના એક ખેડૂત સાથે આશરે આઠ મહિના પહેલા ફોરેસ્ટ બીટ-ગાર્ડના નામે છેતરપિંડી કરીને મોટરસાઈકલ ચોરી ભાગી જનાર અજાણ્યા ઈસમને ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સુરત જિલ્લાના વિહાન ગામ નજીકથી ઝડપી પાડી વણઉકેલાયેલ ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ. ૬૫,૦૦૦/- ની કિંમતનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ રિકવર કર્યું છે. ગત ફેબ્રુઆરી ૨૦૨૬ માસમાં સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારના માનમોડી ગામના એક ખેડૂત પાસે આરોપી બાઈક લઈને ફરાર થઈ ગયો હતો. આ સંદર્ભે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જેમાં બાતમીના આધારે ડાંગ LCB ની ટીમો દ્વારા વિહાન ગામની ચોકડી તથા આસપાસના રસ્તાઓ પર વોચ ગોઠવવામાં આવી હતી. વોચ દરમિયાન સામપુરા ગામ તરફથી એક શખ્સ પોતાની ઓળખ છુપાવવા મોં પર રૂમાલ બાંધીને બાઈક પર પસાર થતાં જ, એલસીબી ટીમે અન્ય ટીમોને ટેલિફોનિક જાણ કરી પીછો કર્યો હતો અને વિહાન ચોકડી નજીક સ્કૂલ પાસે કોર્ડન કરી તેને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં પકડાયેલ આરોપીનું નામ વીમલ ઉર્ફે આર્યન ઉર્ફે અભી ઉર્ફે અભય પટેલ ચૌધરી (ઉંમર ૨૪ વર્ષ, મૂળ રહે. ટીંટોઈ, તા. અરેઠ, જિ. સુરત, હાલ રહે. સહારા દરવાજા પાસે, સુરત) હોવાનું ખુલ્યું છે.આરોપી વીમલ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંકળાયેલો રીઢો ગુનેગાર છે. માંડવી, બારડોલી અને વઘઈ પોલીસ સ્ટેશનમાં ચોરી (IPC કલમ ૩૭૯) ના ગુના. રાજપારડી (ભરૂચ) અને વેજલપોર (નવસારી) પોલીસ સ્ટેશનમાં અપહરણ અને દુષ્કર્મ જેવા ગંભીર ગુનાઓ તેના પર નોંધાયેલા છે.

હાલ સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૧૮(૪) હેઠળ નોંધાયેલ ગુનામાં આરોપી તથા રિકવર કરાયેલ રૂ. ૬૫,૦૦૦/- નો મુદ્દામાલ આગળની કાયદેસરની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યો છે.

## વલસાડની આયતિ દુબે ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયન બની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડના લોકો શેડમાં ફરજ બજાવતા SSE દેવેન્દ્ર દુબેની પુત્રી આયતિ દુબેએ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ-૨૦૨૬ માં શાનદાર પ્રદર્શન કરી વિજેતા બની વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે. વેદાંત મલ્ટીપર્પઝ સ્કૂલ (CBSE) ની ધોરણ-૧૧ ની વિદ્યાર્થીની આયતિએ પોતાની અસાધારણ પ્રતિભા, સખત મહેનત અને રમત પ્રત્યેના સમર્પણ થકી આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ ભવ્ય સફળતા બદલ વેસ્ટર્ન રેલ્વે મઝદૂર સંઘની ટીમ અને સમગ્ર રેલ પરિવાર દ્વારા આયતિ તેમજ તેના પિતા દેવેન્દ્ર દુબેને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## વઘઈના કાકરદામાં ૪૦થી વધુ પરિવારોની હિન્દુ ધર્મમાં ઘરવાપસી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સાપુતારા, તા. ૧૬ :** ડાંગ જિલ્લાના વઘઇ તાલુકા અંતર્ગત આવતા કાકરદા ગામ ખાતે આવેલા પવિત્ર ભેંસકાતરી માયાદેવી મંદિર પરિસરમાં કૃષ્ણદાસ બાપુનાં સાનિધ્યમાં એક ભવ્ય અને મહત્વપૂર્ણ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.નવરાત્રીના પાવન અવસર પર યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન વિવિધ પરિવારો દ્વારા પોતાના મૂળ સનાતન હિન્દુ ધર્મમાં પુનઃ પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજન અંગે સ્થાનિક આગેવાન ઔગડ શ્રીકૃષ્ણદાસે જણાવ્યું હતું કે માયાદેવી મંદિર ખાતે યોજાયેલા આ ઘરવાપસી કાર્યક્રમમાં ૪૦ જેટલા પરિવારોએ સ્વૈચ્છિક અને ખુશીથી ભાગ લીધો હતો. આ વિશેષ ધાર્મિક વિધિમાં ૪૦ થી વધુ પરિવારોએ ખ્રિસ્તી ધર્મમાંથી પોતાના મૂળ હિન્દુ ધર્મમાં વાપસી કરી છે. આ ઉપરાંત, આ કાર્યક્રમમાં ૩૫ જેટલી કુવારી છોકરીઓ, ૨૦ જેટલા કુવારા છોકરાઓ અને ૧૦ જેટલી વિધવા બહેનો સહિતના પરિવારોએ કોઈપણ પ્રકારના દબાણ વિના, સંપૂર્ણપણે પોતાની સ્વેચ્છાએ સનાતન ધર્મ અંગિકાર કર્યો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અનિલભાઈ સિંગુભાઈ ઘોલુએ પણ પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તેઓ અગાઉ હિન્દુ ધર્મમાં જ હતા, પરંતુ ઘરની મુશ્કેલીઓ અને પરિસ્થિતિના કારણે તેઓ ખ્રિસ્તી ધર્મ સાથે જોડાઈ ગયા હતા. જોકે, ત્યાં અનુકૂળ ન લાગતા અને માયાદેવી મંદિર ખાતે આયોજિત કાર્યક્રમથી પ્રેરિત થઈને તેઓએ પોતાના પરિવાર સાથે ફરીથી સ્વેચ્છાએ હિન્દુ ધર્મમાં પરત ફરવાનો નિર્ણય કર્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ હવે જીવનભર સનાતન ધર્મ સાથે જ જોડાયેલા રહેશે અને ક્યારેય આ ધર્મ છોડશે નહીં. આવા આયોજનો કરનાર આયોજકોનું કહેવું છે કે અગાઉ પણ તેઓ દ્વારા સંક્રાંતિ અને જન્માષ્ટમી જેવા પવિત્ર તહેવારો પર આવા ઘરવાપસીના કાર્યક્રમો સફળતાપૂર્વક યોજવામાં આવ્યા છે. આ તમામ પ્રક્રિયામાં કોઈની પર પણ કોઈ જ પ્રકારનું બળજબરી કે દબાણ કરવામાં આવતું નથી, પરંતુ જે કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ પોતાના મૂળ સનાતન ધર્મમાં પાછા ફરવા માંગે છે, તેમને આવકારવું એ તેમનું ધર્મ અને કર્મ બંને છે. નવરાત્રીના દિવસોમાં યોજાયેલા આ ભવ્ય ધાર્મિક આયોજનથી સ્થાનિક વિસ્તારમાં ભારે ઉત્સાહ અને આધ્યાત્મિક વાતાવરણ જોવા મળ્યું હતુ.

## વાપીમાં લેબર કોડ અંગે સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)






**વાપી, તા. ૧૬ :** ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના શ્રમ કમિશનરેટ દ્વારા વાપીના કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમ ખાતે નવા લેબર કોડ્સ અંગે સેન્સિટાઈઝેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યત્વે ધ કોડ ઓન સોશિયલ સિક્યુરિટી ૨૦૨૦ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ૧૫મી ઓક્ટોબરના રોજ યોજાયેલા આ સેમિનારમાં જીસી સી આઈ ના સભ્યો અને વાપીના અગ્રણી ઉદ્યોગકારો,કંપનીના એચઆર મેનેજરો,યુનિયનના આગેવાનો,મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમ વિભાગના અધિકારીઓએ નવા લેબર કોડથી ઉદ્યોગો અને શ્રમિકોને થનારા ફાયદા, પીએફ, એસઆઈસી, ગ્રેચ્યુઈટી અને અન્ય સામાજિક સુરક્ષા લાભો અંગે માર્ગદર્શન આપ્યું હતું. નવા કાયદાના અમલીકરણથી કામદારોને વધુ સુરક્ષા મળશે અને ઉદ્યોગોમાં પારદર્શિતા વધશે તેમ જણાવાયું હતું.

સેન્સિટાઈઝેશન પ્રોગ્રામમાં શ્રમ વિભાગે નવા ઈન્ડસ્ટ્રીયલ રૂલ કોડ ૨૦૨૦ હેઠળ ગુનો, દંડ અને ફરિયાદ અંગે ઉદ્યોગકારોને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. આસિસ્ટન લેબર કમિશનર જે એમ ગુટકા એ જણાવ્યું હતું કે, પરવાનગી વિના લેય-ઓફ રિટાયરમેન્ટ કે કોલઝર કરવા પર પ્રથમ ગુનામાં રૂ. ૧ થી ૧૦ લાખનો દંડ અને ફરી ગુનો કરતા રૂ. ૫ થી ૨૦ લાખ અને/અથવા ૬ મહિનાની સજા થઈ શકે છે. અનફેર લેબર પ્રેક્ટિસ માટે રૂ. ૧૦,૦૦૦ થી ૨ લાખ, સ્ટેન્ડિંગ ઓર્ડર ન આપવા બદલ રૂ. ૫૦,૦૦૦ થી ૨ લાખ દરરોજ રૂ. ૨૦૦૦ દંડ, ગેરકાયદે હડતાળ કરનાર કામદારને રૂ. ૧૦૦૦ થી ૧૦,૦૦૦ અને/અથવા ૧ મહિનાની સજા, ગેરકાયદે લોક-આઉટ કરનાર માલિકને રૂ. ૫૦,૦૦૦/ થી ૧ લાખ અને/અથવા ૧ મહિનાની સજાની જોગવાઈ છે. સમાધાન ભંગ બદલ રૂ. ૨૦ હજાર થી ૨ લાખ અને ૩ મહિનાની સજા થઈ શકે છે. ઉદ્યોગકારોને કાયદાનું પાલન કરવા અપીલ કરાઈ હતી. આ સેમિનારમાં યુનિયનને લગતાં કેટલાક કાયદાઓ, નિયમો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સેમિનારમાં આશરે ૫૦૦ જેટલા લોકોએ લાભ લીધો હતો.

## વલસાડમાં ૨૪.૬૫ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત -લોકાર્પણ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ વિધાનસભા વિસ્તારમાં માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી માર્ગ અને મકાન વિભાગ વહીવટી તંત્ર વલસાડ દ્વારા આયોજિત ખાતમુહૂર્ત અને લોકાર્પણના બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત કરોડો રૂપિયાના વિકાસ કામોની ભેટ મળશે. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલના વરદહસ્તે રવિવાર તા.૧૮/ ૧૦/૨૦૨૬ અને સોમવાર તા ૧૯/ ૧૦/૨૦૨૬ દરમિયાન વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ સંપન્ન થશે. રવિવારના રોજ સવારે ૧૦ઃ૦૦ વાગ્યાથી દાંતી સ્મશાન રોડથી કાર્યક્રમની શરૂઆત થશે. આ દિવસે કુલ ૧૩.૩૦ કરોડ ના ખર્ચે હાથ ધરાનાર ૧૩ વિવિધ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે.વલસાડ ના દાંતી સ્મશાન રોડ, અંબામાતા ફળિયા-પંચાયત-સસ્તા અનાજની દુકાન રોડ, કકવાડી છેલ્લા ફળિયા મીઠાના અગરથી મેઠીયા ફળિયા રોડ, આંગણવાડી લોકાર્પણ, દાંતી-કકવાડી માછીમાર રોડ (રૂ. ૫૦૦ લાખ) તેમજ દાંડી પ્રાથમિક શાળાથી અંબાજી નગર થઈ સોનાપ્રાતા ફળિયા રોડ અને કરદિવા રોડ, ભાગડાવડા પાલીક્રીક ફળિયા રોડ, મગોદ નવી નગરી હળપતિવાસ-રોહિતવાસ જોડતો રોડ તેમજ સિવિલ રોડને જોડતો રસ્તો, ખારીયા ફળિયા રોડ, પશુપતિનાથ સોસાયટી રોડ અને આદિવાસીવાસથી દેવી પ્લોટ-વજીફા ફળિયાથી નગરપાલિકા હદ સુધીનો રોડ. સોમવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી ગુંદલાવ પ્રાથમિક શાળાના લોકાર્પણ સાથે કાર્યક્રમની શરૂઆત થશે. આ દિવસે કુલ ૧૧.૩૫ કરોડ ના ખર્ચે ૧૪ વિવિધ કામો હાથ ધરાશે.

વલસાડના ગુંદલાવ શાળા લોકાર્પણ, આશા તળાવથી નવી જીઆઈડીસી રોડ, ખેરગામ રોડથી ઉજ્જવલ નગર થઈ નવી જીઆઈડીસી રોડ, ભંડારવાડ રોડ, ડેમોસા કંપની પાછળ આદિવાસીવાસ રોડ તેમજ ધમડાચી પીરૂફળિયા જોઈનીંગ વૈષ્ણવદેવી રોડ, સરોણ હળપતિ રોહિતવાસ રોડ, હિંગળાજ રોકડિયા હનુમાનજી મંદિર રોડ, મચ્છી માર્કેટથી લિમ્બરભાઠા રોડ, સુભાષ નગર તરફનો રસ્તો, બાવરી ફળિયા-ખોડીયાર સ્ટોર-ચીકુ વાડી રોડ અને કોસ્ટલ હાઈવે-છીંછવાડા ફાટકને જોડતો રોડ.

દિવેદૅ ઈલા નગર-ગાયત્રી નગર રોડ તેમજ દેસાઈ વાડથી હળપતિવાસ થઈ રેલવે ફાટક સુધીનો રસ્તો બનાવામાં આવશે. આ બંને દિવસના કાર્યક્રમોમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ તેમજ વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ તેજશભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સ્થાનિક જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયતના હોદ્દેદારો, સંબંધિત ગામોના સરપંચ અને સંગઠનના આગેવાનો અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. આ વિકાસકાર્યોથી સમગ્ર વિસ્તારમાં વાહનવ્યવહાર સરળ બનશે અને સ્થાનિક ગ્રામજનોની સુવિધામાં મોટો વધારો થશે.

## ધમડાચીમાં કારમાંથી દારૂ સાથે સુરતનો બુટલેગર પકડાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચ ની ટીમે ધમડાચી નેશનલ હાઈવે નંબર-૪૮ પરથી ઈનોવા કારમાં છુપાવીને લઈ જવાતો ૨.૫૨ લાખનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે કાર ચાલક આરોપીની ધરપકડ કરી કુલ ૭.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચ ની ટીમ ને મળેલી બાતમી આધારે ધમડાચી નેશનલ હાઈવે નંબર-૪૮ પર બાતમીના આધારે પોલીસે ધમડાચી એપીએમસી માર્કેટ સામે સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી.તે દરમિયાન પસાર થતી શંકાસ્પદ સફેદ રંગની ટોયોટા ઈનોવા કાર નંબર GJ-05-CJ-7877 ને અટકાવી તલાશી લેતાં તેમાંથી દારૂ અને બીયરની કુલ ૭૯૨ બોટલો કિંમત રૂપિયા ૨.૫૨ લાખ રૂપિયા, ઈનોવા કાર કિંમત રૂપિયા ૫ લાખ મળી કુલ ૭.૫૨ લાખ નો મુદ્દા માલ સાથે કાર ચાલક ચાંદખાન સત્તારખાન પઠાણ ઉ.વ. ૨૯, રહે. ભાઠેના, પંચશીલ નગર, સલાબતપુરા, સુરત; મૂળ રહે. મલકાપુર, મહારાષ્ટ્ર ની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં દારૂનો જથ્થો આપનાર અને મંગાવનાર તરીકે મોહમ્મદ જૈનુલ મુસ્તાક સરદાર રહે. સેલવાસ) નું નામ સામે આવતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

પકડાયેલ આરોપી ચાંદખાન પઠાણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે અગાઉ સુરત શહેરના ખટોદરા, સલાબતપુરા, અમરોલી અને સચિન પોલીસ સ્ટેશનમાં મારામારી, રાયોટિંગ અને હત્યાની કોશિશ સહિત કુલ ૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ સમગ્ર મામલે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં દારૂ ની એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ચલાની પીએમ શ્રી મુખ્ય શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ૧૮ મેડલ સાથે ઝળક્યા



**વાપી, તા.૧૩ :** ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત વાપી મહાનગરપાલિકા વેસ્ટ ઝોનની એથ્લેટિક્સ સ્પર્ધામાં PM શ્રી ચલા મુખ્ય શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કુલ ૧૮ મેડલ પ્રાપ્ત કરી શાળા અને સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓએ ૫ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ મેળવી પોતાની પ્રતિભા, શિસ્ત, આત્મવિશ્વાસ અને અથાગ મહેનતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સ્પર્ધામાં શાળાના ખેલાડીઓએ વિવિધ વયજૂથો અને રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લઈને પોતાની રમતકૌશલ્યનો પરિચય આપ્યો હતો.

ગોલ્ડ મેડલ વિજેતાઓ - મહેશ શાહ - U-૧૧ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ - ગીતા મહતો - U-૧૪ ૨૦૦ મીટર દોડ, સાક્ષી સિંહ - U-૧૪ હાઈ જમ્પ - શુભમ રાય - U-૧૪ હાઈ જમ્પ - આયુષી ઠાકુર - U-૧૭ ટ્રિપલ જમ્પ, સિલ્વર મેડલ વિજેતાઓ - ગીતા મહતો - U-૧૪ ૬૦૦ મીટર દોડ - આંચલ મુખિયા - U-૧૪ લોંગ જમ્પ, આયુષી ઠાકુર - U-૧૭ લોંગ જમ્પ - મનીષા પ્રસાદ - U-૧૭ ૪૦૦ મીટર દોડ - મિકુ પાસવાન - U-૧૭ ૪૦૦ મીટર દોડ - સૂરજ રાજવંશી - U-૧૭ લોંગ જમ્પ બ્રોન્ઝ મેડલ વિજેતાઓ - સાક્ષી સિંહ - U-૧૪ લોંગ જમ્પ, - આંચલ મુખિયા - U-૧૪ હાઈ જમ્પ - સૂરજ રાજવંશી - U-૧૭ હાઈ જમ્પ - ઉત્પલ ગુપ્તા - U-૧૭ ટ્રિપલ જમ્પ, - ભારતી રાણા - U-૧૭ જેવલિન થ્રો - અવિનાશ ચૌધરી - U-૧૭ જેવલિન થ્રો - સોનાલી પાસવાન - U-૧૭ ૧૫૦૦ મીટર દોડ વિદ્યાર્થીઓની આ ભવ્ય સફળતા પાછળ તેમની નિયમિત પ્રેક્ટિસ, શિક્ષકોનું માર્ગદર્શન, રમતગમત પ્રત્યેનો ઉત્સાહ અને સતત મહેનત રહેલી છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં રમતગમતના મહત્ત્વને પણ ઉજાગર કરે છે.

શાળાનાં આચાર્ય પ્રીતિબેન ડી. હેડાઉ તથા સમગ્ર શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. તેમજ અશરફ ચુડાસમા સર દ્વારા રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર શાળાના બાળકોને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા તથા તેમના ઉત્સાહ અને આત્મવિશ્વાસમાં વધારો કરવામાં આવ્યો. શાળાના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. મહેનત, આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી જ સફળતાનાં શિખરો સર કરી શકાય છે. પીએમ શ્રી ચલા મુખ્ય શાળા માટે આ સિદ્ધિ ગૌરવની ક્ષણ બની છે.

## વાપીની ઉપાસના સ્કૂલ રાજ્ય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ઝળકી



**વાપી, તા.૧૬ :** ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યની શાળાકીય કુસ્તી સ્પર્ધા જૂનાગઢ ખાતે તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ યોજાઈ હતી. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં વલસાડ જિલ્લા તરફથી વાપીની ઉપાસના લાયન્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલનાં ધો.૧૨ના વિદ્યાર્થી અમિત યાદવએ ૯૦ કિ.ગ્રા.માં ગ્રીકો રોમન કુસ્તી સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં સિલ્વર મેડલ મેળવી શાળાનું અને સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે. વિજેતા બનેલ વિદ્યાર્થીને શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ શાળાના શારીરિક શિક્ષકે તૈયારી કરાવી હતી. વિજેતા બનેલ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટીગણ, આચાર્ય, ઉપાચાર્યશ્રી, શિક્ષકગણ, પ્રશાસક, બિનશૈક્ષણિકગણે અભિનંદનના વરસાદથી ભીંજવી નાંખ્યા છે. સમગ્ર ઉપાસના પરિવારમાં આનંદ ઉલ્લાસ છવાઈ ગયો.

## વાપી મનપા દ્વારા સતત બીજા વર્ષે સ્વદેશી મેળાનું આયોજન

**વાપી, તા.૧૬ :** વાપી મનપા દ્વારા સ્વદેશી ઉત્પાદનો સ્થાનિક વેપાર અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી સતત બીજા વર્ષે 'સ્વદેશી મેળા-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી તા.૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી વાપીના ચલા ખાતે આવેલા અજીતનગરના મેદાનમા યોજાશે. સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક વેપારીઓને પોતાના ઉત્પાદનોના પ્રદર્શન તેમજ વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્યથી આયોજિત આ મેળામાં વિવિધ વ્યવસાયકારો, વેપારીઓ, કારીગરો, સ્વસહાય જૂથો, વલસાડ જિલ્લાની સખી મંડળો તેમજ નાના ઉદ્યોગકારોને સ્ટોલ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વાપી મહાનગરપાલિકા દ્વારા મેળામાં ભાગ લેવા ઈચ્છુક વેપારીઓ અને વ્યવસાયકારોને પોતાના સ્ટોલ બુક કરાવવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. આ મેળાના માધ્યમથી સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને પોતાના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડવાની તક મળશે. સાથે જ સ્વદેશી ચીજવસ્તુઓના પ્રચાર-પ્રસારને પણ વેગ મળશે.

## ધરમપુરનાં ગનવા ગામે ગ્રામજનોએ શ્રમદાન કરી રસ્તો બનાવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૬ :** દેશની આઝાદીનાં ૭૯ વર્ષ બાદ પણ ધરમપુર તાલુકાના ગનવા ગામના પટેલ ફળિયા અને પાસુરી ફળિયાના લોકોને રસ્તા જેવી પાયાની સુવિધા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. મુખ્ય માર્ગથી પટેલ ફળિયા તરફ જતો આશરે એક કિલોમીટરનો રસ્તો બિસ્માર હાલતમાં હોવાથી ૮૦૦થી વધુ લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

દૂધ ડેરીથી લઈને રોજિંદી અવરજવર સુધી મુશ્કેલી રસ્તાની ખરાબ હાલતને કારણે ગ્રામજનોને દૂધ ભરાવવા ડેરી સુધી પહોંચવામાં પણ મુશ્કેલી પડે છે. ખાસ કરીને વરસાદી મોસમમાં રસ્તાની સ્થિતિ વધુ કફોડી બની જાય છે, જેના કારણે રોજિંદા કામકાજ માટે અવરજવર કરવી મુશ્કેલ બને છે. આ રસ્તેથી આશરે ૪૦થી ૫૦ પ્રાથમિક શાળાનાં બાળકો અવરજવર કરે છે. બિસ્માર રસ્તાને કારણે બાળકોને શાળાએ જવા-આવવામાં હાલાકી ભોગવવી પડે છે. બાળકોની સુરક્ષા અને શિક્ષણને ધ્યાનમાં રાખીને રસ્તાનું તાત્કાલિક નિર્માણ કરવું જરૂરી બન્યું છે.વર્ષોથી રસ્તાની સમસ્યા યથાવત્ રહેતાં ગ્રામજનોએ એકજૂથ થઈ પોતાના ખર્ચે માટીકામ અને મેટલિંગની કામગીરી હાથ ધરી છે.



જોકે, આ કામચલાઉ પ્રયાસ કાયમી ઉકેલ નથી. રસ્તાનું યોગ્ય આયોજન કરીને મજબૂત રસ્તો બનાવવાની જવાબદારી સંબંધિત તંત્રની છે. ગામના આગેવાનો પરશુભાઈ નાગજીભાઈ થોરાત, સુમનભાઈ બુધયાભાઈ ગાંવિત, આખાદભાઈ પોશનેભાઈ ગાવિત, વિષ્ણુભાઈ એવાજીભાઈ ગાવિત, કલ્પેશભાઈ સહિત ગ્રામજનોએ રસ્તાની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી છે. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો રસ્તાનું નિર્માણ નહીં થાય તો આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે. હવે જવાબદાર હોદ્દેદારોની કસોટી ધરમપુર તાલુકાના જવાબદાર હોદ્દેદારો, ગ્રામ પંચાયત અને સંબંધિત માર્ગ-બાંધકામ વિભાગે આ સમસ્યાને ગંભીરતાથી લઈ સ્થળ તપાસ કરાવી રસ્તાના નિર્માણ માટે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. ૮૦૦થી વધુ લોકોની અવરજવર અને બાળકોના શિક્ષણ-સલામતી સાથે જોડાયેલા આ પ્રશ્નમાં હવે માત્ર આશ્વાસન નહીં, પરંતુ નક્કર કામગીરીની જરૂર છે. ગ્રામજનોને પોતાના હાથે રસ્તા પર માટી નાખવાની ફરજ પડે તે પહેલાં તંત્ર જાગે અને ગનવા ગામને કાયમી રસ્તાની સુવિધા મળે તેવી લોકમાંગ ઊઠી છે.

### :: જાહેર નોટિસ ::

આથી સર્વ જનતાને જાણ કરવામાં આવે છે કે, મારા અસીલ (૧) નિઝારઅલી બરકતઅલી ખોજા (૨) રૂબીના નિઝારઅલી ખોજાએ મને જણાવેલ છે કે તેઓ ફલેટ નં.૭૦૧ ક્ષેત્રફળ આશરે ૧૦૮.૭૩ ચો.મી. એટલે કે ૧૧૭૦.૦૦ ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા ધરાવતા અને ફલેટ નં.૭૦૨ ક્ષેત્રફળ આશરે ૧૦૬.૮૭ ચો.મી. એટલે કે ૧૧૫૦.૦૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા ધરાવતા, સાતમા માળે આવેલ ઉંચી ઈમારત જે એરાઈઝ રેસિડેન્સી અને બિલ્ડીંગ કરહીન એમ્પાયર તરીકે ઓળખાય છે. જે એન.એ. જમીન સર્વે નં.૩૧૩/૧/પૈકી ૧ ક્ષેત્રફળ આશરે ૨૦૦૦.૦૦ ચો.મી., જમીનમાં કુલ અવિભાજિત હિસ્સો ૪૦.૦૦ ચો.મી. મોજે ગામ ચલા, તા.વાપી, જી.વલસાડ ખાતે આવેલ છે. તેના સંપૂર્ણ કાદેસરના માલિક છે. જ્યાં માલિકે જણાવ્યું છે કે સદરહુ ફલેટ સબંધિત મૂળ રજીસ્ટ્રેશન પહોંચો ખોવાઈ ગઈ છે.

વિગતો :

૧. મૂળ રજીસ્ટ્રેશન પહોંચ - રજીસ્ટર્ડ સેલ ડીડ નં.૬૬૦૬, તા.૨૭/૦૭/૨૦૧૬ - ખરીદનાર : નિઝારઅલી બરકતઅલી ખોજા - વેચનાર : મે. એરાઈઝ એન્ટરપ્રાઈઝ

૨. મૂળ રજીસ્ટ્રેશન પહોંચ - રજીસ્ટર્ડ સેલ ડીડ નં.૧૦૦૭૯, તા. ૦૨/૧૨/૨૦૧૬ - ખરીદનમાર : રૂબીના નિઝારઅલી ખોજા ૩ મૂળ રજીસ્ટ્રેશન પહોંચ - રજીસ્ટર્ડ સેલ ડીડ નં.૧૬૪૫ તા.૦૧/૦૩/૨૦૧૭ ખરીદનાર : રૂબીના નિઝારઅલી ખોજા ભાગીદારી પેઢી દ્વારા ભાગીદારી.

(૧) રાજેશભાઈ ચિમનભાઈ હાલાણી (૨) અમીરભાઈ અલ્લાઉદ્દીન અમલાણી (૩) સરફરાઝ સુલતાનઅલી રાજવાણી માલિકે શોધવા ઘણા પ્રયત્નો કર્યા છતાં મળી નથી અને કોઈ બેંકમાં ગીરો મુકી નથી.

જો કોઈ વ્યક્તિ પાસે સદરહુ મૂળ રજીસ્ટ્રેશન પહોંચ હોય તો ૭ (સાત) દિવસમાં નીચેના સરનામે સોંપી દેવી.

જો કોઈ દાવો વાંધો નહી આવે તો કોઈ હક્ક નથી અને પહોંચો ખોવાઈ ગઈ છે એમ માનવામાં આવશે.

સ્થળ : વાપી, તારીખ : ૧૩/૧૦/૨૦૨૬

સહી/-
(નગમા એ. શેખ)
એડવોકેટ

### :: જાહેર નોટીશ ::

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નીચેના 'શિડ્યુલ'માં જણાવેલ મિલ્કત સરકારી રેકર્ડ દફતરે (૧) મૈનુદીન ઈસ્માઈલ નાનાભાઈ (૨) ઈકબાલ અલીભાઈ શેખ (૩) યાસ્મીન અલીભાઈ શેખ (૪) સાગીરા બાનૂ અબ્દુલ રજાક ઈન્દ્રગડિયા તથા (૫) આયસાબીબી અહમદમીયાની વિધવા (૬) સાહીસ્તા અહમદમીયા (૭) સલીમા અહમદમીયા (૮) રેશમા અહમદમીયા (૯) રીયાજ અહમદમીયા (૧૦) સારેખા અહમદમીયા (૧૧) પરવીન અહમદમીયા (૧૨) સફીના અહમદમીયા (૧૩) નિલોફર નૂરમોહંમદ મૌલવી (૧૪) ઝમીર નૂરમોહંમદ મૌલવી (૧૫) નદીમઅહમદ નૂરમોહંમદ મૌલવી (૧૬) સાહેદાબીબી શબ્બીરમીયા શેખ (૧૭) ફરહદબાનુ શબ્બીરમીયા શેખ (૧૮) શૌકતઅલી શબ્બીરમીયા શેખ (૧૯) નાઝનીન શબ્બીરમીયા શેખ (૨૦) ફરીયાનાબાનુ શબ્બીરમીયા શેખ (૨૧) અલ્તાફ રફીયુદીન નાનભાઈ (૨૨) સમીમબાનુ તે રફીયુદીન ઈસ્માઈલ નાનભાઈની વિધવા (૨૩) એજાજ રફીયુદીન નાનભાઈ (૨૪) અનીશ રફીયુદીન નાનભાઈ (૨૫) રહેમુનનીશા ફરીઉદીન નાનાભાઈ (૨૬) ઓવેશ ફરીઉદીન નાનાભાઈ (૨૭) પરવેઝ ફરીઉદીન નાનાભાઈઓના નામ ઉપર સ્વતંત્ર કબ્જા માલિકી હક્કે ચાલી આવેલ છે. સદર મિલ્કત ક્લીયર અને માર્કેટટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે.

જેથી નીચે દર્શાવેલ મિલ્કત અંગે કોઈપણ સદરહુ મિલ્કતમાં અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા, પેઢી, બેંક કે ખાનગી ફાઈનાન્સરનો માર્ગેજ હક્ક, ગીરો હક્ક, લાગભાગ હક્ક, હિત, હિસ્સો, લીયન હક્ક, સુખાધિકાર, માર્ગાધિકાર, ભરણપોષણનો હક્ક કે અન્ય કોઈ હક્ક હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૫(પંદર)માં અમોને યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અથવા અમોને રજી. પો. એડી.થી દસ્તાવેજી પુરાવા મોકલી આપવા અન્યથા ઉપયુક્ત સમયમર્યાદા દરમ્યાન કોઈ વાંધો મળી આવશે નહી તો તેવે વખતે હમારુ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલના તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મિલ્કતનો કાયદેસરનો રજીસ્ટાર્ડ વેચાણ દસ્તાવેજ સદર મિલ્કતના માલિક પાસેથી કરાવી લેશે. અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ વેચાણ અંગેની જાહેર નોટીશ રૂએ લાગતા વળગતાઓએ અને જાહેર જનતાએ નોંધ લેવી.

નોંધ : લેખિત દસ્તાવેજી પુરાવાઓ સિવાય કોઈપણ પ્રકારનો વાંધોઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**શિડ્યુલ**

વલસાડ ડીસ્ટ્રીક્ટની સબ-ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાના મોજે ''સંજાણ'' ગ્રામ પંચાયત હદ્દ વિસ્તારમાં આવેલ ખેતી વાળી જમીન કે જેનો સર્વે નં.૨૭૩, જુનો સર્વે નં.૪૩/૭ વાળી ખેતી જમીન કે જેનું ક્ષેત્રફળ ૦૦ હે.-૧૭ આર.-૧૬ ચો.મી. યાને કે ૧૭૧૬.૦૦ ચો.મી. તથા સર્વે નં. ૩૫૯, જુનો સર્વે નં. ૪૩/૧૧ વાળી ખેતી જમીન કે જેનું ક્ષેત્રફળ ૦૦ હે.-૬૬ આર.-૬૬ ચો.મી. યાને કે ૬૬૬૬.૦૦ ચો.મી. તથા સર્વે નં.૪૦૫, જુનો સર્વે નં.૩૮/૮ વાળી ખેતી જમીન કે જેનું ક્ષેત્રફળ ૦૦ હે.-૨૯ આર.-૮૨ ચો.મી. યાને કે ૨૯૮૨.૦૦ ચો.મી. તથા સર્વે નં.૪૧૧, જુનો સર્વે નં.૩૮/૯ વાળી ખેતી જમીન કે જેનું ક્ષેત્રફળ ૦૦ હે.-૧૬ આર.-૮૩ ચો.મી. યાને કે ૧૬૮૩.૦૦ ચો.મી. બધા જ સર્વે નંબર મળીને કુલ્લે ક્ષેત્રફળ ૦૧ હે.-૩૦ આર.-૪૭ ચો.મી. યાને કે ૧૩૦૪૭.૦૦ ચો.મી. વાળી સ્થાવર મિલ્કતને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સહિત તથા આવવા જવાના રસ્તાના વપરાશના કાયમી આજીવન હક્કો સહીતની મિલ્કત.

**ઓફીસ : ૧૦૫, નારાયણ ચેમ્બર,
કેફે બનાનાની પાસે, હોટલ અમીરસની પાછળ,
ગુંજન, જીઆઈડીસી, વાપી, તા.વાપી,
જી.વલસાડ, મો.૯૬૩૮૯૦૯૩૬૮
વેચાણ લેનારની સહી
સહી/-**

**હમારા અસીલની સુચનાથી
સહી/-
(ભવદીપ એમ. કાતરીયા)
તે મિલ્કત ખરીદનારના એડવોકેટ**

### PUBLIC NOTICE

Notice is hereby given to all the concerned that, my Client SHRI NITESH RAMA, R/o. 3/251, Kharawad, Awala Falia, Nani Daman-396210, intends to purchase Non Agriculture Land situated in the District of Daman, Sub-District of Daman i.e., Survey No.68, admeasuring 2100 Sq. Meter, situated at Village Varkund, Daman from its recorded lawful owner TRUPTI DHEERAJLAL DHANANI. Thus she claims and assures that she is the absolute and lawful owner and is in possession of the said Land and the title of the said Land is clear and marketable.

Therefore, if anybody is having any right, claim, title or interest whatsoever in the said Land or any part thereof is hereby called upon by this notice to lodge his/her/its claim, if any, with documentary proof to the undersigned within SEVEN (07) DAYS from the date of publication of this notice, failing which my client will presume that nobody has any right, claim, title or interest in the said Property, and if any, has abandoned the same and after completing the required legal procedure by said owner, my client will complete the sale transaction with the said Owner after notice period which may please be noted.

**Date: 16-10-2026
Address :-
Shivam Plaza, 1st Floor,
Kavi Khabardar Marg,
Nani Daman (U.T.)**

**Sd/-
(Sanjeev S. Bhatt)
Advocate**

**33 Acre NA Land**
Available on Lease
AT SANJAN-GUJ.
Ideal for warehousing, Industrial activities
In the middle of Umbergaon, Sarigam, Vapi Industrial Belt & ICD TUMB
Call : +91 91379 60097
sahilchaurasia2105@gmail.com

### ભારત સરકાર
### પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય
### HSM વિભાગ

**વિષય : પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના જોખમી પદાર્થો વ્યવસ્થાપન વિભાગના 24x7 કટોકટી નિયંત્રણ રૂમમાં સંપૂર્ણ કરાર આધારિત ચાર (૦૪) યુવા વ્યાવસાયિકોની નિમણૂક માટેની જાહેરાત.**

ભારત સરકાર, નવી દિલ્હીના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળના જોખમી પદાર્થો વ્યવસ્થાપન (HSM) વિભાગના 24x7 કટોકટી નિયંત્રણ રૂમમાં સંપૂર્ણ કરાર આધારિત ચાર (૦૪) યુવા વ્યાવસાયિકોની જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ જગ્યા માટેનો પગાર દર મહિને રૂા. ૭૦,૦૦૦/- ની સંયુક્ત ફી હશે. ખાલી જગ્યા પરિપત્રની સંપૂર્ણ વિગતો પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની વેબસાઈટ www.moef.nic.in પર 'ભરતી' લિંક હેઠળ ઉપલબ્ધ છે.

અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ આ જાહેરાતના પ્રકાશનની તારીખથી ૨૧ દિવસ છે. **CBC 13101/11/0016/2627**

### ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે :-

વલસાડ જીલ્લાના પારડી તાલુકાના મોજે 'સોનવાડા' ગામે ખાતા નં. 849 થી ચાલી આવતી હેઠળ વર્ણવેલ ખેડખાતાની :-

| જુનો સર્વે નંબર | રી-સર્વે નંબર | હે. | આરે | પ્રતિઆરે | આકાર રૂા. પૈસા |
|---|---|---|---|---|---|
| 400/પૈકી 2 | 1510 | 00 | 46 | 98 | 00.90 |
| 399/1/પૈકી 2 | 1485 | 00 | 29 | 82 | 01.10 |
| 398/પૈકી 2 | 1481 | 00 | 43 | 08 | 00.70 |

વાળી જમીન આવેલી છે. જે જમીન સરકારી રેકર્ડ દફતરે 'ધીમંત દિલીપભાઈ દેસાઈ', રહે. સોનવાડા, દેસાઈ ફળિયા, તા.પારડી, જી.વલસાડ ના નામે માલીક તરીકે ચાલી આવેલી છે, જેમણે મજકુર સર્વે નંબરોવાળી જમીન તેમની માલીકી તથા કબજા ભોગવટાની હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. અગર જો મજકુર સર્વે નંબરોવાળી જમીનોમાં ઉપરોકત માલીક સિવાય અન્ય કોઈ વ્યકિત, પેઢી કંપની કે અન્ય નાણાંકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગ, ભાગ, દરદાવો, બોજો કે લીયન હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-07 માં તેવા હકક દાવાઓ સંબંધી દસ્તાવેજી પુરાવાઓ હમોને હમારી ઓફીસે મોકલી આપવા, નહિતર સદરહુ મુદત વિતેથી સદરહુ સર્વે નંબરોવાળી જમીનોમાં ઉપરોકત માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ કે હકક, હિસ્સો નથી અથવા હોય તો તે જતા કરેલા છે, એવું માની ઉપરોકત સર્વે નંબરોવાળી જમીનોનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા અસીલ ઉપરોકત માલીક પાસેથી તેમના લાભમાં કરાવી લેશે. અને ત્યારબાદ ઉપરોકત સર્વે નંબરોવાળી જમીનોનાં હકક, દાવા સંબંધી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. 16/10/2026
સરનામું: મુાં. 'એ' સોના દર્શન
પહેલે માળે, ને.હા.નં. 48,
કિલ્લા- પારડી, તા. પારડી,
જી. વલસાડ. મોબાઈલ- 9825143206

લિ,
પ્રશાંત જવાહરલાલ દેસાઈ
તે
જમીન ખરીદ કરનારનાં એડવોકેટ

### TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૯:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૯/૧૦/૨૦૨૬ સોમવાર | કલા | ૧૫ MVA TR-૧ | **૬૬/૧૧ કેવી કલા સબસ્ટેશનના બધા ગામો/વિસ્તારો:** ખેરડી ખાડીપાડા, ખેરડી કાશપાડા, ખેરડી ખુંભારપાડા **એક્સપ્રેસ ફીડર્સ:** ૧૧ કેવી અમી પોલિમર, ખેરડી રૂરલ ફીડર, એયુડીએએક્ષ યુનિટ-૧, છડવા પ્લાસ્ટિક, સુદર્શન મિન્કેમ, કિરણ સ્પિનિંગ, આરતી સર્ફેક્ટન્ટ્સ, ગ્લોબલ વિન્ડ પાવર |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

### TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૩૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૧-૧૦-૨૦૨૬ બુધવાર | સિલ્લી | ૧૧ કેવી ડોકમાડી-૨ | ડોકમાડી વિસ્તાર, રેકોલિન સિન્ટેક્સ, રેકોલિન નિટીંગ, આકાશ માર્બલ, કમલ કાર્બોયઝ, ખેમીસાટી, વિનાયક પ્લાસ્ટિક, પ્રીસીઝન વાયર, શ્રીજી વેરહાઉસ, એસી એસટુઝન |
| ૨૨-૧૦-૨૦૨૬ ગુરૂવાર | રખોલી | ૧૧ કેવી રખોલી-૧ | મધુબન ગલી, ઈએમએમબીઆઈ ઈન્ડ. લિ.-એચટી, ઈએમએમબીઆઈ પોલી યાર્ન્સ લિ.૧, ઈએમએમબીઆઈ પોલી યાર્ન્સ લિ.૨, ટેકફેબ ઈન્ડિયા, કાઈટેક ઈન્ડ, એસ.આર. નિટીંગ-એચટી, બેયર ક્રોપ સાયન્સ લિ., રેયાન પ્લાસ્ટ, પ્લેટિનમ કટિંગ |
| ૨૩-૧૦-૨૦૨૬ શુક્રવાર | સિલ્લી | ૧૧ કેવી ઉમરકુઈ-૧ | યુડી ફાર્મા, આદિત્ય-ટેક, ગેયોલીન, જેકસન, ફલાંદી ગાર્ડીપાડા, અથોલા બારીપાડા, અથોલા તુરીફળિયા, અથોલા ડુંગરીફળિયા, નંદન ઈમ્પેક્સ, એલડી, એસએ ફાર્મા, એસએમએસ સ્કૂલ, સુભાંગ કેપ્સાસ, ફલાંદી ભંવરપાડા |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**ટેરેસ ગળે છે ??**



**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**




**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ**
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond · dinesh suiting · Siyaram's · DONEAR · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**



**ખાળ કુવાની સફાઈ**
**खार कुवे की सफाई**
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Saturday 17, October 2026

# દમણગંગા ટાઇમ્સ

## ચીખલીમાં ગાંજા સાથે ઝડપી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૧૬ :** ચીખલી ઉગમણા ફળિયા ખાતે અમદાવાદથી મુંબઈ જતાં ટ્રેકના સર્વિસ રોડની બાજુમાં કુંવરબેન નગીનભાઈ રાઠોડની લારીની બાજુમાં આવેલ પતરાના શેડની નીચે એક મહિલા સંગીતા પ્રવીણ પટેલ રહે. અરવાડા ગોરગામ તા.જી. વલસાડ પડીકી બનાવીને વનસ્પતિ જન્ય ગાંજો વેચતા હોય પોલીસે સ્થળ ઉપર જઈને તપાસ કરતા તેની પાસેથી ગાંજો કુલ નંગ ૯૭ પડીકી જેનું વજન ૩૦૫.૯૭ ગ્રામ કિંમત રૂપિયા ૧૫.૨૯૮ તેમજ એક નંગ મોબાઈલ કિંમત રૂા.૫,૦૦૦ તથા હોન્ડા કંપનીની ડીઓ મોપેડ ગાડી નંબર gj 15 dq 4958 જેની કિંમત રૂપિયા ૧૫૦૦૦ મળી કુલ રૂપિયા ૩૫.૨૯૮નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.



## વાપી ગુંજનના શિવમ હોલમાં દુર્ગાપૂજા મહોત્સવ

વાપી ગુંજન સ્થિત શિવમ હોલ ખાતે બંગાળી સમાજ દ્વારા દુર્ગાપૂજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હોલને રંગબેરંગી લાઈટો અને ફૂલોથી શણગારવામાં આવ્યો છે. માતા દુર્ગાની વિશાળ અને આકર્ષક પ્રતિમાની સ્થાપના કરી ભક્તિભાવ સાથે પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. મંત્રોચ્ચાર વચ્ચે વાતાવરણ ભક્તિમય બન્યું છે. દરરોજ સાંજે આરતી, ભજન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થાય છે. મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી રહ્યા છે.

## ભીમપોરની કંપનીમાં ભઠ્ઠીમાં બ્લાસ્ટ : પાંચ કામદાર દાઝયા









(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૧૬ :** ભીમપુરના પંચાલ ઉદ્યોગ નગરમાં આવેલી સાઈ ટ્રેડિંગ કંપનીમાં શુક્રવારે સાંજે ભઠ્ઠીમાં વિસ્ફોટ થતાં પાંચ કામદારો ઘાયલ થયા હતાં. કામદારો પીગળેલા લોખંડથી દાઝી ગયા હતાં. તમામ ઘાયલોને વાપીના હરિયા અને દમણની નમો હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ સાઈ ટ્રેડિંગ કંપની માઈલ્ડ સ્ટીલના ઈંગોટ્સ (લોખંડ અને સ્ટીલના ઘન બ્લોક્સ) બનાવે છે. આ માટે ભંગાર અને અન્ય લોખંડની સામગ્રી ભઠ્ઠીમાં ઓગાળીને ઘન બ્લોક્સ બનાવવામાં આવે છે. શુક્રવારે સાંજે, ભઠ્ઠીમાં લોખંડ ઓગાળવામાં આવી રહ્યો હતો ત્યારે અચાનક વિસ્ફોટ થયો હતો. જેના પરિણામે પીગળેલા લોખંડથી પાંચ કામદારો દાઝી ગયા હતાં.

અકસ્માતની માહિતી મળતાં ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી અને આગને કાબુમાં લીધી હતી. શ્રમ વિભાગ અને પોલીસની ટીમો પણ ઘટના સ્થળે પહોંચી હતી. સંબંધિત વિભાગો હાલમાં અકસ્માતના કારણની તપાસ કરી રહ્યા છે.

## વાપીમાં GIS આધારિત મિલકત સર્વે હાથ ધરાશે

### વેરાનું બિલ, વીજળીનું બિલ અને ઈન્ડેક્સ કોપી જેવા દસ્તાવેજો તૈયાર રાખવા નાગરિકોને અપીલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૬ :** વાપી શહેરના સુઆયોજિત અને આધુનિક વિકાસને વેગ આપવા વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં 'અર્બન એટલાસ પ્રોજેક્ટ' અંતર્ગત GIS આધારિત મિલકત સર્વે હાથ ધરવામાં આવશે. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા નાણાં વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશ, ગાંધીનગર દ્વારા આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે.

પ્રોજેક્ટની કામગીરી માટે એમનેક્સ ઈન્ફોટેક્નોલોજીસ પ્રા.લિ. કંપનીની નિમણૂક કરવામાં આવી છે. આ સર્વે અંતર્ગત વાપી શહેરની મિલકતો, જાહેર ઉપયોગિતાઓ અને વિવિધ શહેરી સંપત્તિઓની વિગતો એકત્રિત કરીને GIS આધારિત ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે. આ ડેટાબેઝના આધારે ભવિષ્યમાં શહેરી આયોજન, માળખાકીય સુવિધાઓના વિકાસ અને નાગરિકલક્ષી સેવાઓનું વધુ સુવ્યવસ્થિત આયોજન કરવામાં મદદ મળશે.

સર્વે કામગીરી દરમિયાન કંપનીના અધિકૃત કર્મચારીઓ મહાનગરપાલિકાના વિવિધ વોર્ડમાં જઈને મિલકતોની વિગતો એકત્રિત કરશે. મિલકતની ઓળખ અને વિગતોની ખરાઈ માટે જરૂરિયાત મુજબ મિલકત વેરાનું બિલ, વીજળીનું બિલ તથા મિલકતની ઈન્ડેક્સ કોપી જેવા સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવી શકે છે. તેથી નાગરિકોને આ દસ્તાવેજો તૈયાર રાખવા અપીલ કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે કે સર્વે દરમિયાન એકત્રિત કરવામાં આવતી માહિતીનો ઉપયોગ પ્રોજેક્ટના અધિકૃત હેતુઓ માટે જ કરવામાં આવશે અને માહિતીની સુરક્ષા માટે જરૂરી તકેદારી રાખવામાં આવશે.

## હનુમાન ભાગડામાં બાઈક દીવાલમાં અથડાતાં ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૬ :** વલસાડ નજીકના હનુમાન ભાગડાના બોરખડા ફળિયામાં રહેતા મનીષભાઈ અજયભાઈ રાઠોડ (ઉ.વ. ૩૧) પોતાની બજાજ પલ્સર બાઈક નંબર GJ-05-LB-2565 લઈને હનુમાન ભાગડા, ભગત ફળિયા, અનંત આર્ટ સામેથી પસાર થઈ રહ્યા હતાં. તે દરમિયાન બાઈક બેકાબૂ બની કમ્પાઉન્ડની દીવાલ સાથે જોરદાર રીતે અથડાઈ હતી.

અકસ્માતને પગલે મનીષભાઈને માથાના ભાગે ગંભીર હેમરેજ તેમજ બંને ખભાના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં સ્થાનિકો એકત્રિત થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક કસ્તુરબા હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. હોસ્પિટલમાં ફરજ પરના તબીબો દ્વારા સારવાર ચાલુ કરવામાં આવી હતી, પરંતુ માથાના ભાગે થયેલી ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન બપોરે ૨:૪૭ વાગ્યાના સુમારે તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. મૃતક પોતાના પરિવારમાં પત્ની રચનાબેન, વૃદ્ધ માતા તેમજ એક ૫ વર્ષની પુત્રી અને ૫ મહિનાનો પુત્ર છોડી ગયા છે. આ બનાવ સંદર્ભે મૃતકના પત્ની રચનાબેન રાઠોડે વલસાડ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## આલીપોરમાં યુવકની લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૧૬ :** ચીખલી તાલુકાના આલીપોર ગામની સીમમાં પ્લાસ્ટિકના ગોડાઉનની બાજુમાં નહેર પાસે બપોરના સમયે એક યુવાન ની લાશ જોવા મળતા આ યુવાન કોણ રહ્યો છે તેની તપાસ કરતા મરનાર રાજુ સાલીકરામ કોટવાલ ઉ.વ. ૩૭ રહે. રેઠવાણીયા અલમુરાદ સોસાયટી રૂમ નંબર ૩૩નો હોવાનું બહાર આવતા પોલીસે તેના દીકરાને બોલાવી તપાસ કરતા રાજુભાઈ કોટવાલ છેલ્લા આઠેક મહિનાથી રખડતું ભટકતું જીવન ગુજારતો હોય અને કયા કારણોસર મરણ ગયો છે તેની ખબર ન હોવાનું જણાવ્યું હતુ મોતનું કારણ જાણવા ગનુભાઈ રાજુભાઈ કોટવાલના એ ચીખલી પોલીસને ફરિયાદ કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પી.એસ.આઈ. આર એન વાડલે હાથ ધરી છે.

## વાપી મનપાની ટાઉન પ્લાનિંગ સમિતિની બેઠકમાં વિકાસલક્ષી નિર્ણયો લેવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૬ :** વાપી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ સમિતિની બેઠક તા.૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સમિતિના ચેરમેન મીતલબેન કુંજલ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ શહેરના સુઆયોજિત વિકાસને વેગ આપવા વિવિધ વિકાસલક્ષી દરખાસ્તો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં વિકાસ યોજનાને લગતી દરખાસ્તોને મંજૂરી આપી આગળની કાર્યવાહી માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત નાના પ્લોટધારકોને વિકાસ પરવાનગી મેળવવામાં સરળતા રહે અને પ્રક્રિયા ઝડપી બને તે માટે પણ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર, નાયબ મ્યુનિસિપલ કમિશનર, ટાઉન પ્લાનર, જુનિયર ટાઉન પ્લાનર, સમિતિના સભ્યો, સંબંધિત કર્મચારીઓ અને કન્સલ્ટન્ટ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં લેવાયેલા નિર્ણયો વાપી શહેરના ભાવિ આયોજન અને સુઆયોજિત વિકાસને નવી દિશા આપવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## વાઘલધરામાં બંધ મકાનમાંથી રૂા.૧.૪૪ લાખની મતા ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૬ :** વલસાડ તાલુકાના વાઘલધરા ગામના હોળી ફળિયામાં રહેતા અને ડીજીવીસીએલ નવસારી રૂરલ ડિવિઝનમાં ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કમલેશભાઈ જયંતીલાલ તલાવીયા ગત રાત્રે ૧૦ કલાકે તેમના પત્ની અને પુત્ર સાથે ઘરને તાળું મારી ફળિયામાં ચાલતા ગરબામાં ગયા હતાં. રાત્રિના સાડા બાર વાગ્યાની આસપાસ જ્યારે પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલી હાલતમાં નીચે પડેલું જોવા મળ્યું હતું.

ઘરનો આગળનો દરવાજો અંદરથી બંધ હોવાથી પાછળના દરવાજે જઈ તપાસ કરતા પાછળનો દરવાજો ખુલ્લો જણાયો હતો. ઘરમાં પ્રવેશતા જ સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. બેડરૂમમાં રાખેલા પતરાના કબાટના દરવાજા તોડીને તસ્કરો તેમાંથી આશરે ૭.૯૫ ગ્રામના સોનાની એક વીંટી, બે જોડી બુટ્ટી તથા એક પેન્ડલ કિંમત આશરે ૧ લાખ, ચાંદીના દાગીના ત્રણ જોડી સાંકળા અને બે ચેન - કિંમત રૂપિયા ૪૪,૦૦૦ની રોકડ રકમ મળી કુલ ૧.૪૪ લાખની મિલકત ચોરી કરી અજાણ્યા તસ્કરો નાસી છૂટ્યા હતાં. આ બનાવ અંગે કમલેશભાઈ તલાવીયાએ અજાણ્યા ચોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## દમણ કલેકટરાલય પાસે અકસ્માત : એકનું મોત






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૧૬ :** શુક્રવારે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ મોટી દમણમાં કલેક્ટર ઓફિસના મુખ્ય દરવાજા પાસે થયેલા માર્ગ અકસ્માતમાં ૭૨ વર્ષીય એક વૃધ્ધનું મોત થયું હતું અને એક મહિલા ઘાયલ થઈ હતી. ઘટનાસ્થળે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, કેતુકુમાર દત્તુભાઈ કામલી કાળા રંગની કાર (DD-03-M-6386) ખૂબ જ ઝડપે અને બેદરકારીથી ચલાવી રહ્યા હતાં. ફૂટબોલ ગ્રાઉન્ડ તરફથી આવતી કાર કલેક્ટર ઓફિસ પરિસરમાંથી બહાર નીકળતી પ્લેઝર મોપેડ (DD-03-N-2195) સાથે અથડાઈ હતી. ટક્કર બાદ, મોપેડ સવાર ગોપાલ બાગો ટંડેલ રસ્તા પર પડી ગયો અને કાર તેના પર ચડી ગઈ હતી. ગંભીર ઈજાઓથી તેનું મૃત્યુ થયું હતું. હોન્ડા એક્ટિવા ચલાવતી લક્ષ્મી ઉદય મિત્રા નામની એક મહિલા પણ આ અકસ્માતમાં ઘાયલ થઈ હતી.

અકસ્માતનો અવાજ સાંભળતાં જ, કલેક્ટર ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓ અને આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સનો ઉપયોગ કરીને નાની દમણના મારવાડ સ્થિત સરકારી નમો હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

આ અકસ્માત એટલો ગંભીર હતો કે કાર નજીકમાં પાર્ક કરેલા અન્ય વાહનોને પણ ટક્કર મારી ગઈ. અકસ્માતમાં હોન્ડા સિટી (DD-03-AM-0017), ક્રેટા (DD-03-M-1872), હોન્ડા એક્ટિવા (GJ-15-EB-6472) અને પ્લેઝર મોપેડ (DD-03-N-2195)ને પણ નુકસાન થયું હતું.

આ ઘટના બાદ, પોલીસ આરોપી ડ્રાઈવર અને ઘાયલ કારને જરૂરી કાનૂની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. મોટી દમણના કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ આ મામલાની વધુ તપાસ કરી રહી છે.

## દમણ જલારામ સોસાયટીમાં પોલીસે ગરબા રોકતા વિવાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૧૬ :** દમણના તીન બત્તી પાસે જલારામ સોસાયટીમાં નવરાત્રી ગરબા મહોત્સવ બંધ કરાવવાને લઈને વિવાદ થયો હતો. પોલીસે ગરબા મહોત્સવ બંધ કરવાનો આદેશ આપ્યા બાદ, આયોજક સિમ્પલ ટંડેલ સહિત મોટી સંખ્યામાં યુવાનો પોલીસ સ્ટેશન ગયા હતાં. ઘટનાની જાણ થતાં ભાજપના પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયા પણ ઘટના સ્થળે પહોંચ્યા હતાં. અહેવાલો અનુસાર રાત્રે ૯ વાગ્યે આરતી પછી ગરબા શરૂ થયા હતાં. લગભગ ૧૦ વાગ્યે પોલીસ સ્થળ પર પહોંચી અને ગરબા બંધ કરવાનો આદેશ આપ્યો હતો. આયોજક સિમ્પલ ટંડેલ અને ત્યાં હાજર યુવાનોએ વાંધો ઉઠાવ્યો અને મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતાં. આ બાબતની જાણ થતાં, નાયબ જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રિયાંશુ સિંહ ઘટના સ્થળે પહોંચ્યા અને આયોજક સિમ્પલ ટંડેલની વાત સાંભળી હતી. આયોજકે જણાવ્યું કે તેમણે છેલ્લા ૨૫ વર્ષથી ગરબા કાર્યક્રમ માટે પરવાનગી માંગી નથી, તો આ વખતે પરવાનગી અંગે પ્રશ્નો કેમ ઉભા થઈ રહ્યા છે.

અધિકારીઓએ સ્થળ પર મોટી ભીડ અને બહાર નીકળવાના રસ્તાઓના અભાવને કારણે સુરક્ષા ચિંતાઓ વ્યક્ત કરી હતી. અધિકારીઓ સાથે ચર્ચા કર્યા પછી, તેમને શુક્રવારે સવારે જિલ્લા કલેક્ટર સાથે મળવાનું કહેવામાં આવ્યું હતું.

જેના પગલે ભાજપના પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયાએ જિલ્લા કલેક્ટરને મળ્યા અને ગરબા મધરાત સુધી ચાલુ રાખવા વિનંતી કરી હતી. આ બાબતે આયોજકો અને વહીવટીતંત્ર વચ્ચે ચર્ચા થઈ હતી.

## બીલીમોરામાં બે બંધ મકાનોમાં તસ્કરો દાગીના, રોકડ ચોરી ગયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા પોલીસ ગરબા બંદોબસ્તમાં વ્યસ્ત છે. તેનો લાભ ઉઠાવી ઈકો કારમાં વહેલી સવારે તસ્કરો આવ્યા હતાં. સોમનાથ રોડ સ્થિત આલીપોરીયા સોસાયટીમાં રહેતા અને કંપનીમાં નોકરી કરતા સમીરભાઈ શાહ શુક્રવારે તેમની પુત્રીને વડોદરા મુકવા ગયા હતાં. તે વેળા મકાન મારુતિ ઈકો માં તસ્કરો આવ્યા હતાં અને મકાનનું તાળું તોડી પ્રવેશ્યા હતાં અને કબાટો તોડી સોનાની સાડા ત્રણ તોલાની કંઠી અને દોઢ તોલાનું મંગળસૂત્ર મળી પાંચ તોલાનાં દાગીના અને રોકડા રૂા. ૫૫ હજારની ચોરી કરી ગયા હતાં. તે અગાઉ સીસીટીવી ની તોડફોડ પણ કરી હતી. આ ઉપરાંત બીલીમોરા પશ્ચિમે ચીમોડિયા નાકા વુડ પોલીમર સામે એક બંધ મકાન નું તાળું તૂટ્યું હતું. મકાન માં રાચરચીલું વેરવિખેર કરી ગયા હતા. જોકે મકાન માલિક વિદેશમાં સ્થાયી હોવાથી ચોરીનો ચોક્કસ આંક જાણી શકાયો નથી. બીલીમોરા પોલીસએ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

## ઉમરગામમાં પાણીની સમસ્યાના ઉકેલવા ધારાસભ્યની સમીક્ષા બેઠક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૧૬ :** ઉમરગામ તાલુકામાં પાણી પુરવઠાને લગતી સમસ્યાઓના નિરાકરણ માટે ધારાસભ્ય રમણભાઈ પાટકરના નિવાસસ્થાને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ અને ૩૫થી વધુ ગ્રામ પંચાયતના સરપંચોની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.



બેઠકમાં નવી પાણીની ટાંકીઓની જરૂરિયાત, મુખ્ય પાઈપલાઈનનું સમારકામ તેમજ ગ્રામ પંચાયત કક્ષાએથી વિવિધ ફળિયાઓમાં પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડવાની સુવિધા સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. પાણી પુરવઠાને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને સંબંધિત કામગીરી એક મહિનાના સમયગાળામાં પૂર્ણ કરવા ધારાસભ્ય રમણભાઈ પાટકરે અધિકારીઓને તાકીદ કરી હતી. આ ઉપરાંત, બેઠકમાં ઉપસ્થિત સરપંચો અને તાલુકા પંચાયતના સભ્યોને ચર્ચા દરમિયાન નક્કી થયેલી કામગીરી સમયમર્યાદામાં થાય છે કે નહીં તેની નિયમિત દેખરેખ રાખવા અને કામગીરીની પ્રગતિ અંગે કાળજી લેવા સૂચના આપવામાં આવી હતી.

બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વાલવી, કારોબારી અધ્યક્ષ મનીષભાઈ પટેલ, તાલુકા સરપંચ સંઘના પ્રમુખ રાકેશભાઈ વાગાત, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય અને સંકલન સમિતિના સભ્ય મુકેશભાઈ પટેલ, સરીગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારી, વલસાડ જિલ્લા ભાજપનાં હોદ્દેદાર મયુરીબેન બારિયા સહિત વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો અને તાલુકા પંચાયતના સભ્યો નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપી શહેર અને જીઆઈડીસીમાં ટ્રાફિક સિગ્નલો કાર્યરત કરવાની જરૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૬ :** વાપી શહેર અને જીઆઈડીસી વિસ્તારમાં દિવસેને દિવસે વધી રહેલી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે મુખ્ય ચાર રસ્તાઓ, જંકશન અને ત્રણ રસ્તાના ક્રોસિંગ પર ફરીથી ટ્રાફિક સિગ્નલ શરૂ કરવાની માંગ ઉઠી છે.

વાપીશહેર અને જીઆઈડીસી તથા ગ્રામ્ય વિસ્તારમાં વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે ટ્રાફિકનું યોગ્ય નિયમન ન થવાને કારણે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

વર્ષો પહેલાં વાપીમાં ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે રેલવે અંડરબ્રિજ, મહાત્મા ગાંધી સર્કલ, પેપીલોન હોટલ નજીક, કોપરલી ચાર રસ્તા, તેમજ વાપી જીઆઈડીસીના પ્રાઈમ હોટલ સર્કલ વંદે માતરમ ચોક અંબે માતા મંદિર સર્કલ અને વીઆઈએના ચાર રસ્તાઓ અને ગુંજન વિસ્તારમાં ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યા હતાં. જોકે, રસ્તાઓના નવીનીકરણ સહિતનાં વિવિધ કારણોસર આ ટ્રાફિક સિગ્નલ હટાવી લેવામાં આવ્યા હતાં. ત્યારબાદ ટ્રાફિક વ્યવસ્થાની જવાબદારી મુખ્યત્વે ટ્રાફિક પોલીસ, હોમગાર્ડ અને ટીઆરબી જવાનોના ભરોસે રહી છે.

હાલમાં શહેરના મુખ્ય માર્ગો અને જંકશન પર વાહનોની વધતી અવરજવર વચ્ચે ટ્રાફિકનું નિયમન કરવું પડકારજનક બની રહ્યું છે. ખાસ કરીને વહેલી સવારમાં અને સાંજે પાંચથી આઠ કલાક દરમિયાન વાહનોની વધુ અવરજવર ધરાવતા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાને કારણે વાહનચાલકોનો સમય બગડે છે અને અકસ્માતની શક્યતાઓ પણ વધી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર, વાપી જીઆઈડીસી નોટિફાઈડ બોર્ડ અને વાપી ટ્રાફિક પોલીસ વિભાગ સંકલન કરીને વાપી પંથક ના મુખ્ય જંકશનો પર ટ્રાફિક સિગ્નલ ફરી શરૂ કરવા માટે તાત્કાલિક પગલાં ભરે તેવી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકો માંગ કરી રહ્યા છે.

## વાપીમાં ફેક ઈન્સ્ટા. આઈડી બનાવી મહિલાના બિભત્સ ફોટો વાયરલ કર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૬ :** વાપીના છરવાડા વિસ્તારમાં રહેતી એક પરિણીતાના ફોટાનો દુરુપયોગ કરી સાયબર હેરાનગતી આચરવાનો કિસ્સો સામે આવ્યો છે.

પ્રાપ્ત ફરિયાદ મુજબ કોઈ અજાણ્યા ઈસમે પાંચથી વધુ બોગસ ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ફરિયાદીના પરિવારના ફોટા એડિટ કરી અશ્લીલ રીતે વાયરલ કર્યા હતા. આરોપીએ ફરિયાદીના દિયર અને સસરા સાથે ચુંબન કરતા હોય તેવા બિભત્સ ફોટા બનાવી વાયરલ કર્યા હતાં. એટલું જ નહીં ફરિયાદીની સગીર દીકરીઓ અને પતિના ફોટા પર પણ અશ્લીલ ભાષામાં કોમેન્ટ કરી ફેક આઈડીમાં અપલોડ કર્યા હતાં. જેનાથી તેમની સામાજિક આબરૂને હાનિ પહોંચી છે. ફરિયાદીએ આ અંગે ઈન્સ્ટાગ્રામમાં રિપોર્ટ કર્યા બાદ ૧૯૩૦ હેલ્પલાઈન અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તમામ ફેક આઈડી - સહિત ૫ આઈડીની તપાસ શરૂ કરી છે. બિભત્સ કોમેન્ટના સ્ક્રીનશોટ પુરાવા તરીકે રજૂ કરાયા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**